અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૧ મે ૨૦૨૫, રવિવાર
વિક્રમ સંવત ૨૦૮૧, વૈશાખ સુદ ૧૪

વર્ષ : ૧૬
અંક : ૩૦૮

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**વિદેશ સચિવે કહ્યું હવે નહીં થાય હુમલા**

### ભારત અને પાકિસ્તાનના DGMO વચ્ચે થયેલી વાતચીત બાદ ગોળીબારી રોકવાનો નિર્ણય લેવાયો હતો : આગામી બ્રીફિંગ ૧૨ મેના રોજ થશે

# ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ જાહેર કરાયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

પહેલગામ આતંકી હુમલા અને ભારતના ઓપરેશન સિંદૂર બાદ બંને દેશો વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે મોટા સમાચાર સામે આવ્યા છે. ભારત-પાકિસ્તાનના DGMO વચ્ચે થયેલી વાતચીત બાદ ગોળીબારી રોકવાનો નિર્ણય લેવાયો છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે હવે યુદ્ધવિરામ છે. આ માહિતી આપતાં વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ જણાવ્યું હતું કે આજે બપોરે ૩.૩૫ વાગ્યે બંને દેશોના ડીજીએમઓ વચ્ચે વાતચીત થઈ હતી. એવું નક્કી કરવામાં આવ્યું હતું કે બંને દેશો સાંજે ૫ વાગ્યાથી હવા, પાણી અને જમીન પર હુમલા તાત્કાલિક બંધ કરશે. આજે. આ સાથે જ બંને દેશો વચ્ચે યુદ્ધવિરામની ઘોષણા કરવામાં આવી છે. મિશ્રીએ કહ્યું કે ૧૨ મેના રોજ બંને દેશોના અધિકારીઓ આગળની રણનીતિ પર ચર્ચા કરશે. પાકિસ્તાનના ઉપપ્રધાન મંત્રીનું નિવેદન, બોલ્યા- અમે તાત્કાલિક અસરથી યુદ્ધ વિરામ પર સંમત છીએ, પાકિસ્તાનના ઉપ યુદ્ધ અને વિદેશ મંત્રી ઈશાક ડારે ટ્વીટ કર્યું, "પાકિસ્તાન અને ભારત તાકીદે વિરામ પર સંમતિ આપી છે. પાકિસ્તાન હંમેશા તેની સંપ્રભતા અને ક્ષેત્રીય અખંડતા આ ક્ષેત્રમાં શાંતિ અને સુરક્ષા માટે વિનામૂલ્યે પ્રયાસ કર્યો છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે હવે યુદ્ધવિરામ છે. આ માહિતી આપતાં વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ જણાવ્યું હતું કે આજે બપોરે ૩.૩૫ વાગ્યે બંને દેશોના ડીજીએમઓ વચ્ચે વાતચીત થઈ હતી. એવું નક્કી કરવામાં આવ્યું હતું કે બંને દેશો સાંજે ૫ વાગ્યાથી હવા, પાણી અને જમીન પર હુમલા તાત્કાલિક બંધ કરશે. આજે. આ સાથે જ બંને દેશો



વચ્ચે યુદ્ધવિરામની ઘોષણા કરવામાં આવી છે. મિશ્રીએ કહ્યું કે ૧૨ મેના રોજ બંને દેશોના અધિકારીઓ આગળની રણનીતિ પર ચર્ચા કરશે.

તમને જણાવી દઈએ કે અમેરિકાની મધ્યસ્થી હેઠળ લાંબી વાતચીત બાદ ભારત અને પાકિસ્તાન યુદ્ધવિરામ પર સંમત થયા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ અંગે ટ્વિટ કર્યું છે. આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે સરહદ પર સતત ડ્રોન હુમલા, ગોળીબાર અને તણાવપૂર્ણ પરિસ્થિતિઓ હતી, જેના કારણે પ્રાદેશિક અને વૈશ્વિક સ્તરે ચિંતા વધી ગઈ હતી. તમને જણાવી દઈએ કે અમેરિકાની મધ્યસ્થી હેઠળ લાંબી વાતચીત બાદ ભારત અને પાકિસ્તાન યુદ્ધવિરામ પર સંમત થયા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ અંગે ટ્વિટ કર્યું છે. આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે સરહદ પર સતત ડ્રોન હુમલા, ગોળીબાર અને તણાવપૂર્ણ પરિસ્થિતિઓ હતી, જેના કારણે પ્રાદેશિક અને વૈશ્વિક સ્તરે ચિંતા વધી ગઈ હતી. ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ બાદ કોંગ્રેસે સર્વપક્ષીય બેઠક અને સંસદનું ખાસ સત્ર બોલાવવાની માંગ કરી છે. કોંગ્રેસના નેતા જયરામ રમેશે ઠ પરની એક પોસ્ટમાં લખ્યું છે કે, વોશિંગ્ટન ડીસીથી આવી રહેલી અભૂત પૂર્વ જાહેરાતોના સંદર્ભમાં હવે એ રાષ્ટ્રીય જરૂરિયાત બની ગઈ છે કે વડાપ્રધાન સર્વપક્ષીય બેઠકની અધ્યક્ષતા કરે અને દેશના રાજકીય પક્ષોને વિશ્વાસમાં લે, જેથી આ સંકટની ઘડીમાં રાષ્ટ્રીય હિતોનું રક્ષણ થઈ શકે. છેલ્લા અઢાર દિવસની ઘટનાઓ -ખાસ કરીને પહેલગામમાં થયેલા બર્બર આતંકવાદી હુમલા પછીની પરિસ્થિતિ પર વિગતવાર ચર્ચા કરવા અને આગળનો માર્ગ નક્કી કરવા માટે સંસદનું ખાસ સત્ર તાત્કાલિક બોલાવવું જોઈએ, જેથી દેશ એક થઈ શકે અને તેનો સામૂહિક સંકલ્પ પ્રદર્શિત કરી શકે.

## ઓપરેશન સિંદૂર પર ફિલ્મની જાહેરાત બાદ લોકોનો વિરોધ

। નવીદિલ્હી, તા.૧૦ ।

પહલગામ આતંકવાદી હુમલાના જવાબમાં ભારતીય સેના દ્વારા કરવામાં આવેલા ઓપરેશન સિંદૂર પર બનેલી પ્રથમ ફિલ્મનું પોસ્ટર બહાર પાડવામાં આવ્યું હતું. પરંતુ હવે આ પોસ્ટ ડિલીટ કરી દેવામાં આવ્યું છે. ફિલ્મના પોસ્ટરમાં આર્મી યુનિફોર્મ પહેરેલી એક મહિલા ખૂબ જ આત્મવિશ્વાસથી કપાળ પર સિંદૂર લગાવતી જોવા મળે છે. જાણીતા ફિલ્મ પ્રોડ્યુસર જેકી ભગનાનીના પિતરાઈ ભાઈ વિકી ભગનાની અને નિક્કી ભગનાનીએ ઓપરેશન સિંદૂર ફિલ્મની જાહેરાત કરી હતી. આ ફિલ્મ નિક્કી વિક્કી ભગનાની ફિલ્મ્સ અને ધ કન્ટેન્ટ એન્જિનિયર પ્રોડક્શન્સના બેનર હેઠળ બનાવવામાં આવશે. જેનું દિગ્દર્શન નીતિન કુમાર ગુપ્તા અને ઉત્તમ મહેશ્વરી કરશે. ઓપરેશન સિંદૂર પર આધારિત આ ફિલ્મનું પોસ્ટર માનવ મંગલાણીએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર શેર કર્યું હતું. પરંતુ ભારે વિરોધ થતા બાદમાં તેને ડિલીટ કરી દેવામાં આવ્યું હતું. લોકોએ આ પોસ્ટરનો વિરોધ કરતા નિક્કી ભગનાનીએ માફી માંગી હતી અને લખ્યું હતું કે, ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે આ ફિલ્મની જાહેરાત ન કરાવી જોઈએ, આ પૈસા અને ફેમ કમાવવાનો સમય નથી.

### વિક્રમ મિસરીએ પાકને બેનકાબ કર્યું

## સિરસા-સૂરતગઢ એરબેઝ સુરક્ષિત, S-400ને કોઈપણ નુકસાન નહીં

### વિદેશ મંત્રાલયની પ્રેસ કોન્ફરન્સમાં, વિદેશ સચિવ વિક્રમ મિસરીએ કહ્યું કે પાકિસ્તાન ખોટી માહિતી ફેલાવી રહ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે વિદેશ મંત્રાલયની પ્રેસ કોન્ફરન્સમાં, વિદેશ સચિવ વિક્રમ મિસરીએ કહ્યું કે પાકિસ્તાન ખોટી માહિતી ફેલાવી રહ્યું છે. તેણે ભારતીય જી-૪૦૦ સિસ્ટમનો નાશ કરવાનો અને સુરતગઢ અને સિરસાના એરપોર્ટનો નાશ કરવાનો ખોટો દાવો કર્યો છે. ભારત પાકિસ્તાન દ્વારા ફેલાવવામાં આવી રહેલા આ ખોટા દાવાઓને સ્પષ્ટપણે નકારી કાઢે છે. વિક્રમ મિસરીએ વધુમાં જણાવ્યું હતું કે પાકિસ્તાની સરકારી એજન્સીઓ તેમની સેના દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓ વિશે



સતત ખોટા દાવાઓને પ્રોત્સાહન આપી રહી છે. દેશમાં વિવિધ લશ્કરી સ્થાપનો પર હુમલો કરીને નાશ કરવાના તેમના દાવા સંપૂર્ણપણે ખોટા છે. વિક્રમ મિસરીએ પ્રેસ કોન્ફરન્સની શરૂઆતમાં કહ્યું કે છેલ્લા બે-ત્રણ બ્રીફિંગમાં અમે કહ્યું છે કે પાકિસ્તાન દ્વારા ઉશ્કેરણીજનક પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. આ સમય દરમિયાન ભારતે પાકિસ્તાનને જોરદાર જવાબ આપ્યો છે. છેલ્લા ૨-૩ દિવસથી પાકિસ્તાનની પ્રવૃત્તિને ઉશ્કેરણીજનક માનવામાં આવી રહી છે. આના જવાબમાં, ભારત સંપૂર્ણ જવાબદારી સાથે જવાબ આપી રહ્યું છે. ભારત દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી હતી કે તમામ લશ્કરી કાર્યવાહી ફક્ત આતંકવાદી ઠેકાણાઓ અને લશ્કરી સંપત્તિઓ સામે જ કરવામાં આવી હતી, જ્યારે પાકિસ્તાન તેના તરફથી નાગરિકોનો ઢાલ તરીકે ઉપયોગ કરીને જોખમમાં મૂકી રહ્યું છે.

### પાકિસ્તાનની મોટી કબૂલાત

## ભારત પર ચીનની પીએલ-૧૫ મિસાઇલથી કર્યો હતો હુમલો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

પાકિસ્તાને ભારત પર હુમલા માટે ચીનના લાંબા અંતરની પીએલ-૧૫ મિસાઈલનો ઉપયોગ કર્યો હોવાની વાતનો સ્વીકાર કર્યો હતો. પાકિસ્તાની વાયુસેનાએ જણાવ્યું, તેમણે ભારતે પાકિસ્તાન તથા પીઓકેમાં નવ આતંકી શિબિરને નાશ કર્યા બાદ જવાબ આપવા ચાઈનીઝ પીએલ-૧૫ મિસાઈલનો ઉપયોગ કર્યો હતો.આ કબૂલાત કોઈપણ દેશ દ્વારા પીએલ-૧૫ મિસાઈલનો બે દેશ વચ્ચે તણાવમાં પ્રથમ વખત ઉપયોગ થયાની પુષ્ટિ કરે છે. ચીનની મિસાઈલનો આ પહેલા કોઈ યુદ્ધમાં ઉપયોગ થયો નહોતો. પીએલ ૧૫ એક રડાર નિર્દેશિત, લાંબા અંતરની હવાથી હવામાં જ પ્રહાર કરતી મિસાઈલ છે. તેની મારક ક્ષમતા ૨૦૦ કિમીથી વધારે છે અને તેને દુશ્મના વિમાનો માટે મોટો ખતરો માનવામાં આવે છે.પાકિસ્તાનની કબૂલાત બાદ ગુરુવારે પંજાબના



હોશિયારપુર અને બઠિંડા જિલ્લામાંથી મળેલો મિસાઈલન કાટમાળ પીએલ-૧૫નો હોવાની શક્યતા છે. ભારતની મજબૂત સુરક્ષા સિસ્ટમે આ મિસાઈલને હવામાં જ તોડી પાડી હતી. પીએલ-૧૫ તેની ખાસ વિશેષતાઓ માટે જાણીતી છે અને તેને ભારતના ડીઆરડીઓ દ્વારા વિકસિત એસ્ટ્રા એર-ટુ-એર મિસાઈલ સાથે તુલના કરવામાં આવે છે. તાજેતરમાં ચીન દ્વારા તે પાકિસ્તાનને આપવામાં આવી હતી.. એક સંરક્ષણ વિશ્લેષકે જણાવ્યું હતું કે પીએલ-૧૫ ખૂબ જ લાંબા અંતરની ચીની મિસાઈલ છે.

### ભારતીય સેનાએ જાહેર કર્યો નવો વીડિયો

## ભારતીય સેનાએ નેસ્તનાબૂદ કર્યા આતંકીઓના લોન્ચ પેડ

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૦ ।

ભારતીય સેનાનું ઓપરેશન સિંદૂર સતત ચાલી રહ્યું છે. ૭ મેની રાત્રે પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં ૯ સ્થળોએ હવાઈ હુમલા કરીને લશ્કર, જૈશ અને હિઝબુલ મુજાહિદ્દીનના આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યા પછી ભારતીય સેનાએ હવે સરહદ નજીક સ્થિત આતંકવાદી લોન્ચ પેડનો નાશ કરવાનું શરૂ કરી દીધું છે. ભારતીય સેનાએ આતંકવાદીઓના ઠેકાણાઓનો નાશ કરવાનો એક નવો વીડિયો જાહેર કર્યો છે. આ વીડિયોના બ્રેકગ્રાઉન્ડમાં કદમ કદમ બઢાયે જા, ખુશી કે ગીત ગયે જા...' ગીત વાગી રહ્યું છે અને ભારતીય સૈનિકો ભારે તોપમારોથી પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આતંકવાદીઓના ઠેકાણાઓને એક પછી એક નેસ્તનાબૂદ કરી રહ્યા છે. વીડિયોના કેપ્શનમાં લખ્યું છે, ભારતીય સેનાએ આતંકવાદી લોન્ચપેડનો નાશ કર્યો. ૦૮ અને ૦૯ મે ૨૦૨૫ની રાત્રે જમ્મુ અને કાશ્મીર અને પંજાબના અનેક શહેરોમાં પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ડ્રોન હુમલાના પ્રયાસના જવાબમાં ભારતીય સેનાએ આતંકવાદી લોન્ચપેડ પર હુમલો કર્યો અને તેમને નષ્ટ કરી દીધા.

### ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે રેલવેનો મોટો નિર્ણય

## સરહદી વિસ્તારોમાં રાત્રે નહીં દોડે ટ્રેનો

। (એજન્સી)નવી દિલ્હી, તા.૧૦ ।

ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે રેલવેએ આજે એક મોટો નિર્ણય લીધો છે. જે અંતર્ગત પાકિસ્તાનને અડીને આવેલા જમ્મુ અને પંજાબના સરહદી વિસ્તારોમાં રાત્રે ટ્રેનો દોડશે નહીં. સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, રાત્રે અમૃતસર, ભટિંડા, ફિરોઝપુર, જમ્મુ જેવા સ્થળોએથી પસાર થતી ટ્રેનોનું સમયપત્રક હવે રિશેડ્યુલ કરવામાં આવશે. આ સ્થળોએથી પસાર થતી ટ્રેનોનું સમયપત્રક ફરીથી બનાવવામાં આવશે અને સવારે ટ્રેનો દોડાવવામાં આવશે. તો ટૂંકા અંતરની ટ્રેનો રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, જે ટ્રેનો રાત્રે અમૃતસર, જમ્મુ અને ફિરોઝપુર જેવા સરહદી વિસ્તારોમાં પસાર થતી હતી તે સવારે નીકળશે. આ નિર્ણયને કારણે ૧૫થી વધુ ટ્રેનો પ્રભાવિત થશે. જોકે, મુસાફરોને લાવવા માટે રેલવેએ દિવસ દરમિયાન ખાસ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લીધો છે.

### ભારતે ફાઇટર જેટથી જવાબ આપ્યો

## પાકિસ્તાન દ્વારા સ્કૂલ હોસ્પિટલ પર હુમલાના નિષ્ફળ પ્રયાસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલા બાદ ભારતે નિર્દોષોના મોતનો બદલો લેવા માટે ઓપરેશન સિંદૂર હેઠળ સ્ટ્રાઈક કરી પાકિસ્તાનમાં અને PoKના ૯ આતંકી ઠેકાણાઓને ધ્વસ્ત કરી દીધા હતા. ત્યારબાદ પાકિસ્તા સેના તરફથી સતત ભારતીય સરહદી વિસ્તારો પર હુમલો કરવામાં આવી રહ્યો છે. આ દરમિયાન સંરક્ષણ મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું હતું કે, ઓપરેશન સિંદૂર હજુ કાર્યરત છે. એવામાં આજે વિદેશ મંત્રાલય દ્વારા સંરક્ષ મંત્રાલયે સંયુક્ત પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે પાકિસ્તાન દ્વારા સતત આંતરરાષ્ટ્રીય સરહદ તથા નિયંત્રણ રેખા પર હુમલાના પ્રયાસ કરાઈ રહ્યા છે. પાકિસ્તાન પેસેન્જર્સ પ્લેનને ઢાલ બનાવી રહ્યું છે જેથી ભારત જવાબી કાર્યવાહી ન કરી શકે. આ પ્રેસ બ્રીફિંગમાં ભારતીય વિદેશ સચિવ વિક્રમ મિસરી, જનરલ સોફિયા કુરેશી, વિંગ કમાન્ડર જનરલ વ્યોમિકા સિંહ સંપૂર્ણ માહિતી આપવા માટે મીડિયા સમક્ષ હાજર થયા હતા. જેમાં સોફિયા કુરેશીએ જણાવ્યું કે, છેલ્લાં ઘણાં સમયથી પાકિસ્તાન તરફથી પશ્ચિમી વિસ્તારમાં આક્રમક સૈન્ય ગતિવિધિ કરવામાં આવી છે.



# ચંડોળા તળાવમાં EWS સ્કીમ હેઠળ બનાવાશે મકાન

## આસપાસમાં વસતા ૮,૦૦૦ જેટલા ઝૂંપડાવાસીઓને વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે ગરીબ આવાસ યોજના હેઠળ મકાનો ફાળવવાનો AMCએ મહત્વનો નિર્ણય લીધો છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

ચંડોળા તળાવને ઝુંપડપટ્ટી મુક્ત કરવા માટે ઝુંપડાવાસીઓને EWS મકાનો ફાળવવા અંગે સ્ટેન્ડિંગ કમિટીમાં મંજૂર કરાયેલા ઠરાવમાં ૧-૧૨-૨૦૧૦ અગાઉ ચંડોળા તળાવ વિસ્તારમાં રહેનારાઓને જ આ યોજનાનો લાભ મળશે તેવી મહત્વની જોગવાઈ પણ કરવામાં આવી છે. તાજેતરનાં વર્ષોમાં ચંડોળાનાં કિનારે ઝુંપડા બનાવીને રહેતાં હશે તેમને આવાસ મળશે નહિ અને તેમને ત્યાંથી ખસેડવામાં આવશે. આ ઠરાવ મંજૂર કરીને તે અંગે રાજ્ય સરકારની મંજૂરી મેળવવામાં આવશે. ડ્રોન મારફતે સર્વે કરાવો છે અને ચંડોળા તળાવ અને તળાવની ફરતે આશરે ૨.૫૦ લાખ ચો.મી. જમીનમાં દબાણો હોવાનું જોવા મળ્યું છે અને તબક્કાવાર રીતે આ તમામ દબાણો દૂર કરાશે.ચંડોળામાં ઝુંપડાવાસીઓને EWS મકાનો માટે દાણીલીમડા વોર્ડમાંથી જ ફોર્મ આપવામાં આવશે. સામાન્ય રીતે AMC દ્વારા EWS મકાનો માટે ઓનલાઈન ફોર્મ પણ જારી કરવામાં આવે છે અને AMCની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરીને તે મેળવી શકાય છે. પરંતુ ચડોળાના ઝુંપડાવાસીઓને વિકલ્પ આપવામાં કોઈ ગેરરીતિ ન થાય તે હેતુસર વોર્ડ ઓફિસમાંથી રૂબરૂમાં જ મેન્યુઅલ ફોર્મ આપવામાં આવશે. ચંડોળા તળાવ અને પરિસરમાં રહેતા ફક્ત ભારતીય નાગરિકત્વના પુરાવા ધરાવનારને જ વિકલ્પ અપાશે. બાંગ્લાદેશીઓ માટે આ સ્કીમ નથી. ચંડોળામાં વર્ષોથી બાગ્લાદેશીઓ રહેતા હોવાના આક્ષેપો તથા બાંગ્લાદેશીઓએ રાજકીય આગેવાનોના લેટરપેડના આધારે જાતજાતનાં પુરાવા ઉભા કરી લીધા હોવાની આશંકા મામલે તેમણે વધુ સ્પષ્ટતા કરતાં કહ્યું કે. બાંગ્લાદેશીઓ આ યોજનાનો લાભ લઈ ના જાય તે માટે જે લોકો મકાન મેળવવા માટે પુરાવા રજૂ કરશે તેનું પોલીસ વેરિફિકેશન કરાવવામાં આવશે સાત ઝોનમાં ૮.૨૫૪ આવાસનુ નિર્માણ કાર્ય ચાલુ છે તે આવાસ ફાળવવામાં આવશે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, ચંડોળા તળાવમાં પુરાણ કરીને ફાર્મહાઉસ અને ઝુંપડા વગેરે બનાવી બાંગ્લાદેશીઓને આશરો આપનારા લલ્લા બિહારીનાં ગેરકાયદે દબાણો નેસ્તનાબૂદ કરી નાખ્યા બાદ હવે બાકીનાં ગેરકાયદે ઝૂંપડા દૂર કરી તળાવને દબાણમુક્ત બનાવવા માટે બીજા તબક્કાની કાર્યવાહી અંતર્ગત ઝુંપડાવાસીઓને વૈકલ્પિક વ્યવસ્થા આપવા માટે EWS હેઠળ બનતાં મકાનો ફાળવવાનો નિર્ણય લેવાયો છે. રૂ. ૩ લાખની આવક ધરાવતા ઝૂંપડાવાસીઓને શહેરના સાતેય ઝોનમાં EWS હેઠળ બની રહેલા મકાનામાં વિકલ્પ અપાશે. DYMC રિધેશ રાવલે જણાવ્યું હતું કે, ચંડોળાને ઝુંપડામુક્ત કરવા માટે છસ્ઝ અને કલેક્ટર કચેરી દ્વારા ડીમાર્કેશનની કામગીરી હાથ ધરાઈ છે.

## નારાયણ સરોવર પાસે હથિયારધારી જવાન તૈનાત

। (એજન્સી) કચ્છ, તા.૧૦ ।

પાકિસ્તાન સાથે ચાલી રહેલા તણાવ દરમિયાન કચ્છ અને બનાસકાંઠાનું તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે. કચ્છમાં નારાયણ સરોવર પાસે હથિયારધારી જવાનો તૈનાત કરી દેવાયા છે. વાહનો અને લોકોનું સતત ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. બહારના લોકો માટે સંવેદનશીલ વિસ્તારોમાં પ્રતિબંધ ફરમાવી દેવાયો છે. બંને જિલ્લાના છેવાડાના ગામોમાં ખાસ માર્ગ દર્શિકા હેઠળ કામગીરી શરૂ કરાઈ છે. આજે સાંજે બ્લેક આઉટ અંગે તંત્ર લોકોને જણાવશે. ઠેર ઠેર ખાસ સ્પોટ પર પોલીસ અને પેરા જવાનો તૈનાત કરી દેવાયા છે. કચ્છના સીમાવર્તી વિસ્તારો અને ગામોમાં એલર્ટ કચ્છમા નારાયણ સરોવર અને આસપાસના વિસ્તારોમા હથિયારધારી પોલીસ અને અન્ય જવાનો તૈનાત કરવામાં આવ્યાં છે. સીમાવર્તી વિસ્તારો અને ગામોમાં એલર્ટ આપીને સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. ગઈકાલે જાહેર કરવામાં આવેલા બ્લેક આઉટ બાદ આજે સાંજે બ્લેક આઉટ અંગે વહીવટી તંત્ર દ્વારા લોકોને જાણ કરાશે.

## એક દુકાનદાર ને લાભ કરાવવા માટે આખું વૃક્ષ થડ માંથી કાપી નાખવામાં આવ્યું

। (એજન્સી) સુરત, તા.૧૦ ।

સુરત પાલિકા દ્વારા દર વર્ષે જૂન મહિનામાં વૃક્ષારોપણ કરે છે અને લાખો રુપિયા વૃક્ષારોપણ પાછળ ખર્ચે છે. પરંતુ કેટલાક લોકો પોતાની દુકાન કે મિલકત બહાર પોતાના અંગત સ્વાર્થ માટે વૃક્ષો કાપી નાંખે છે. આવી જ એક ફરિયાદ પાલિકાના રાંદેર ઝોનના અડાજણ વિસ્તારમાં થઈ છે. જ્યાં દુકાનદારને લાભ કરાવવા માટે આખું વૃક્ષ થડમાંથી કાઢી નાખવામાં આવ્યું ફોટા સાથે ફરિયાદ કરવામાં આવી છે. સુરત પાલિકા દ્વારા પર્યાવરણની જાળવણી માટે દર વર્ષે શહેરમાં લાખોની સંખ્યામાં વૃક્ષારોપણ કરે છે. પરંતુ ત્યાર બાદ કાળજી લેતી ન હોવાથી કેટલાક તત્વો દ્વારા પાલિકાએ રોપેલા વૃક્ષોનું આડેધડ છેદન કરવામાં આવી રહ્યું છે. તેમાં કેટલીક વખત પાલિકાના કર્મચારીઓ પણ વિલનની ભૂમિકા આવીને હેવી ટ્રિમિંગ કરી દેતા હોવાની ફરિયાદ થઈ રહી છે. સુરતના એક માજી કોર્પોરેટરે રાંદેર ઝોનને ફરિયાદ કરી છે કે, અડાજણ રંગીલા સર્કલ મહાલક્ષ્મી મંદિર પાસે અસંખ્ય વૃક્ષોનું હેવી ટ્રિમિંગ કરવામાં આવ્યું છે અને એક દુકાનદાર ને લાભ કરાવવા માટે આખું વૃક્ષ થડ માંથી કાપી નાખવામાં આવ્યું છે. આવી વિવાદી કામગીરી માટે પાલિકાના ગાર્ડન વિભાગના કર્મચારી- અધિકારીઓ જવાબદાર છે. આ ઉપરાંત એક દુકાન બહાર તો આખું વૃક્ષ કાપી નાખવામાં આવ્યું છે. આવી રીતે વૃક્ષો કાપી પર્યાવરણને નુકસાન પહોંચાડનારા કર્મચારીઓ અને દુકાનદાર સામે પગલાં ભરવા માંગણી થઈ છે.



ગુજરાત સહિત સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૧૦ મેના રોજ 'વિશ્વ સ્થળાંતર-યાયાવર પક્ષી' દિવસ તરીકે ઉજવવામાં આવે છે, જેની થીમ આ વર્ષે 'પક્ષી-મૈત્રીપૂર્ણ શહેરો અને સમુદાયોનું નિર્માણ' નક્કી કરવામાં આવી છે. આ દિવસની ઉજવણીના સંદર્ભે વર્ષ ૨૦૨૩ થી ૨૦૨૫ એમ છેલ્લા બે વર્ષમાં રાજ્યની ચાર 'રામસર સાઈટ' વિસ્તારમાં અંદાજે ૧૪.૨૦ લાખથી વધુ યાયાવર પક્ષીઓ ગુજરાતના મહેમાન બન્યા છે.

## સાયબર ક્રાઈમ માટે વપરાતા બેંક ખાતાની આપ લે કરતા ૪ આરોપીઓ ઝડપાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

સાયબર ક્રિમિનલ્સ અને ગેમિંગના રૂપિયા ટ્રાન્સફર કરવા માટે વપરાતા બોગસ બેંક એકાઉન્ટની આપ લે કરવા આવેલા ૪ આરોપીઓની વાસણા પોલીસે ધરપકડ કરી છે. રાજસ્થાન અને મુન્દ્રાની આગેંગ whatsapp અને પાર્સલ મારફતે કીટ આપ લે કરતા હોવાનું સામે આવ્યું છે.

મહત્વનું છે કે, ગરીબ લોકોની બેંકની વિગત મેળવી તેમના નામે બેક્ર એકાઉન્ટ ખોલાવી રૂપિયા ટ્રાન્સફર થતું હોવાનું સામે આવ્યું છે. જે મામલે વાસણા પોલીસે વધુ તપાસ શરૂ કરી હતી. પોલીસે કુલ ૩.૧૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો. વાસણા પોલીસની કસ્ટડીમાં રહેલા આ ૪ આરોપીઓના નામ યોગેન્દ્ર છીપા, આશુપ્રતાપસિંગ રાઠોડ, મહર્ષિ દવે અને યારુકમિયા શેખ છે. આ ચારેય આરોપીઓ વાસણાની હોટલમાં બે દિવસથી રોકાયા હતા. જેમાં તપાસ કરતા આરોપીઓ પાસેથી અલગ અલગ નામની બેંક અકાઉન્ટની કીટ મળી આવી છે. પોલીસે ૩ ડેબિટ કાર્ડ, ૨ સીમકાર્ડ અને અલગ-અલગ બેંકની ચેકબુક પાસબુક તથા કુલ ૩.૧૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. ઝડપાયેલા આરોપીઓમાંથી આશુ પ્રતાપસિંગ રાઠોડ રાજસ્થાનનો રહેવાસી છે અને તે મુન્દ્રામાં રહેતા યોગેન્દ્ર છીપા અને મહર્ષિ દવે સાથે મળી ગરીબોના બેક્ર એકાઉન્ટ ની માહિતી મેળવી ફરાર આરોપી બીપીન મહારાજ ને મોકલતો હોવાનો ખુલાસો થયો છે.

ઝડપાયેલા આરોપીઓની પૂછપરછ કરતા હકીકત સામે આવી કે યોગેન્દ્ર અદાણી પોર્ટમાં એન્જિનિયર તરીકે કામ કરે છે તો અન્ય આરોપી મહર્ષિ દવે મુન્દ્રા ખાતે ટ્રાન્સપોર્ટ કંપનીના નામે ઓફિસ ધરાવે છે. બંને આરોપીઓ ત્યાંના સ્થાનિક લોકોના નામે બેક્ર એકાઉન્ટ ખોલાવી ખાતાધારકને ૮૦૦૦ રૂપિયા આપી તેમની બેંક કીટ અને સીમ કાર્ડ મેળવી લેતા હતા.આવી ૧૨ જેટલી કીટ whatsapp મારફતે બનાસકાંઠાના બીપીન મહારાજને મોકલાવી હોવાનો ખુલાસો થયો છે. જે બદલ આરોપી ઓને ૨૦,૦૦૦ રૂપિયા આંગડિયા પેઢી દ્વારા મોકલવામાં આવ્યા હતા. સાથે જ એક કીટના ૪૦૦૦ રુપિયા મેળવતા હતા. જે અંગે પોલીસે વધુ તપાસ શરુ કરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યુ કે, આરોપી સાયબર ક્રાઈમમા આ કીટ નો ઉપયોગ કરતા હતા.

સાથે જ સરળતા થઈ રુપિયા મેળવવા આ ગુનામા જોડાયા હતા. જેથી પોલીસે આ ગુનાના ફરાર અન્ય આરોપીની શોધખોળ હાથ ધરી છે. તો બીજી તરફ કેટલી કીટ મોકલવામાં આવી અને તેનો ઉપયોગ ક્યાં થયો તે અંગે તપાસ શરુ કરી છે.

### ગુજરાતના ખેડૂતોની ચિંતા વધી!

## હજુ ચાર દિવસ ગાજવીજ સાથે માવઠાની આગાહી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં છેલ્લા ચાર દિવસથી ગાજવીજ સાથે ભારેથી અતિભારે કમોસમી વરસાદ પડ્યો. ભરઉનાળે વાતાવરણ પલટાતાં પવન ફૂંકાવવાની સાથે માવઠું થતાં ખેડૂતોના પાકને નુકસાન પહોચ્યું હોવાનું સામે આવ્યું છે. તેવામાં હવામાન વિભાગે આગામી ૧૩ મે, ૨૦૨૫ સુધી રાજ્યમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ અને પવન ફૂંકાવવાની આગાહી કરી છે, ત્યારે આજે શુક્રવારે (૯ મે) અમરેલી, બોટાદ, ડાંગ, નર્મદા, ગાંધીનગર સહિત અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ નોંધાયો હતો. જેમાં ૮ મેના ૬ વાગ્યાથી ૯ મેના ૬ વાગ્યાના ૨૪ કલાક દરમિયાન કુલ ૬૩ તાલુકામાં માવઠું થયું હતું. હવવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં આગામી ચાર દિવસ મેઘગર્જના સાથે હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી છે. ત્યારે આવતીકાલે ૧૦ મેના રોજ રાજ્યભરના અમુક સ્થળોએ અને ૧૧ મેના રોજ રાજ્યના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી કરી છે. રાજ્યમાં આગામી ૧૨ મેના રોજ ૨૫ જિલ્લામાં માવઠું થશે. જેમાં સૌરાષ્ટ્રના દેવભૂમિ દ્વારકા, જામનગર, રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, બોટાદ, ભાવનગર, ગીર સોમનાથ સહિત સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, ખેડા, પંચમહાલ, વડોદરા, આણંદ, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ મેઘગર્જના સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

### સરહદી વિસ્તારોમાં સુરક્ષા એજન્સી સર્તક થઈ ગઈ

## દ્વારકામાં સરહદી વિસ્તારમાં સુરક્ષા એજન્સીઓ સાવધાન

### Dy.SP સાગર રાઠોડ દ્વારા કાંઠા વિસ્તારોમાં લોકોને સાવચેત કરાયા છે

। (એજન્સી) દ્વારકા, તા.૧૦ ।

દ્વારકા ઓપરેશન સિંદુરની સફળતા બાદ સરહદી વિસ્તારમાં સુરક્ષા એજન્સીઓ સાવધાન થઈ ગઈ છે. પાકિસ્તાનમાં હુમલા બાદ ગુજરાતના સરહદી વિસ્તારોમાં સુરક્ષા એજન્સી સર્તક થઈ ગઈ છે. દરિયામાં ગયેલા માછીમારોને પરત બંદરે આવી જવા સૂચના આપી દેવામાં આવી છે.

ઓખામાં પોલીસ દ્વારા માછીમારોને સાવચેત કરાયા છે. દરિયા કિનારે શંકાસ્પદ હિલચાલ જણાય તો સુરક્ષા એજન્સીને જાણ કરવા અપીલ કરવામાં આવી છે. તમામ બોટનું સઘન ચેકીંગ કરવામાં આવે છે. મરીન પોલીસ, મરીન



કમાન્ડો, એસઓજી સહિતની ટીમ દ્વારા કાંઠા પર સતર્કતા વધારવામાં આવી છે. નાઈટ પેટ્રોલિંગ કાંઠા વિસ્તારોમાં વધારવામાં આવી છે. રાત્રિ દરમ્યાન પોલીસ દ્વારા સચાણા બંદર પર માછીમારો સાવચેત રહેવા સુચના આપવામાં આવી છે.

બ્લેકઆઉટની સૂચના મળે તો સહકાર આપવા નાગરિકોને અપીલ કરવામાં આવી છે. Dy.SP સાગર રાઠોડ દ્વારા કાંઠા વિસ્તારોમાં લોકોને સાવચેત કરાયા છે. સરહદી વિસ્તારમાં આવેલા ઓખાબંદરે પોલીસની લોકોને સાવચેત રહેવા અપીલ કરાઈ છે. ડીવાયએસપી સાગર રાઠોડએ માછીમારો અને સ્થાનિકોને હાલની સ્થિતિમાં સાવચેત કર્યા છે. બ્લેકઆઉટની સૂચના મળે તો સહકાર આપવા નાગરિકોને અપીલ કરવામાં આવી છે.

## જામનગરના નવા નાગનાગામમાં રમકડાનું ડ્રોન દેખાતા લોકોમાં ફફડાટ

। (એજન્સી) જામનગર, તા.૧૦ ।

જામનગર નજીક નવા નાગના ગામમાં શુક્રવારે (આઠમી મે) સવારે ૧૧.૩૦ વાગ્યાના અરસામાં એક ડ્રોન જોવા મળ્યું હોવાની વાતો વહેતી થઈ હતી. જેના કારણે લોકોમાં ભારે ફફડાટનો માહોલ સર્જાયો હતો. આ મામલે પોલિસને જાણ કરતા પોલીસ સ્ટાફ નવા નાગના ગામે પહોંચીને તપાસ શરૂ કરી હતી. મળતી માહિતી અનુસાર, એક ખેડૂત ડ્રોન લઈને પોતાના ઘેર પહોંચ્યો છે, એવી વાત થઈ હતી. જેથી પોલીસ વિભાગ દ્વારા તાબડતોબ તે ખેડૂત યુવાનને શોધી લેવામાં આવ્યો હતો, અને તેણે ડ્રોન પોતાના ઘેર ચાર્જમાં મૂક્યું હોવાની માહિતીના આધારે પોલીસે તેના ઘરે પહોંચી જઈ તપાસ કરતા ડ્રોન રમકડાનું હોવાનું સામે આવ્યું હતું. જેથી સમગ્ર પોલીસ તંત્રએ હાશકારો અનુભવ્યો હતો અને રાહતનો શ્વાસ લીધો છે.

### કૃષિ યાંત્રિકીકરણ યોજના અમદાવાદના ખેડૂત માટે વરદાન રૂપ સાબિત થઈ

# ધોળકાના ખેડૂત મહેશભાઈ એ કમોસમી વરસાદમાં પાકને સમયસર લણી લીધો— મશીનથી બીજા ખેડૂતોનાં પાકની કાપણી કરી એક્સ્ટ્રા આવક મેળવી શક્યા

। (માહિતી) અમદાવાદ ।

અમદાવાદના ખરાંટી ગામના અનુસૂચિત જાતિના એક સામાન્ય ખેડૂત, મહેશભાઈ રામજીભાઈ દુલેરા, આજે માત્ર પોતાના ગામમાં જ નહીં પરંતુ આજુબાજુના ગામોમાં પણ એક સફળ ખેડૂત તરીકે ઓળખાય છે. તેમની આ સફળતાની શરૂઆત ત્યારે થઈ જ્યારે તેમને કેન્દ્ર/રાજ્ય સરકારની એક મહત્વકાંક્ષી યોજના સબ-મિશન ઓન એગ્રીકલ્ચર મિકેનાઈઝેશન (SMAM) વિશે જાણકારી મળી.

મહેશભાઈ જણાવે છે કે, એક સમયે તેમની પાસે આધુનિક ખેતીના સાધનો ખરીદવા માટે પૂરતા પૈસા નહોતા. તેઓ હાર્વેસ્ટર ખરીદવા માંગતા હતા, પરંતુ તેમને આ માટેની કોઈ સરકારી સહાય યોજના વિશે ખબર નહોતી. એક દિવસ તેમની મુલાકાત ગ્રામસેવક સાથે થઈ અને તેમણે મહેશભાઈને આઈ ખેડૂત પોર્ટલ પર અરજી કરવાની સલાહ આપી. મહેશભાઈએ તુરંત જ આ પોર્ટલ પર અરજી કરી.

તેમની અરજી જિલ્લા પંચાયત દ્વારા મંજૂર કરવામાં આવી અને ત્યારબાદ નિયમાનુસાર હાર્વેસ્ટરની ખરીદી અને ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ થઈ. ત્રણ મહિનાની અંદર જ તેમના ખાતામાં સબસિડીની રકમ જમા થઈ ગઈ. મહેશભાઈની



ખુશીનો પાર ન રહ્યો. હાર્વેસ્ટર ખરીદ્યા બાદ મહેશભાઈએ પોતાના ખેતરમાં કામ કરવાનું શરૂ કર્યું, સાથે – સાથે તેમણે પોતાના ગામ અને આજુબાજુના ગામોનાં જરૂરીયાતમંદ બીજા ખેડૂતોના પાકની કાપણી કરી આપવાનું પણ શરૂ કર્યું. આનાથી તેમને સારી આવક થવા લાગી. તેમની આર્થિક સ્થિતિ મજબૂત બની.

આ સફળતાથી પ્રોત્સાહિત થઈને મહેશભાઈએ ગંઠા બાંધવાનું બેલર ખરીદવાનો પણ નિર્ણય લીધો. જેનાથી તેઓ ડાંગરનાં પરાળનાં ગંઠા બાંધીને વધારાની આવક મેળવવા લાગ્યા

મહેશભાઈનાં પિતાશ્રી રામજીભાઈ જણાવે છે કે, રાજ્ય સરકાર અને ખેતીવાડી ખાતાના સહયોગથી હું મશીન વસાવીને સારી આવક કમાયો છું, મશીન હોવાને કારણે પાકની કાપણી પણ સમયસર થાય છે. આ અંગે વધુ માહિતી આપતા જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, એચ.આઈ.પટેલ જણાવે છે કે કેન્દ્ર/રાજ્ય સરકારશ્રીનાં ખેતીવાડી વિભાગની વિવિધ યોજનાના માધ્યમથી ખેડૂતોને હાર્વેસ્ટર અને બેલરની ખરીદી માટે સબસીડી આપે છે. હાર્વેસ્ટરની બજાર કિંમત આશરે ૨૮ થી ૩૦ લાખ રૂપિયા જેટલી છે, જેના પર ખેડૂતોને ૬.૫૦ થી ૧૨.૫૦ લાખ રૂપિયા સુધીની સબસીડી મળે છે. જ્યારે બેલરની બજાર કિંમત ૧૨ થી ૧૪ લાખ રૂપિયા છે, જેના પર કેન્દ્ર/રાજ્ય સરકારશ્રી નાં ખેતીવાડી વિભાગ દ્વારા લગભગ ૫ લાખ થી ૬.૫૦ લાખ રૂપિયાની સબસીડી આપવામાં આવે છે.

સબસિડીવાળી કૃષિ યાંત્રિકીકરણ યોજનાઓ, જેમ કે સબ-મિશન ઓન એગ્રીકલ્ચરલ મિકેનાઈઝેશન (SMAM), ખેડૂતો માટે એક વરદાનરૂપ સાબિત થઈ છે. આ યોજના અંતર્ગત, સરકાર ખેડૂતોને હાર્વેસ્ટર, બેલર, લેસર લેન્ડ લેવલર, પાવર ટીલર, રીપર જેવા આધુનિક કૃષિ સાધનો ખરીદવા માટે આર્થિક સહાય પૂરી પાડે છે. આનાથી નાના, મહિલા અને સીમાંત ખેડૂતો પણ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને તેમની ખેતીને વધુ કાર્યક્ષમ અને ઉત્પાદક બનાવી શકે છે. સબસિડી મળવાથી ખેડૂતો પર આર્થિક બોજો ઓછો થાય છે અને તેઓ સમયસર ખેતીના કાર્યો કરી શકે છે, જેના પરિણામે પાકની ગુણવત્તા અને ઉત્પાદનમાં વધારો થાય છે. મહેશભાઈની જેમ અનેક ખેડૂતોએ આ યોજનાનો લાભ લઈને પોતાની આવક બમણી કરી છે અને આત્મનિર્ભર બન્યા છે. આ યોજના કૃષિ ક્ષેત્રે આધુનિકરણ લાવવામાં અને ખેડૂતોના જીવનધોરણને સુધારવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. મહેશભાઈ આ યોજનાના ફાયદા જણાવતા કહે છે કે, અત્યારના કમોસમી વરસાદની સ્થિતિમાં જો પોતાનું હાર્વેસ્ટર અને બેલર હોય તો તાત્કાલિક પાકની કાપણી કરી શકાય છે. રાજ્ય સરકારની સહાયથી ખરીદેલા આ મશીનોને કારણે તેઓ આવી કપરી પરિસ્થિતિમાં પણ પોતાનો પાક બચાવી શક્યા છે. આજે મહેશભાઈ અન્ય ખેડૂતો માટે પણ પ્રેરણારૂપ બન્યા છે. સમયસર પાકની કાપણી અને મશીનથી અન્ય ખેડૂતોને ભાડેથી પાકની કાપણી કરી આપીને તેઓ વધારાની આવક મેળવી રહ્યા છે, જે તેમના પરિવાર માટે સમૃદ્ધિ લઈને આવી છે. ગુજરાત સરકારની આ યોજના ખરેખર ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે, જેનું જીવંત ઉદાહરણ મહેશભાઈની સફળતાની ગાથા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### G7 દેશોએ પહલગામ આતંકી હુમલાને વખોડ્યો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

પહલગામ આતંકી હુમલા બાદ ભારતે ઓપરેશન સિંદૂર હાથ ધરતાં ભારત અને પાકિસ્તાન વચ્ચે હાલ પરિસ્થિતિ નાજુક છે. એવામાં G-7માં સ્થાન ધરાવતા દેશો કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઈટાલી, જાપાન, યુકે અને યુએસએના વિદેશ મંત્રીઓ અને યુરોપિયન યુનિયનના ઉચ્ચ પ્રતિનિધિએ પહલગામ હુમલાની નિંદા કરી છે. આ સાથે તેમણે ભારત અને પાકિસ્તાનને સંયમ રાખવા પણ કહ્યું છે. G7 દેશોએ પોતાના નિવેદનમાં કહ્યું, અમે ભારત અને પાકિસ્તાનને સંયમ રાખવાની અપીલ કરીએ છીએ. આગળની કોઈપણ લશ્કરી કાર્યવાહી આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા માટે ગંભીર ખતરો ઊભો કરશે. અમે બંને દેશોને તાત્કાલિક તણાવ ઓછો કરવા અને શાંતિ માટે સીધી વાતચીતમાં જોડાવા વિનંતી કરીએ છીએ. સિંગાપોરના વિદેશ મંત્રાલય (MFA)એ શુક્રવારે એક નિવેદન જારી કરીને કહ્યું કે, અમે ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા લશ્કરી સંઘર્ષ અંગે ખૂબ ચિંતિત છીએ. અમે બંને પક્ષોને તણાવ ઓછો કરવા અને વાતચીત દ્વારા ઉકેલ શોધવાની અપીલ કરીએ છીએ. ઉપરાંત, બંને દેશોમાં સામાન્ય નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઈએ. આ ઉપરાંત સિંગાપોરે તેના નાગરિકોને જમ્મુ-કાશ્મીર અને પાકિસ્તાનની મુસાફરી ન કરવાની સલાહ આપી છે.

### દીવના નાગવા બીચ પર થતી એક્ટિવિટી બંધ કરાઈ



। (એજન્સી) દીવ, તા.૧૦ ।

ભારત પાકિસ્તાન વચ્ચે હાલ પરિસ્થિતિ વણસી છે. જેને લઈને ગુજરાતમાં ઘણા બધા જિલ્લાઓમાં હાઈ એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. ત્યારે સંઘપ્રદેશ દીવમાં પણ હાલ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નાગવા બીચ પર થતી એક્ટિવિટી બંધ કરી દેવામાં આવી છે. વોટર સ્પોર્ટ એક્ટિવિટી તેમજ પેરા સિલિંગ પણ બંધ કરવા માટે આદેશ આપવામાં આવ્યા છે. ઉપરાંત આગામી ૧૬ મે સુધી દીવમાં ડ્રોન ઉડાવવા પર પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. આપને જણાવી દઈએ કે સુરક્ષાને ધ્યાનમાં રાખીને પ્રશાસન દ્વારા આ મહત્વના નિર્ણય લેવામાં આવ્યો છે. આજે જામનગરમાં પણ સાયરન વાગ્યા છે. સાથે જ જામનગરના કલેક્ટર દ્વારા જિલ્લામાં લોકોને અપીલ કરવામાં આવી છે. જેમાં નાગરિકોને સુરક્ષિત સ્થળે રહેવા માટે અપીલ કરવામાં આવી છે.

### પ્રયાગરાજમાં હાઈ એલર્ટ, DM તરફથી કડક એડવાઈઝરી જારી

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૧૦ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતા તણાવ અને ઓપરેશન સિંદૂરને ધ્યાનમાં રાખીને, પ્રયાગરાજ જિલ્લા મેજિસ્ટ્રેટ રવિન્દ્ર કુમાર મંધડે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે કડક સલાહ જાહેર કરી છે. નવી માર્ગદર્શિકા હેઠળ, લશ્કરી વિસ્તારોમાં કોઈપણ પ્રકારના ફોટો કે વીડિયો રેકોર્ડિંગ પર સંપૂર્ણ પ્રતિબંધ છે. ઉલ્લંઘન કરનારાઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. DMએ આખા શહેરને ડ્રોન માટે 'નો ફ્લાય ઝોન' જાહેર કર્યું છે. પરવાનગી વગર ડ્રોન ઉડાડનારાઓ સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, એક્સ, વોટ્સએપ જેવા કોઈપણ ઈન્ટરનેટ મીડિયા પ્લેટફોર્મ પર ખોટી માહિતી અથવા ભડકાઉ સંદેશા ફેલાવવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે. આવી પ્રવૃત્તિઓ પર નજર રાખવા માટે એક ખાસ મોનિટરિંગ ટીમની રચના કરવામાં આવી છે. જો કોઈ વ્યક્તિ કે એકાઉન્ટ ખોટી માહિતી ફેલાવતા જોવા મળશે, તો તેમની સામે ઝડપી અને કડક કાર્યવાહી કરવામાં આવશે. વહીવટીતંત્રે ચેતવણી આપી છે કે કોઈપણ પ્રકારની બેદરકારી કે બેજવાબદારીભર્યા પગલાં ગંભીરતાથી લેવામાં આવશે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ અને અન્ય એજન્સીઓ ૨૪ કલાક સક્રિય છે. વર્તમાન સંવેદનશીલ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે.

### પાકિસ્તાની સોશિયલ મીડિયા હેન્ડલ્સમાં દાવો કરાયો હતો કે અદાણી પોર્ટ પર હુમલો કરીને તેનો નાશ કરાયો છે

# મુંદ્રામાં અદાણી પોર્ટ પર હુમલાના પાકિસ્તાની દાવાનો પર્દાફાશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

ભારતના ઓપરેશન સિંદૂર પછી પાકિસ્તાનમાં ભારે અરાજકતા છે. પરંતુ પાકિસ્તાનના મીડિયા અને સોશિયલ મીડિયા આ આઘાત છુપાવવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરી રહ્યા છે. ભારત વિરુદ્ધ ખોટા સમાચાર બનાવવામાં આવી રહ્યા છે અને સોશિયલ મીડિયા પર ખોટા દાવા વાયરલ થઈ રહ્યા છે, જેના કોઈ નક્કર પુરાવા નથી. આ રણનીતિના ભાગ રૂપે, ઘણા પાકિસ્તાનીઓએ સોશિયલ મીડિયા પર દાવો કર્યો હતો કે ગુજરાતમાં ગૌતમ અદાણીની કંપની દ્વારા સંચાલિત મુન્દ્રા પોર્ટ પર મિસાઈલથી હુમલો કરવામાં આવ્યો હતો. જોકે, હકીકત તપાસ દરમિયાન, આ વિડિઓ સંપૂર્ણપણે નકલી હોવાનું જાણવા મળ્યું. આગના ફોટા અને



વીડિયો સાથે ઘણા પાકિસ્તાની સોશિયલ મીડિયા હેન્ડલ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે ગુજરાતમાં અદાણીના બંદર પર હુમલો કરીને તેનો નાશ કરવામાં આવ્યો છે. કેટલાક પાકિસ્તાની મીડિયા અને ટ્વિટર હેન્ડલ્સે તો એવો પણ દાવો કર્યો હતો કે પાકિસ્તાની વાયુસેનાએ શ્રીનગર એરબેઝ પર હુમલો કર્યો છે અને ભારતીય સેનાના બ્રિગેડ હેડક્વાર્ટરનો નાશ કરવામાં આવ્યો છે. પરંતુ પાછળથી ખબર પડી કે આ બધા ફોટા, વીડિયો અને સમાચાર સંપૂર્ણપણે ખોટા હતા. ગુગલ ઈમેજ સર્ચનો ઉપયોગ કરીને આ વિડિઓના મુખ્ય ફ્રેમ્સ શોધી કાઢવામાં આવ્યા છે. પાકિસ્તાની સોશિયલ મીડિયા હેન્ડલ્સમાં દાવો કરાયો હતો કે અદાણી પોર્ટ પર હુમલો કરીને તેનો નાશ કરાયો છે અને ચાર વર્ષ પહેલાં X પર અપલોડ કરાયેલા વિડિઓની ઍક્સેસ મેળવી. આ એ જ વીડિયો છે જે પાકિસ્તાનીઓ શેર કરી રહ્યા છે. ૮ જુલાઈ, ૨૦૨૧ ના રોજ કરવામાં આવેલા આ ટ્વિટમાં લખ્યું છે કે, 'દુબઈના જેબેલ અલી બંદર પર વિસ્ફોટ સ્થળ પરથી નવા ફૂટેજ સામે આવ્યા છે.'

### વીડિયો સંપૂર્ણપણે નકલી હોવાનું જાણવા મળ્યું

વિસ્ફોટ કોઈ બંધાયેલા જહાજમાંથી થયો હોય તેવું લાગતું હતું. તે એક તેલ ટેક્નર હોવાનું માનવામાં આવે છે (સ્થાનિક મીડિયા) અધિકારીઓનું કહેવું છે કે હાલમાં કોઈ જાનહાનિ નથી.

આ પછી અમે ગુગલ પર 'દુબઈ જેબેલ અલી બંદર વિસ્ફોટ' શબ્દ સર્ચ મારવામાં આવ અનેક ફૂટેજ અને વીડિયો મળી આવ્યા હતા. ત્યારબાદ જાણવા મળ્યું કે ૮ જુલાઈ, ૨૦૨૧ ના રોજ, વિશ્વભરની મીડિયા ચેનલોએ ત્યાં થયેલા વિસ્ફોટની જાણ કરી હતી. આ વિડીયોનો ઉપયોગ ઘણા સમાચારોમાં પણ થયો છે.

નિષ્કર્ષ-પાકિસ્તાનીઓનો આ દાવો સંપૂર્ણપણે ખોટો હોવાનું જાણવા મળ્યું. ભારત સરકારે કહ્યું છે કે પાકિસ્તાને ભારતના અનેક શહેરોને નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો છે. પરંતુ તેના દરેક પ્રયાસને નિષ્ફળ બનાવવામાં આવ્યા છે. જમ્મુ-કાશ્મીર અને પંજાબમાં સરહદે આવેલા ગામડાઓમાં ચોક્કસ નુકસાન થયું છે.

### અમેરિકામાં ગેરકાયદે વસતાં લોકોને લાસ્ટ ચાન્સ

# યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સેલ્ફ ડિપોર્ટેશન પ્રોગ્રામ લોન્ચ કર્યો

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૦ ।

અમેરિકન રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે એક એક્ઝેક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા છે, જેમાં એક નવો સેલ્ફ ડિપોર્ટેશન કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ હેઠળ ગેરકાયદે અપ્રવાસીઓ જે સ્વયં અમેરિકા છોડીને જવાનો વિકલ્પ પસંદ કરે છે તેમને અમેરિકા તરફથી નિઃશુલ્ક ફ્લાઈટ સુવિધા આપવામાં આવશે. વ્હાઈટ હાઉસના સત્તાવાર એક્સ એકાઉન્ટ પરથી પ્રોજેક્ટ હોમકમિંગની સ્થાપનાના શીર્ષક હેઠળ પોસ્ટ કરી છે. જેમાં એક વીડિયો મેસેજ શેર કરવામાં આવ્યો છે. ૯૦ સેકન્ડના સંબોધનમાં, ટ્રમ્પે વિસ્તારથી જણાવ્યું કે, અમે ગેરકાયદે રહેતા વિદેશીઓ માટે પહેલીવાર સેલ્ફ ડિપોર્ટેશન કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. કોઈપણ ગેરકાયદે વિદેશી એરપોર્ટ પર આવી શકે છે અને અમારા દેશમાંથી બહાર જવા માટે નિઃશુલ્ક ફ્લાઈટ સુવિધા પૂરી પાડવામાં આવશે.



અને CBP હોમ નામની એક મોબાઈલ એપ્લિકેશન પણ લૉન્ચ કરી છે. આ C-B-P-H-O-M-E છે, જ્યાં ગેરકાયદે અપ્રવાસીઓ કોઈપણ વિદેશી દેશ માટે નિઃશુલ્ક ફ્લાઈટ બુક કરાવી શકો છો અને અમેરિકા છોડીને ગમે ત્યાં જઈ શકો છો. ટ્રમ્પે એવું પણ જણાવ્યું કે, અમે ગેરકાયદે લોકોને સેલ્ફ ડિપોર્ટેશન માટે પ્રોત્સાહિત કરવા માટે ડિપોર્ટેશન બોનસ રજૂ કર્યું છે. આ બોનસ અમેરિકન કરદાતાના અબજો-ખરબો ડોલર બચાવશે. બાઈડને આ દેશ સાથે જે કર્યું, તેને ક્યારેય સમજાવી નહીં શકાય અને ક્યારેય સ્વીકાર પણ નહીં કરી શકાય. આખરે, જ્યારે ગેરકાયદ લોકો જતા રહેશે, તો તેનાથી આપણા અબજો ડોલરની બચત થશે. જોકે, આ ગેરકાયદે વિદેશી અમેરિકામાં જ ગેરકાયદે રહેવાનું પસંદ કરે છે, તો તેના માટે તેમને ગંભીર પરિણામ ભોગવવું પડશે. અમેરિકામાં ગેરકાયદે રહેનારા લોકોને દંડનો અને સજાનો સામનો કરવો પડી શકે છે. જેમાં લાંબા સમયગાળાની જેલ, ભારે નાણાંકીય દંડ, તમામ સંપત્તિની જપ્તી, તમામ વેતનની જપ્તી, કારાવાસ અને અચાનક ડિપોર્ટેશન સામેલ છે. જેમાં ડિપોર્ટેશનનું સ્થાન અને પ્રક્રિયા સંપૂર્ણપણે અમારી વિવેકબુદ્ધિ પર નિર્ભર રહેશે. તેથી, તમામ ગેરકાયદે વિદેશીઓએ પોતાની નિઃશુલ્ક ફ્લાઈટ બુક કરે. અમે ઈચ્છીએ છીએ કે, તમે અમેરિકાથી બહાર નીકળી જાવ, પરંતુ જો તમે હકીકતમાં સારા છો તો અમે તમને પરત લાવવાનો પ્રયાસ કરીશું. આભાર.

### ભારતીય સેનાએ આપી માહિતી

# પાકિસ્તાનના હુમલામાં ભુજ એરબેઝ, ઉમધપુર-પઠાણકોટને થયું નુકસાન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

પાકિસ્તાનને વહેલી સવારે કરેલા હુમલા બાદ ભારતીય સેનાએ પ્રેસ કોન્ફરન્સ કરીને માહિતી આપી છે. આ પ્રેસ કોન્ફરન્સમાં જણાવવામાં આવ્યું હતું કે પાકિસ્તાને નાગરિકોને કેવી રીતે નિશાન બનાવ્યા અને તેમને યોગ્ય જવાબ આપવામાં આવ્યો. સાથે જ આર્મીએ કહ્યું કે, પાકિસ્તાનના હુમલામાં ભુજ એરબેઝ, ઉમધપુર અને પઠાણકોટ એરબેઝને નુકસાન પહોંચ્યું છે. પાકિસ્તાન સાથેના તણાવ અંગે વિદેશ મંત્રાલયે સતત ચોથા દિવસે પ્રેસ કોન્ફરન્સ કરી. વિદેશ સચિવ વિક્રમ મિશ્રી, કર્નલ સોફિયા કુરેશી અને વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહે ઓપરેશન સિંદૂર વિશે માહિતી આપી. ૮-૯ મેની રાત્રે પાકિસ્તાને લશ્કરી ઠેકાણાઓ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો. ભારતીય સેનાએ આ હુમલાઓને નિષ્ફળ બનાવ્યા. પાકિસ્તાને પણ LoC પર ભારે ગોળીબાર કર્યો. કર્નલ સોફિયા કુરેશીના મતે, પાકિસ્તાને નાગરિક વિમાનનો ઉપયોગ ખોટી રીતે કર્યો હતો. તેઓ હવાઈ માર્ગોનો દુરુપયોગ કરી રહ્યા છે. વિક્રમ મિશ્રીએ જણાવ્યું કે પાકિસ્તાનના નાગરિકો ત્યાંની સરકારની ટીકા કરી રહ્યા છે.



અફઘાનિસ્તાનમાં ભારતીય મિસાઈલ અંગે પાકિસ્તાનનો દાવો પાયાવિહોણો છે. ભારતના બધા એરબેઝ સુરક્ષિત છે. પાકિસ્તાનના તમામ હુમલાઓને નિષ્ફળ બનાવવામાં આવ્યા છે. પાકિસ્તાન રહેણાંક વિસ્તારોને નિશાન બનાવી રહ્યું છે. પાકિસ્તાનને તેની જ ભાષામાં જવાબ આપવામાં આવી રહ્યો છે. 'પાકિસ્તાન અફઘાન લોકોને ગેરમાર્ગે દોરી રહ્યું છે' 'પાકિસ્તાનના ઈરાદા સારા નથી' જમ્મુ કાશ્મીર અને પંજાબના નાગરિકોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. પ્રિન્સ થાપાનું અવસાન થયું છે. પાકિસ્તાનનો જી૪૦૦ તોડી પાડવાનો અને ભારતના પાવર સિસ્ટમને નુકસાન પહોંચાડવાનો દાવો ખોટો છે. કર્નલ સોફિયા કુરેશીએ કહ્યું કે પાકિસ્તાને ભારતીય સેનાના ઠેકાણાઓને નિશાન બનાવ્યા.



નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ૭, લોક કલ્યાણ માર્ગ ખાતે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી, આ બેઠકમાં રક્ષામંત્રી રાજનાથસિંહ, NSA અજિત ડોભાલ, CDS જનરલ અનિલ ચૌહાણ, સશસ્ત્ર દળોના વડાઓ અને વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

# બાડમેરમાં બહારના લોકોની એન્ટ્રી બંધ કરવામાં આવી

। (એજન્સી) બાડમેર, તા.૧૦ ।

ઓપરેશન સિંદૂર પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે. જેના કારણે રાજસ્થાન ના સરહદી વિસ્તારોમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. બાડમેર અને જોધપુરમાં હાઈ રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે અને લોકોને તેમની બધી મુસાફરી મુલતવી રાખવા અને ઘરે રહેવાની સૂચના આપઈ છે. બાડમેર ડીએમ ઓફિસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે, જિલ્લાના તમામ લોકો જે ગામડાઓ કે નગરોમાં છે અને બાડમેર શહેર તરફ મુસાફરી કરવા માંગે છે તેમને વિનંતી છે કે બાડમેર શહેરની મુસાફરી ન કરો. બાડમેરમાં રેડ એલર્ટ છે, તેથી તાત્કાલિક અસરથી તમારી યાત્રા મુલતવી રાખો. આ ઉપરાંત લોકોને તાત્કાલિક તેમના ઘરોમાં જવા માટે કહેવામાં આવ્યું છે. આ સાથે બજારો બંધ કરી દેવામાં આવ્યા છે અને તમામ પ્રકારની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. બીજી તરફ જોધપુરમાં પણ પાકિસ્તાની હવાઈ હુમલાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે અને લોકોને વહેલી તકે પોતાના ઘરોમાં જવા માટે કહેવામાં આવ્યું છે.

### પાકિસ્તાનના વિદેશ મંત્રી ઇશાક ડારે કહ્યું

# જો ભારત અટકશે તો અમે અટકી જઈશું : અમે યુદ્ધના પક્ષમાં નથી

### ભારતને યુદ્ધની ધમકી આપનાર પાકિસ્તાન આવ્યું પહાડ નીચે, જ્યારે હવે સતત મિસાઇલ હુમલાઓ બાદ પાકિસ્તાને યુ-ટર્ન લેવાનો નિર્ણય

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૦ ।

પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારત દ્વારા પાકિસ્તાનમાં ઓપરેશન સિંદૂર શરૂ કરવામાં આવ્યા બાદ બન્ને દેશો વચ્ચે તણાવ વધી ગયો છે. જ્યારે હવે સતત મિસાઈલ હુમલાઓ બાદ પાકિસ્તાને યુ-ટર્ન લેવાનો નિર્ણય લીધો છે. પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડારે કહ્યું છે કે, જો ભારત પોતાનું વલણ નરમ કરે છે, તો પાકિસ્તાન પણ પોતાનું વલણ નરમ કરવા તૈયાર છે. પાકિસ્તાનનો આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે ચીન અને અમેરિકા બન્ને દેશોને તણાવ ઓછો કરવા કહી રહ્યા છે. ઈશાક ડારે પાકિસ્તાની ન્યૂઝ મીડિયા સાથે વાતચીતમાં કહ્યું કે, "ભારતે હવે પોતાનું આક્રમકતાથી અટકી જવું જોઈએ. જો ભારત અટકશે તો અમે પણ અટકી જઈશું. અમે યુદ્ધના પક્ષમાં નથી. અમે બિનજરૂરી વિનાશ અને પૈસાનો



બગાડ ઈચ્છતા નથી. ડારે કહ્યું કે, ભારતે ફક્ત પોતાની સુરક્ષા માટે પગલાં લીધાં છે. આવી સ્થિતિમાં જો ભારત અટકી જાય તો પરિસ્થિતિ સુધરી શકે છે કારણ કે પછી પાકિસ્તાન તરફથી કોઈ હુમલો થશે નહીં. આ દરમિયાન બીજા એક સમાચાર સામે આવ્યા છે કે પાકિસ્તાનના ડિફેન્સ મિનિસ્ટર ખ્વાજા આસિફે નેશનલ કમાન્ડ ઓથોરિટીની બેઠક મુલતવી રાખવાની માહિતી આપી છે. તેમણે કહ્યું કે, હાલમાં નેશનલ કમાન્ડ ઓથોરિટીની કોઈ બેઠક થઈ રહી નથી. પાકિસ્તાનના યોજના મંત્રી અહસાન ઈકબાલે પણ પોતાનું એક નિવેદન આપતા ભારત સાથે તણાવ ઓછો કરવાની વાત કરી હતી. તેમણે કહ્યું કે, 'અમને ઉમ્મીદ છે કે ભારત વાતચીત તરફ આગળ વધીને તણાવ ઘટાડવાનું કામ કરશે. દુનિયા ૨ પરમાણુ શક્તિઓ વચ્ચે યુદ્ધ ઈચ્છતી નથી. આવી સ્થિતિમાં ઉમ્મીદ કરી છે કે વસ્તુઓ સારી થઈને આગળ વધશે અને તણાવ ઓછો થશે.' નોંધનીય છે કે, ભારત અને પાકિસ્તાન વચ્ચે છેલ્લા કેટલાક દિવસોથી તણાવ ઘણો વધી ગયો છે. ત્યાં સુધી કે પાકિસ્તાને ભારત પર ફતહ મિસાઈલથી ભારત પર હુમલો કરવાનો પણ પ્રયાસ કર્યો હતો. ભારત દ્વારા આ હુમલાને નાકામ કરવામાં આવ્યા. આવી સ્થિતિમાં અમેરિકા અને ચીન બન્ને દેશોને શાંતિ જાળવવાનું કહી રહ્યા છે. અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ પાકિસ્તાની સેના પ્રમુખ અસીમ મુનીરને ફોન કરીને તણાવ ઓછો કરવા કહ્યું છે.

### સરકારે દોડાવી વંદે ભારત ટ્રેન

# પંજાબ કિંગ્સ-દિલ્હી કેપિટલ્સના ખેલાડીઓ દિલ્હી પહોંચી ગયા

### બીસીસીઆઇએ સરકાર પાસે સ્પેશિયલ ટ્રેનની માંગ કરી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

પંજાબ કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સના ખેલાડી અને સપોર્ટિંગ સ્ટાફના લોકો હિમાચલ પ્રદેશથી નવી દિલ્હી આવી ગયા છે. આઈપીએલ સાથે જોડાયેલા આ તમામ લોકોને સ્પેશિયલ ટ્રેન દોડાવીને દિલ્હી લાવવામાં આવ્યા છે. બીસીસીઆઈએ સરકાર પાસે સ્પેશિયલ ટ્રેનની માંગ કરી હતી. ભારતીય રેલવેએ વંદે ભારત ટ્રેનની વ્યવસ્થા કરી અને હવે ૯ મેની રાત્રે તમામ ખેલાડી દિલ્હી રેલવે સ્ટેશનથી બહાર નીકળતા જોવા મળ્યા હતા. ઉત્તર રેલવેના CRPO હિમાશું શેખર ઉપાધ્યાયે જણાવ્યું હતું કે શુક્રવારે ૯મેની સવારે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે સમગ્ર પરિસ્થિતિનું નિરિક્ષણ કર્યું હતું. દેશમાં ઘણા સ્થળો પર એરપોર્ટ બંધ છે, એટલા માટે તે તમામ સ્થળો પર ફસાયેલા લોકો માટે ભારતીય રેલવે તરફથી સ્પેશિયલ ટ્રેન દોડાવવાની સૂચના મળી હતી. જમ્મૂ, ઉધમપુર અને કટરાથી દિલ્હી માટે પાંચ વિશેષ ટ્રેન દોડાવવામાં આવી રહી છે. તેમાંથી એક ટ્રેન વડે આઈપીએલના ખેલાડીઓ દિલ્હી પરત ફર્યા છે. બીસીસીઆઈએ ભારત સરકારને સ્પેશિયલ ટ્રેન દોડાવવા માટે આભાર



વ્યક્ત કર્યો છે. આઈપીએલના 'X' એકાઉન્ટ પરથી વંદે ભારત ટ્રેનની મુસાફરી માણી રહેલા ખેલાડીઓનો વીડિયો શેર કર્યો છે. ઉલ્લેખનીય છે કે ગુરૂવારે (૮ મે) ધર્મશાલામાં પંજાબ કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચેની મેચ વરસાદને કારણે મોડી શરુ થઈ હતી. ટોસ રાત્રે ૮:૩૦ વાગ્યે થયો. પંજાબ કિંગ્સે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો. મેચમાં ફક્ત ૧૦.૧ ઓવર જ રમાઈ હતી. આ પછી, ફ્લડ લાઈટ્સમાં સમસ્યાને કારણે મેચમાં વિક્ષેપ પડ્યો હોવાના અહેવાલો મળ્યા હતા. ત્યારબાદ જમ્મુ અને પઠાણકોટના પડોશી શહેરોમાં હવાઈ હુમલાની ચેતવણીને કારણે મેચ અધ વચ્ચે જ રદ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે પહેલા અનિશ્ચિતકાળ માટે આઈપીએલ સ્થગિત કરવાનો મોટો નિર્ણય ૯ મેના રોજ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા જ લેવામાં આવ્યો હતો.

# તંત્રી લેખ...

## પાકિસ્તાનીઓનો વિવાહની આડમાં ઘૂસણખોરીનો ખતરો

પાકિસ્તાની નાગિરકોને વિવાહના માધ્યમથી ભારતીય નાગરિકતા આપવાની નીતિ પર હાલની પરિસ્થિતિઓ જોતાં પુનર્વિચાર બહુ જરૂરી થઈ ગયો છે, વિશેષ રૂપે દેશમાં વધતા આતંકી ખતરાઓના પરિપ્રે-યમાં. ભારતે હંમેશાં પોતાના પડોશીઓ સાથે મૈત્રીપૂર્ણ સંબંધોને પ્રાથમિકતા આપી છે, પરંતુ પાકિસ્તાન તરફથી નિરંતર થઈ રહેલ આતંકવાદી ગતિવિધિઓએ સ્પષ્ટ કરી દીધું છે કે ત્યાંની સરકાર અને આતંકી સંગઠનો વચ્ચે ગઠબંધન ભારતની સુરક્ષા માટે ગંભીર પડકાર બનેલો છે. ભારતીય નાગરિકતા અધિનિયમ અંતર્ગત વિવાહના આધાર પર નાગરિકાત પ્રાપ્ત કરવાની પ્રક્રિયાને માનવીય આધાર અને વ્યક્તિગત સ્વતંત્રતાની રક્ષા માટે લાગુ કરવામાં આવી હતી, જેમાં વિદેશી નાગરિકને વિવાહ બાદ કેટલાક વર્ષોની કાયદેસરતા અને સમીક્ષા બાદ નાગરિકતાનું આવેદન કરવાની અનુમતિ મળે છે, પરંતુ હાલનાં વર્ષોમાં આ નીતિનો દુરુપયોગ પણ જોવા મળ્યો છે. ખોટી ઓળખ, બનાવટી દસ્તાવેજો અને બનાવટી વિવાહના માધ્યમથી કેટલાક પાકિસ્તાની નાગરિક ભારતમાં પ્રવેશ કરીને ગુપ્ત એજન્ડા અંતર્ગત દેશવિરોધી ગતિવિધિઓમાં સામેલ જોવા મળ્યા છે.

## કેન્દ્રીય નાણાં મંત્રીએ બેંકિંગ ક્ષેત્રની કામગીરી અને સાયબર સુરક્ષા તૈયારીઓની સમીક્ષા કરવા માટે બેઠકની અધ્યક્ષતા કરી

સરહદ પર તણાવને કારણે ઉભરતી સુરક્ષા ચિંતાઓ વચ્ચે, કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોના મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણે આજે જાહેર અને ખાનગી ક્ષેત્રની બેંકો અને વીમા કંપનીઓના મેનેજિંગ ડિરેક્ટરો અને સીઈઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી હતી. નાણાકીય સેવાઓ વિભાગ (DFS), નાણા મંત્રાલય, CERT-In, RBI, IRDAI અને NPCIના વરિષ્ઠ અધિકારીઓએ આ બેઠકમાં હાજરી આપી હતી જેમાં બેંકિંગ ક્ષેત્રની કામગીરી અને સાયબર સુરક્ષા તૈયારીઓની સમીક્ષા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું, જેમાં ઈન્ટરનેટ બેંકિંગ અને UPI જેવી ડિજિટલ એપ્લિકેશનોનો સમાવેશ થાય છે. સરહદ પર ચાલી રહેલા તણાવને ધ્યાનમાં રાખીને, તમામ બેંકો અને વીમા કંપની ઓના મેનેજિંગ ડિરેક્ટરો અને સીઈઓએ કેન્દ્રીય નાણાં મંત્રીને તેઓ જે પગલાં લઈ રહ્યા છે તેનાથી વાકેફ કર્યા હતા. બેંકના એમડી અને સીઈઓએ માહિતી આપી હતી કે સમગ્ર બેંકિંગ સિસ્ટમમાં સાયબર સુરક્ષા પગલાં વધુ મજબૂત બનાવવામાં આવ્યા છે. મોટા પાયે સાયબર હુમલાઓ સામે રક્ષણ આપવા માટે બેંકો દ્વારા એન્ટિ-ડીડીઓએસ (ડિસ્ટ્રિબ્યુટેડ ડિનાયલ-ઓફ-સર્વિસ) સિસ્ટમ્સ લાગુ કરવામાં આવી છે. સંસ્થાકીય તૈયારીની ખાતરી આપવા માટે, ઉચ્ચતમ સ્તરે સાયબર સુરક્ષા અને આપત્તિ પુનઃપ્રાપ્તિ પરિસ્થિતિઓને સમાવિષ્ટ કરીને મોક ડ્રીલ યોજવામાં આવી છે. તેમણે માહિતી આપી કે ફિશિંગના પ્રયાસો પર સક્રિય નજર રાખવામાં આવી રહી છે, અને સ્ટાફ સભ્યોને જાગૃતિ વધારવા માટે અનેક આંતરિક ચેતવણીઓ મળી છે. બેંક અધિકારીઓએ જણાવ્યું હતું કે તેમના સુરક્ષા સંચાલન કેન્દ્ર (SOC) અને નેટવર્ક સંચાલન કેન્દ્રો સંપૂર્ણપણે કાર્યરત છે અને ઉચ્ચ સતર્કતા પર છે. આ કેન્દ્રો CERT-In અને નેશનલ ક્રિટિકલ ઈન્ફોર્મેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોટેક્શન સેન્ટર (NCIIPC) સાથે ગાઢ સંકલન કરી રહ્યા છે, જે રીઅલ-ટાઈમ ડેટા શેરિંગ અને ધમકી દેખરેખને સરળ બનાવે છે. બેઠક દરમિયાન, શ્રીમતી સીતારમણે વધતા ભૂ-રાજકીય તણાવ અને પડકારજનક સમયમાં આર્થિક સ્થિરતા સુનિશ્ચિત કરવામાં બેંકિંગ અને નાણાકીય ક્ષેત્રની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો હતો. કેન્દ્રીય નાણાં મંત્રીએ તમામ બેંકોને કોઈપણ પરિસ્થિતિ કે કટોકટીનો સામનો કરવા માટે સંપૂર્ણપણે સતર્ક અને તૈયાર રહેવા નિર્દેશ આપ્યો, જેથી દેશભરના નાગરિકો, ખાસ કરીને સરહદી વિસ્તારોમાં, બેંકિંગ અને નાણાકીય સેવાઓની અવિરત પહોંચ સુનિશ્ચિત કરી શકાય. શ્રીમતી સીતારમણે ટિપ્પણી કરી હતી કે બેંકિંગ સેવાઓ, ભૌતિક અને ડિજિટલ બંને, વિક્ષેપ અને અવરોધો વિના કાર્ય કરવી જોઈએ, અને કોઈપણ ઉદ્ભવતી આકસ્મિક પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે કટોકટી પ્રોટોકોલ અપડેટ અને પરીક્ષણ કરવા જોઈએ. કેન્દ્રીય નાણાં મંત્રીએ સરહદી વિસ્તારોની આસપાસની શાખાઓમાં કામ કરતા બેંક કર્મચારીઓ અને તેમના પરિવારોની સલામતી અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી અને બેંકોને સુરક્ષા એજન્સીઓ સાથે અસરકારક રીતે સંકલન કરીને તેમની પૂરતી સલામતી સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો. કેન્દ્રીય નાણાં મંત્રીએ બેંકોને ખાતરી કરવા જણાવ્યું હતું કે નાગરિકો અને વ્યવસાયોને કોઈપણ સંજોગોમાં મુશ્કેલી ન પડે અને ATM પર રોકડની અવિરત ઉપલબ્ધતા, અવિરત UPI અને ઈન્ટરનેટ બેંકિંગ સેવાઓ અને આવશ્યક બેંકિંગ સુવિધાઓની સતત સુલભતાને પ્રાથમિકતા આપવી જોઈએ. શ્રીમતી નિર્મલા સીતારમણે બેંકોને તેમની સાયબર સુરક્ષા સિસ્ટમો અને ડેટા સેન્ટરોનું નિયમિત ઓડિટ કરવા અને ખાતરી કરવા નિર્દેશ આપ્યો કે તમામ ડિજિટલ અને કોર બેંકિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંપૂર્ણપણે ફાયરવોલ પર રાખવામાં આવે અને ભંગ અથવા કોઈપણ પ્રતિકૂળ સાયબર પ્રવૃત્તિને રોકવા માટે ચોવીસ કલાક દેખરેખ રાખવામાં આવે. કેન્દ્રીય નાણામંત્રીએ બેંકોને મુખ્યાલયમાં ઓળખાયેલા બે સમર્પિત વરિષ્ઠ અધિકારીઓને નિયુક્ત કરવા સૂચના આપી, એક સાયબર સંબંધિત તમામ બાબતોની જાણ કરવા માટે અને બીજો બેંક શાખાઓની કામગીરી અને ATM માં રોકડની ઉપલબ્ધતા સહિતની કામગીરીની બાબતો સુનિશ્ચિત કરવા માટે. બંને સમર્પિત અધિકારીઓએ કોઈપણ ઘટનાની જાણ CERT-In / સંબંધિત એજન્સીઓ અને DFS ને વાસ્તવિક સમયના આધારે કરવી જોઈએ. આ સંદર્ભમાં, બેંકોને ભારતીય રિઝર્વ બેંક, CERT-In અને સંબંધિત સરકારી એજન્સીઓ સાથે વાસ્તવિક સમયમાં સંકલન કરવા માટે પણ કહેવામાં આવ્યું હતું. જેથી મજબૂત અને ચપળ માહિતી આદાનપ્રદાન અને પ્રતિભાવ સુનિશ્ચિત થાય. શ્રીમતી સીતારમણે વીમા કંપનીઓને સમયસર દાવાની પતાવટ અને અવિરત ગ્રાહક સેવા સુનિશ્ચિત કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો. કેન્દ્રીય નાણાં મંત્રીએ ઉલ્લેખ કર્યો હતો કે પ્રાયોજક બેંકોએ ખાતરી કરવી જોઈએ કે આ સમય દરમિયાન RRB ને સારી રીતે ટેકો મળે અને તેઓ જે પણ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે તેમાં તેમનો સાથ-સહકાર મળે. શ્રીમતી સીતારમણે પુનરોચ્ચાર કર્યો કે ભારત સરકાર દેશની બેંકિંગ અને નાણાકીય વ્યવસ્થા મજબૂત અને સ્થિતિસ્થાપક રહે અને રાષ્ટ્રીય સુરક્ષા તેમજ આર્થિક સ્થિરતા માટે દ્રઢપણે પ્રતિબદ્ધ છે.

**બધા ભારતીયો સતત ન્યુઝ ચેનલ પર વોચ ગોઠવીને બેઠા છે, યુદ્ધ હોય કે એર સટ્રાઈક! અને ભારતીય જવાનો એનો જડબાતોડ જવાબ આપી રહ્યાં છે!**

## આપણે નિશ્ચિત થઈને સૂઈ શકીએ છીએ, કારણકે આપણી ડિફેન્સ સીસ્ટમ બહુ સ્ટ્રોંગ છે!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**અત્યારે આપણી કોઈ માહિતીનો ફાયદો એ લોકોને મળે, અને બીજું કંઈ નહીં તો બે ચાર ડ્રોન કે મિસાઈલ વધુ ફેંકે! એનાં કરતાં આપણે એ બાબત મૌન રાખીએ. પણ આ સમાચારમાં ભારતીય સૈન્યની તાકાત બતાવતા લેટેસ્ટ ટેકનોલોજી ધરાવતા સાધનોનો ઉલ્લેખ થાય છે! તો આજે આપણે આ સાધનોની રેન્જ વિશે વાત કરીશું.**

ભારતમાં પાકિસ્તાન સાથેના યુદ્ધ જેવાં વાતાવરણને કારણે, લોકો હવે શું થશે? અથવા તો પાકિસ્તાન એ કરેલા હુમલાને ભારતે કંઈ રીતે નાકામ બનાવ્યો? એ જાણવા લગભગ બધા ભારતીયો સતત ન્યુઝ ચેનલ પર વોચ ગોઠવીને બેઠા છે. યુદ્ધ હોય કે એર સટ્રાઈક! અને ભારતીય જવાનો એનો જડબાતોડ જવાબ આપી રહ્યાં છે! યુદ્ધ યોગ્ય છે કે અયોગ્ય? અને આપણે આમ કરવું જોઈતું હતું! અને ત્યાં આટલો લોકો ઘાયલ થયા કે જીવ ગુમાવ્યો! અહીંથી ડ્રોન મળી આવ્યું! લોકો ગભરાઈ ગયા! કે ત્યાં બે દિવસથી બ્લેક આઉટ રહ્યું, વગેરે વાતમા આપણે જવું નથી, કારણ કે એ સરકારનો નિર્ણય છે, અને વડાપ્રધાન, અમિતભાઈ, તેમજ રક્ષા મંત્રી રાજનાથ સિંહ, ઉપરાંત ત્રણેય પાંખનાં આટલાં બાહોશ અધિકારીઓ અને એમની વ્યુહરચના પર ટિપ્પણી કરવાં વાળા આપણે કોણ? અત્યારે આપણી કોઈ માહિતીનો ફાયદો એ લોકોને મળે, અને બીજું કંઈ નહીં તો બે ચાર ડ્રોન કે મિસાઈલ વધુ ફેંકે! એનાં કરતાં આપણે એ બાબત મૌન રાખીએ. પણ આ સમાચારમાં ભારતીય સૈન્યની તાકાત બતાવતા લેટેસ્ટ ટેકનોલોજી ધરાવતા સાધનોનો ઉલ્લેખ થાય છે! તો આજે આપણે આ સાધનોની રેન્જ વિશે વાત કરીશું. જી-૪૦૦ મિસાઈલ સિસ્ટમ શું છે ? જી-૪૦૦ મિસાઈલ સિસ્ટમને ભારતીય સેનાનું સૌથી શક્તિશાળી હવાઈ સંરક્ષણ શસ્ત્ર માનવામાં આવે છે, અને ભારતે તેને સુદર્શન ચક્ર નામ આપ્યું છે. આ સિસ્ટમનાં પાંચ યુનિટો ભારતે ૨૦૧૮ માં રશિયા પાસેથી ૩૫૦૦૦ કરોડના ખર્ચે ખરીદ્યા છે, જે કોઈપણ હવાઈ હુમલાથી બચાવવા માટે સંપૂર્ણપણે સક્ષમ છે. આ સિસ્ટમની રેન્જ ૪૦ થી ૪૦૦ કિલોમીટર સુધીની છે. આ ઉપરાંત, એવું કહેવામાં આવે છે કે જી-૪૦૦ સિસ્ટમ એટલી ખતરનાક છે કે તે અદ્યતન ફાઈટર જેટને પણ તોડી પાડી શકે છે. આ મિસાઈલ સિસ્ટમ દ્વારા, ચીન કે પાકિસ્તાન તરફથી કોઈપણ પરમાણુ મિસાઈલ હુમલો ભારત પહોંચે તે પહેલાં તેને રોકી શકાય માટે જ ખરીદવામાં આવ્યા છે. હવે ભારતીય નાગરિકને પ્રશ્ન થાય કે આ સિસ્ટમ ની શક્તિ કેટલી? જી-૪૦૦ મિસાઈલ સિસ્ટમની શક્તિ ખૂબ જ વધારે છે. તે એક સમયે ૭૨ મિસાઈલો છોડી શકે છે. જી-૪૦૦ મિસાઈલ સિસ્ટમને એસ એ -૨૧ ગ્રોલર લોંગ રેન્જ ડિફેન્સ મિસાઈલ સિસ્ટમ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ઉપરાંત, આ મિસાઈલ +૫૦ ડિગ્રીથી -૭૦ ડિગ્રી તાપમાનમાં પણ કામ કરી શકે છે. જી-૪૦૦ મિસાઈલ ૧૦૦ થી ૪૦,૦૦૦ ફૂટની ઊંચાઈએ ઉડતા લક્ષ્યોને સરળતાથી ઓળખી શકે છે, અને તેનો નાશ કરી શકે છે. તેની સૌથી સારી ખાસિયત અને તાકાત એ છે કે આ મિસાઈલની એર ડિફેન્સ સિસ્ટમને ગમે ત્યાં લઈ જવી ખૂબ જ સરળ છે. આ કારણે આ મિસાઈલને નષ્ટ કરવી ખૂબ જ મુશ્કેલ છે. કારણ કે તેનું રડાર ૬૦૦ કિમી સુધીની રેન્જમાં લગભગ ૩૦૦ લક્ષ્યોને ટ્રેક કરી શકે છે. આ સિસ્ટમ મિસાઈલ, વિમાન કે ડ્રોનથી થતા કોઈપણ પ્રકારના હવાઈ હુમલા સામે રક્ષણ આપવામાં સક્ષમ છે. જી-૪૦૦ પાકિસ્તાન તરફથી આવતી દરેક મિસાઈલને તોડી પાડવાની શક્તિ ધરાવે છે, એની જાણ હોવાથી જ એનો ઉપયોગ ઓપરેશન સિંદુરમાં થયો, અને જેમાં પાકિસ્તાનની ખતરનાક મિસાઈલો ગઝનવી, શાહીન-૧,એન એસ આર અને ફાઈટર એરક્રાફ્ટ જ્ઞ-૧૬ નો નાશ કર્યો. જી-૪૦૦ મિસાઈલ સિસ્ટમને દુશ્મનો માટે સૌથી મોટો ખતરો માનવામાં આવે છે. કારણ કે આ મિસાઈલનો આજ સુધીમાં ૯ દેશોએ ઉપયોગ કર્યો છે, અને તેની કોઈ નિશ્ચિત સ્થિતિ નથી. તેથી તેને સરળતાથી શોધી શકાતું નથી. આ ઉપરાંત, જી-૪૦૦ મિસાઈલ સિસ્ટમમાં થાપિત રડાર પણ ખૂબ જ અદ્યતન છે,અને તેમાં ચાર પ્રકારની રેન્જ ૪૦,૧૦૦,૨૦૦, ૪૦૦,ની મિસાઈલ ફીટ થાય છે. હાર્પી ડ્રોન જે ઈઝરાયલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા વિકસિત, હાર્પી એ આગામી પેઢીની લોઈટરિંગ મ્યુનિશન સિસ્ટમ છે. આ સિસ્ટમ માનવરહિત હવાઈ વાહનોની ક્ષમતાઓને ચોકસાઈ માર્ગદર્શિત મ્યુનિશન સાથે જોડે છે, જે તેને અત્યંત ઘાતક અને બહુમુખી બનાવે છે. હાર્પી ડ્રોન ડ્યુઅલ રોલ વેપન સિસ્ટમ, હવાઈ સંરક્ષણ, અદ્યતન લક્ષ્યીકરણ સિસ્ટમ્સઃ ડોમેન્સમાં બહુમુખી એપ્લિકેશનો, વિશાળ વોરહેડ પેલોડઃ આ ડ્રોન ૨૩ કિલો ૫૧ પાઉન્ડનો વિસ્ફોટક પેલોડ વહન કરે છે, જે તેને રડાર, મિસાઈલ સિસ્ટમ્સ અને દુશ્મનના ઠેકાણાઓ સહિત ઉચ્ચ મૂલ્ય અને મોબાઈલ લક્ષ્યોની વિશાળ શ્રેણીને નિષ્ક્રિય કરવા સક્ષમ બનાવે છે.કેનિસ્ટરથી લોન્ચ કરાયેલ,જેવી અદ્યતન ઘણી વિશેષતા ધરાવે છે. બરાક ૮- એ હિબ્રુ ભાષાનો શબ્દ છે, જેનો અર્થ લાઈટનિંગ જેવો થાય છે, અને જેને એલઆર એસએએમ અથવા એમઆર એસએએમ અથવા બરાક એમ એક્સ તરીકે પણ ઓળખવામાં આવે છે . બરાક ૮ની ડિઝાઈન ૨૦૦૮ ઈઝરાયેલમાં બની હતી, પણ પછી તેનું ઉત્પાદન ઈઝરાયેલ ઉપરાંત ભારતમાં પણ થાય છે,અને ૨૦૧૬ થી એ ભારતીય સેનાની શોભા બની છે. આમ બરાક ૮ એ ભારત-ઈઝરાયલી સંયુક્ત રીતે વિકસિત સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ સિસ્ટમ છે, જે વિમાન, હેલિકોપ્ટર, જહાજ વિરોધી મિસાઈલો અને યુ એ વી તેમજ બેલિસ્ટિક મિસાઈલો , ક્રુઝ મિસાઈલો અને કોમ્બેટ જેટ સહિત કોઈપણ પ્રકારના હવાઈ ખતરા સામે રક્ષણ આપવા માટે રચાયેલ છે. આ સિસ્ટમના દરિયાઈ અને જમીન-આધારિત બંને પ્રકારો અસ્તિત્વમાં છે. હવાઈ સંરક્ષણ પ્રણાલી એટલે કે એર ડિફેન્સ સિસ્ટમ્સનો મુખ્ય ઉદ્દેશ્ય આકાશમાંથી આવતા ખતરાઓને દૂર કરવાનો છે. પછી ભલે તે દુશ્મનના લડાકુ વિમાન હોય, માનવરહિત ડ્રોન હોય કે મિસાઈલ હોય. આ કાર્ય રડાર, નિયંત્રણ કેન્દ્રો, રક્ષણાત્મક ફાઈટર એરક્રાફ્ટ અને જમીન આધારિત હવાઈ સંરક્ષણ મિસાઈલ, આર્ટિલરી અને ઈલેક્ટ્રોનિક યુદ્ધ પ્રણાલીઓની જટિલ સિસ્ટમની મદદથી પૂર્ણ થાય છે. હવાઈ સંરક્ષણ પ્રણાલી ને ત્રણ પેટમાં વિભાજિત કરી શકાય છે. ૧)શોધ - ડિટેક્ટ : કોઈપણ હવાઈ સંરક્ષણ પ્રણાલીની સફળતાની ચાવી એ છે કે તે શરૂઆતમાં જ ખતરાઓ શોધી કાઢે છે. ૨) રડાર ટ્રાન્સમીટર દ્વારા ઈલેક્ટ્રોમેગ્નેટિક રેડિયો તરંગોના બીમ મોકલે છે. આ તરંગો તેઓ જે વસ્તુઓને અથડાવે છે તેને પ્રતિબિંબિત કરે છે - જેમ કે દુશ્મન વિમાન. ૩) રીસીવર પરત આવતા રેડિયો તરંગો એકત્રિત કરે છે - જેના આધારે તે ખતરાના અંતર, તેની ગતિ અને તેની ચોક્કસ પ્રવૃતિનો અંદાજ લગાવે છે. વિક્રાંત, હાલમાં ભારતીય નૌકાદળ પાસે બે ઓપરેશનલ એરક્રાફ્ટ કેરિયર આઈએનએસ વિક્રમાદિત્ય અને આઈએનએસ વિક્રાંત છે. આઈએનએસ વિક્રાંતનું નામ નેવીના કેપ્ટન વિક્રાંતને શ્રદ્ધાંજલી આપવા માટે રખાયું છે. ભારતીય નૌકાદળના વિનાશક યુદ્ધ જહાજોની સંખ્યા ૧૨ છે. જ્યારે ભારતીય નૌકાદળ પાસે ૧૮ સબમરીન છે. તેમાંથી ૩ સબમરીન પરમાણુ મિસાઈલ ફાયર કરવામાં સક્ષમ છે આ ઉપરાંત અરિહંત અને અરિઘટ છે. ૨૦૦૯ માં લોન્ચ થયેલ અરિહંત ૭૦૦ કિલોમીટર દૂર સુધીના લક્ષ્યાંકોને હિટ કરી શકે છે. ૨૦૧૭ માં લોન્ચ થયેલ અરિઘાટ પણ ૭૦૦ કિલોમીટર દૂર સુધીના લક્ષ્યો પર પણ હુમલો કરી શકે છે. નેવી ચીફ દિનેશ કુમાર ત્રિપાઠીનું કહેવું છે કે ભારતીય નૌકાદળને વધુ મજબૂત કરવા માટે ૨૬ રાફેલ-એમ માટેનો સોદો ફ્રાન્સ સાથે ફાઈનલ થવાનો છે,જેને સ્વદેશી એરક્રાફ્ટ કેરિયર વિક્રાંત પર તૈનાત કરવામાં આવશે. આમ આટલું સશક્ત જેનું સૈન્ય હોય! ઉપરથી માતાનાં દૂધમાં જ જેને શૌર્ય સીંચાયો હોય એ જવાનોની તાકાત આગળ કોઈ કેટલું ટકી શકે? અને એ પણ અનીતિ નાં બળે! આવી સતત દહેશત વાળી યુદ્ધની સ્થિતિમાં આપણે નિશ્ચિત થઈને સૂઈ શકીએ એ માટે કેટલાં લોકો જાગે છે!; એ સૌને હ્રદય પૂર્વક નમન. જય હિન્દ.

**સ્વપ્નમાંથી જાગ્યા પછી સ્વપ્ન જેમ મિથ્યા લાગે છે, તેમ ભગવાન ના સાક્ષાત્કારથી જગત મિથ્યા લાગે છે, ઈશ્વર સદા-સર્વદા એક સ્વરૂપ છે**

## ભક્તિનું ફળ ભોગ નથી, ભગવાન છે..



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**જે ધર્મમાં બિલકુલ કપટ નથી એ નિષ્કપટ ધર્મ એ ભાગવતનો મુખ્ય વિષય છે, મનુષ્ય સત્કર્મનું ફળ ઇચ્છે તોએ ધર્મમાં કપટ છે, નિષ્કામ કર્મમાં દોષ ક્ષમ્ય છે, સકામ કર્મમાં દોષ ક્ષમ્ય નથી, નિષ્કામ કર્મમાં ભૂલ ક્ષમ્ય છે, પરંતુ સકામ કર્મમાં ભૂલ થાય તે ક્ષમ્ય નથી, નારદજીએ વાલ્મીકિ ને રામના મંત્રનો જપ કરવાનું કહ્યું, વાલ્મીકિ ભૂલથી રામને બદલે મરા મરા જપવા લાગ્યા, મરા મરા કહેવાથી પણ આ મંત્રનું ફળ તેઓ ને મળ્યું કારણ?**

પાકિસ્તાન અધર્મના માર્ગે ચાલી પોતે તો દુઃખી થયું પણ બીજાને દુઃખી કરી રહ્યું છે.ત્યારે કળિયુગ માં જુઠાણું વધુ ભલે ચાલતું હોય પરંતુ સત્યનો વિજય થાય જ છે એ ભૂલવું ન જોઈએ. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જગત અસત્ય છે, પરમાત્મા સત્ય છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં જે એક સ્વરૂપે રહે તે સત્ય. તેથી વ્યાસજી કહે છે કે, સત્યનું અમે ધ્યાન કરીએ છીએ. તેથી સુખી થવું હોય તો સત્ય પરમાત્મા સાથે પ્રેમ કરો. જગત અસત્ય છે. જગત ના પદાર્થો દુઃખરૂપ છે.વ્યવહારમાં જગત સત્ય જેવું ભાસે છે,પણ તત્ત્વ દૃષ્ટિથી જગત સત્ય નથી. તે જ્ઞાની પુરુષો જગત અનિત્ય છે, અસત્ય છે, માયા છે, માત્ર ભાસ છે, તેમ વારંવાર ચિંતન કરે છે. સ્વપ્નમાંથી જાગ્યા પછી સ્વપ્ન જેમ મિથ્યા લાગે છે,તેમ ભગવાન ના સાક્ષાત્કારથી જગત મિથ્યા લાગે છે.ઈશ્વર સદા-સર્વદા એક સ્વરૂપ છે. એને કામ, ક્રોધ, લોભ વગેરેની અસર થતી નથી. એ પોતે આનંદરૂપ છે. રૂપિયો ખોટો હોય તો તેના ઉપર મોહ થતો નથી તેમ આ ખોટા, અસત્ય જગત ઉપર મોહ ન કરવો. મિલનમાં સુખ થાય છે, પણ વિયોગમાં અતિશય દુઃખ થાય છે. માટે વિયોગ અવશ્ય છે એમ સમજી જગતના જીવોઉપર પ્રેમ ન કરો. અંધારામાં પડેલું દોરડું સર્પરૂપે ભાસે છે,પરંતુ પ્રકાશ આવતાં જ્ઞાન થતાં તેના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થાય છે. તેમ આ સંસાર અસત્ય હોવા છતાંમાનવી ને અજ્ઞાનને કારણે તે સત્ય હોય એમ ભાસે છે. આ દશ્ય જગત અસત્ય છે, ભ્રમ રૂપ છે, ખોટું છે.તેમ છતાં સત્યરૂપ પરમેશ્વરના આધારે તે રહેલું હોવાથી તે સત્ય જેવું ભાસે છે. રાજાએ ખોટા મોતીનો હાર પહેર્યો હોય,તો પણ તેની પ્રતિષ્ઠા ને કારણે લોકો માનશે કે રાજાએ સાચાં મોતીનો હાર પહેર્યો છે. ગરીબ માણસે સાચાં મોતીનો હાર પહેર્યો હોય, તો પણ તેની ગરીબી ને કારણે લોકો એમ માનશે કે, તેણે ખોટાં મોતીનો હાર પહેરેલો છે. તે પ્રમાણે જગતરૂપી બનાવટી મોતીની કંઠી પરમાત્માએ પોતાના ડોકમાં રાખીછે.માટે જગતમાં રહેજો પણ જગતને ખોટું માનીને રહેજો. ભાગવતનો મુખ્યવિષય કયો?અને ભાગવત નો અધિકારી કોણ? જે ધર્મમાં બિલકુલ કપટ નથી એ નિષ્કપટ ધર્મ એ ભાગવતનો મુખ્ય વિષય છે. મનુષ્ય સત્કર્મનું ફળ ઈચ્છે તોએ ધર્મમાં કપટ છે. નિષ્કામ કર્મમાં દોષ ક્ષમ્ય છે. સકામ કર્મમાં દોષ ક્ષમ્ય નથી. નિષ્કામ કર્મમાં ભૂલ ક્ષમ્ય છે, પરંતુ સકામ કર્મમાં ભૂલ થાય તે ક્ષમ્ય નથી. નારદજીએ વાલ્મીકિ ને રામના મંત્રનો જપ કરવાનું કહ્યું. વાલ્મીકિ ભૂલથી રામને બદલે મરા મરા જપવા લાગ્યા.મરા મરા કહેવાથી પણ આ મંત્રનું ફળ તેઓ ને મળ્યું કારણ? તેમાં નિષ્કામ કર્મ છે. અતિ પાપીના મુખમાંથી ભગવાનનું નામ જલ્દી નીકળતું નથી. ભગવાન અંદર આવે તો પાપને બહાર નીકળવું પડે,એટલે પાપ ભગવાનનું નામ લેવા દેતું નથી.સેવાનું ફળ સેવા છે, મેવા નહીં.માટે મુક્તિ પણ આશા કરવી નહીં. આમ ભગવાન નો મુખ્ય વિષય છે નિષ્કામભક્તિ ભોગ ભોગવવાની ઈચ્છા છે ત્યાં ભક્તિ રહેતી નથી. ભોગ માટે ભક્તિ કરે તેને ભગવાન વહાલા નથી, સંસાર વહાલો છે. ભોગ માટે ભક્તિ નહીં ભગવાનને માટે ભક્તિ કરો.ભક્તિનું ફળ ભોગ નથી, ભગવાન છે. ઠાકોરજી મારું કામ કરે એવો વિચાર કરે તેને વૈષ્ણવ કેમ કહેવાય? ભગવાન પાસે કોઈ પુત્ર માગે છે. કોઈ ધન માગે છે. ભગવાન કહે છે, પોતાનું કામ મારા મારફત. વાહ આ તો એમનું કામ મારી પાસે કરાવવા માગે છે. સાચો વૈષ્ણવ તો કહેશે,મારી આંખ, મારી બુદ્ધિ, મારું મન, મારું બધું હું આપને સમર્પણ કરવા આવ્યો છું. વૈષ્ણવો પ્રભુ પાસે મુક્તિ પણ માગતા નથી.મને દર્શન આપો એમ પણ કહેતાનથી માગવાથી પ્રેમનો ભંગ થાય છે. પ્રેમ ઓછો થાય છે. માટે ભગવાન પાસે કંઈ માગશો નહીં. શ્રીરામચંદ્રજીનો રાજ્યાભિ ષેક થયા પછી તેઓ દરેક વાનરને ભેટસોગાદ આપી નવાજેશ કરે છે, પરંતુ હનુમાનજીને તેઓ કાંઈ આપતા નથી.આ જોઈ સીતાજી કહે, આ હનુમાનજીને પણ કાંઈ આપોને. રામજી કહે, હનુમાનજી ને હું શું આપું? હનુમાનજીના ઉપકારનો બદલો મારાથી વાળી શકાય તેમ નથી. શુદ્ધ પ્રેમમાં લેવાની નહીં, આપવાની ભાવના થાય છે. મોહ ભોગ માગે છે, જ્યારે પ્રેમ ભોગ આપે છે. પ્રેમમાં માગણી ન હોય. પ્રેમમાં માગણી આવી એટલે સાચો પ્રેમ ગયો સમજવો. ભક્તિમાં માગો તે માગેલી વસ્તુ મળશે ખરી, પણ ભગવાન જશે,આપવા વાળો જશે ભગવાન ગીતામાં કહે છે કે, દેવના ભક્તો દેવની પૂજા કરે છે. તેઓ પણ તેનું ફળ પામે છે ને મારા ભક્તો મને પામે છે. ભગવાન પાસે જેટલું માગશો તેટલું તે આપશે પણ પ્રભુ પાસે માગશો,તો પ્રેમ ઓછો થશે. વ્યવહારમાં પણ એક મિત્ર બીજા પાસે ન માગે ત્યાં સુધી બે વચ્ચે પ્રેમ રહે છે.ગોપીઓ આંખ શ્રીકૃષ્ણને આપે છે,મન શ્રીકૃષ્ણને આપે છે. કહે છે મારે કાંઈ માગવું નથી. મારું સર્વસ્વ માટે શ્રીકૃષ્ણને આપવું છે. એમ માનો પ્રભુએ મને ઘણું આપ્યું છે. ઠાકોરજીએ ઓછું આપ્યું હોય તો માનવું કે મારા ઠાકોરજી પરિપૂર્ણ છે, પણ મારી લાયકાત નથી એટલે ઓછું આપ્યું છે. નિષ્કામ ભક્તિ ઉત્તમ છે. વૈષ્ણવો મુક્તિની પણ અપેક્ષા કરતા નથી. હરિના જન તો મુક્તિ ન માગે, જનમોજનમ અવતાર રે. મુક્તિ કરતા ભક્તિમાં અલૌકિક આનંદ છે. ભક્તિમાં જેને આનંદ મળે છે તેને મુક્તિનો આનંદ તુચ્છ લાગે છે વૈષ્ણવો માને છે, મુક્તિ એ તો મારા ભગવાનની દાસી છે, મારે દાસીનું કામ નથી, ભગવાનનું કામ છે. દાસી કરતાં મારા ભગવાન વધારે છે. રામકૃષ્ણ પરમહંસને કેન્સર થયેલું શિષ્યા કહે છે કે, માતાજીને કહો. તારો રોગ સારો કરે.રામકૃષ્ણે કહ્યું મારી માતાને હું મારા માટે તકલીફ નહીં આપું. ભક્તિનો અર્થ એવો નથી કે પોતાના સુખ માટે ઠાકોર જીને પરિશ્રમ આપવો માગવાથી સાચી મૈત્રીનું ગૌરવ ટકતું નથી. સાચી મૈત્રી સમજનાર કદી માગતો નથી. સુદામાની ભગવાન પ્રત્યેની મૈત્રી જુઓ. સુદામાની સ્થિતિ ગરીબ હતી.તેમની પત્નીએ તેમને શ્રી કૃષ્ણને ત્યાં માગવા મોકલ્યા. સુદામા ભગવાને મળવા આવ્યા છે. સુદામા માગવા આવ્યા નથી. દ્વારિકાનાથનો તેમણે વૈભવજોયો પણ સુદામા એ જીભ કચડી નથી. સુદામાને લાગ્યું કે,મારા દુઃખની કથા સંભળાવીશ, તો મારા પ્રભુને દુઃખ થશે. મારાં દુઃખ એ મારાં કર્મનું ફળછે.મારાં દુઃખ માટે પ્રભુને શા સારું દુઃખ કરું? એટલે સુદામા એ ભગવાન પાસે કાંઈ માગ્યું નથી સુદામાને બસ એક જ ઈચ્છા છે.મારા પૌંવા ભગવાન આરોગે.સુદામા લેવા આવ્યા નથી,તે પોતાનું સર્વસ્વ આપવા આવ્યા છે. ઈશ્વર પહેલાં તમારું સર્વસ્વ લેશે તે પછી પોતાનું સર્વસ્વ આપશે અને જે ઈશ્વરને સર્વસ્વ આપશે તેને ઈશ્વરનું સર્વસ્વ મળશે જીવ નિષ્કામ બને છે ત્યારે ભગવાન તેની પૂજા કરે છે. ભક્તિ નિષ્કામ હોય તો ભગવાન પોતાના સ્વરૂપ નું ભક્તને દાન કરે છે.જીવ જ્યારે જીવપણું છોડી ઈશ્વરના દ્વારે જાય છે,ત્યારે ઈશ્વર પણ ઈશ્વર પણું ભૂલે છે.દસ દિવસના ભૂખ્યા હતા, તો પણ સુદામાએ પોતાનું સર્વસ્વ ભગવાન ને આપી દીધું. સુદામાના પૌંવા ભલે મુઠી જેટલા હશે પણ સુદામાનું તે સર્વસ્વ હતું પૌંવાની કિંમત ન હતી સુદામાના પ્રેમની કિંમત હતી. ગોપીઓએ કાંઈ માગ્યું નથી. ગોપીઓની ભક્તિ નિષ્કામ હતી, એટલે ભગવાન ગોપીઓના ઋણ માં રહ્યા છે.ગોપી ગીતમાં પણ ગોપીઓ ભગવાનને કહે છે કે,અમે તમારી વગર વેતનની દાસી ઓ છીએ. અમે માત્ર તમારી નિષ્કામ સેવા કરી જાણીએ. કુરુક્ષેત્રમાં શ્રીકૃષ્ણ તેમજ ગોપી ઓ મળે છે, ત્યારે પણ ગોપીઓ શ્રીકૃષ્ણ પાસે કાંઈ માગતી નથી, ફક્ત એટલું જ કહે છે કે,સંસારના કૂવામાં પડેલા તમારા ચરણનો આશરો લે તો તરી જાય છે તેમ અમે ઘરમાં રહીએ તોયે અમારા મનમાં તમારા ચરણ નું સ્મરણ રહો. એક ગોપી ઉદ્ધવજીને કહે છે, ઉદ્ધવ તું કોનો સંદેશો લઈને આવ્યો છે?શ્રીકૃષ્ણનો?તે તો અહીં જ છે! શ્રીકૃષ્ણ મથુરા ગયા જ નથી.મારા ઠાકોરજી હંમેશાં મારી સાથે છે.ચોવીસ કલાક અમારો અને તેનો નિત્ય સંયોગ છે. ગોપીઓનો પ્રેમ યુદ્ધ છે. ગોપીઓ જ્યારે ઠાકોરજીનું સ્મરણ કરે છે, ત્યારે ઠાકોરજીને પ્રગટ થવું પડે છે. ગોપીઓની નિષ્કામ ભક્તિ એવી છે કે, તે ભગવાનને ખેંચી લાવે છે.ભગવાન પોતે જ ઉદ્ધવ ને કહે છે કે,મારી ગોપીઓ મારા મય ચિત્ત વાળી છે. ઠાકોરજીને નિત્ય સાથે રાખશો,તો જ્યાં જશો ત્યાં ભક્તિ કરી શકશો. તેથી તો તુકારામ કહે છેકે, ભલે મને ભોજન ન મળે પણ ચોવીસ કલાકમાં એક ક્ષણ પણ પ્રભુ, હે વિઠ્ઠલનાથ, મને તમારાથી અલગ ન કરશો. ગોપીઓનો આદર્શ આંખ સમક્ષ રાખી ભગવાનની ભક્તિ કરો. સુદામાની નિષ્કામ ભક્તિ યાદ રહે તેવી ભક્તિ કરો. ભક્તિ નિષ્કામ હશે તો ભગવાન પોતાનું સ્વરૂપ આપી દેશે, અને તેથી જ નિષ્કામ ભક્તિ એ ભાગવતનો મુખ્ય વિષય છે. નિષ્કામ ભક્તિ શ્રેષ્ઠ છે.ગોપીઓ નો શ્રીકૃષ્ણ પ્રત્યેનો પ્રેમએ નિષ્કામ ભક્તિનું ઉદાહરણ છે. ગોપ ીઓને મુક્તિની પણ ઈચ્છા ન હતી. શ્રીકૃષ્ણનું સુખ એ જ મારું સુખ એવો પ્રેમનો આદર્શ ગોપી ઓનો હતો. એક સખીએ ઉદ્ધવને સંદેશો આપ્યો છે કે, શ્રી કૃષ્ણ વિયોગમાં અમારી દશા કેવી છે તે તો તમે જોયું છે. હવે મથુરા ગયા પછી શ્રી કૃષ્ણને કહેજો કે,આપ મથુરામાં આનંદમાં બિરાજતા હોતો અમારા સુખ માટે વ્રજમાં આવવાનો પરિશ્રમ કરશો નહીં. અમારો પ્રેમ જાતે સુખી થવા માટે નહીં,પરંતુ શ્રી કૃષ્ણને સુખી કરવા માટે છે. શ્રીકૃષ્ણના વિયોગ માં અમે દુઃખી છીએ,વિલાપ કરીએ છીએ પરંતુ અમારા વિના જો મથુરામાં સુખી હોય તો ભલે ત્યાં જ સુખી રહે. અમારા સુખ માટે તેમણે અહીં આવવાની જરૂર નથી પરંતુ જો તેમને પોતાના સુખ માટે અત્રે આવવું હોય તો ભલે આવે. ભારત પાકિસ્તાન વચ્ચે તણાવભરી પરિસ્થિતિમાં સૌને જય માતાજી સુપ્રભાત આજે રવિવારે બસ આટલું જ સતત ઈલેક્ટ્રોનિક મીડિયા યુધ્ધનો અહેવાલ જોરશોરથી બતાવી રહ્યું છે.અસ્તુ.

### રાજકુમાર રાવ ફરી એકવાર રોમ-કોમ ફિલ્મ સાથે આવી રહ્યા છે

# ફિલ્મે એડવાન્સ બુકિંગમાં જ સારું ખાતું ખોલ્યું

રાજકુમાર રાવ ફરી એકવાર રોમ-કોમ ફિલ્મ સાથે આવી રહ્યા છે. આ ફિલ્મમાં તેમની સાથે વામિકા ગબ્બી મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. ભૂલ ચુક માફ ૯ મેના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મનું એડવાન્સ બુકિંગ શરૂ થઈ ગયું છે. રાજકુમાર અને ભૂલ છુપ માફ પહેલા દિવસે ૨-૩ કરોડની કમાણી કરી શકે છે, આ સંખ્યા ૪ કરોડ સુધી પહોંચી શકે છે વામિકા ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે.આ ફિલ્મનું એડવાન્સ બુકિંગ સારી રીતે શરૂ થયું છે. હવે ચાહકો ફિલ્મની રિલીઝની રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મે એડવાન્સ બુકિંગથી સારી કમાણી કરી છે.ભૂલ ચૂક માફનું નિર્દેશન કરણ શર્માએ કર્યું છે. એક અહેવાલ મુજબ, ફિલ્મની ત્રણ મુખ્ય રાષ્ટ્રીય ચેન, પીવીઆર, આઈનોક્સ અને સિનેપોલિસે પહેલા દિવસે ૩૦૦૦ ટિકિટ વેચી દીધી છે. પીવીઆરમાં ભૂલ ચુક માફનું રેકોર્ડ વેચાણ જોવા મળ્યું. અહેવાલો અનુસાર, આ ફિલ્મ એડવાન્સ બુકિંગ દ્વારા લગભગ ૧૫,૦૦૦ ટિકિટ વેચાશે.ટ્રેડ નિષ્ણાતોના મતે, ભૂલ છુપ માફ પહેલા દિવસે ૨-૩ કરોડની કમાણી કરી શકે છે. આ સંખ્યા ૪ કરોડ સુધી પહોંચી શકે છે. બાકીનો આધાર ફિલ્મના એડવાન્સ બુકિંગ અને સમીક્ષાઓ પર પણ છે.ભૂલ ચૂક માફ અજય દેવગનની રેડ ૨ સાથે સ્પર્ધા કરશે. રેડ ૨ પહેલાથી જ બોક્સ ઓફિસ પર શાનદારલ કલેક્શન કરી રહી છે. રાજકુમાર રાવ ફરી એકવાર રોમ-કોમ ફિલ્મ સાથે આવી રહ્યા છે રેડ ૨ ના શાનદાર વ્યવસાયની અસર ભૂલ ચૂક માફ પર પડશે. હવે, ફિલ્મના પહેલા દિવસના કલેક્શન પછી કોને સૌથી વધુ અસર થશે તે જાણી શકાશે. ભૂલ ચૂક માફમાં રાજકુમાર રાવ અને વામિકા ગબ્બી સાથે સીમા પાહવા અને ઝાકીર હુસૈન સહિત ઘણા કલાકારો મહત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવતા જોવા મળ્યા છે. ફિલ્મનું ટ્રેલર જોયા પછી, લોકોને તેની વાર્તા ખૂબ જ રસપ્રદ લાગી રહી છે.




# રણવીર સિંહે માતા બનવાનો નિર્ણય દીપિકા પાદુકોણ પર છોડ્યો હતો

### આ દિવસોમાં તેમના નવા માતા અને પિતા બનવાનો આનંદ માણી રહ્યા છે



બોલિવૂડ કપલ દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ આ દિવસોમાં તેમના નવા માતાપિતા બનવાનો આનંદ માણી રહ્યા છે. તાજેતરમાં, આ દંપતીએ બાળકને ગર્ભધારણ કરવા અને તેમના માતાપિતા બનવાના સમયગાળા વિશે વાત કરી છે. દીપિકાએ કહ્યું છે કે રણવીર સિંહે માતા બનવાનો નિર્ણય તેના પર છોડી દીધો હતો. તેમણે એમ પણ કહ્યું કે તેમને તેમની પુત્રીનું નામ રાખવામાં બે મહિના લાગ્યા. તાજેતરના ઈન્ટરવ્યુમાં, દીપિકા પાદુકોણે ખુલાસો કર્યો કે રણવીરે તેને બાળકનો નિર્ણય લેવાનો અધિકાર આપ્યો હતો. રણવીરે દીપિકાને કહ્યું હતું કે- 'આ તારું શરીર છે.' હા, એ આપણા બંનેનો નિર્ણય છે, પણ અંતે બધું તમારા શરીરે જ સહન કરવું પડે છે. તો જ્યારે પણ તમને તૈયાર લાગે ત્યારે આગળ વધીશું.આ દરમિયાન દીપિકા પાદુકોણે એમ પણ કહ્યું કે તેને પોતાની દીકરીનું નામ રાખવાની કોઈ ઉતાવળ નથી. એટલા માટે તેને નામ પસંદ કરવામાં બે મહિના લાગ્યા. અભિનેત્રી કહે છે, 'મને લાગે છે કે અમારા માટે સૌથી મહત્વપૂર્ણ હતું કે અમે બાળકને આપણા હાથમાં પકડી રાખીએ, તેને આ નવી દુનિયા જોવા દઈએ જેમાં તે આવી છે, તેના વ્યક્તિત્વનો થોડો વિકાસ થવા દઈએ.' દીપિકાએ કહ્યું કે તે તેની પુત્રી માટે એક એવું નામ ઈચ્છતી હતી જે તેના અને રણવીર માટે તેનો અર્થ દર્શાવે. રણવીર સેટ પર હતો ત્યારે તેણે મધ્યરાત્રિએ મેસેજ કર્યો. સંદેશમાં તેણે લખ્યું- 'દુઆ ?' અભિનેતા આ માટે સંમત થયા.

# ટ્વિંકલ ખન્નાએ લગ્ન માટે હા પાડતા પહેલા અક્ષયના ૫૬ મેડિકલ ટેસ્ટ કરાવ્યા

### અક્ષય કુમાર સાથે લગ્ન કરતા પહેલા તેમનો સંપૂર્ણ તબીબી ઇતિહાસ એકત્રિત કર્યો હતો

અક્ષય કુમાર અને ટ્વિંકલ ખન્ના બોલિવૂડના પ્રિય કપલ્સમાંથી એક છે. ટ્વિંકલે એક વખત ખુલાસો કર્યો હતો કે લગ્ન પહેલા તેણે અક્ષય પર ૫૬ ટેસ્ટ કરાવ્યા હતા. તે અક્ષયની સમગ્ર મેડિકલ હિસ્ટ્રી જાણતી હતી.અક્ષય કુમાર અને ટ્વિંકલ ખન્નાના લગ્નને ૧૯ વર્ષ થઈ ગયા છે. આ બોલિવૂડના પ્રિય કપલ્સમાંથી એક છે. બંને વચ્ચે મીઠી-ખાટી મજાક ચાલી રહી છે. ટ્વિંકલ ખન્ના ઘણીવાર અક્ષયની મજાક ઉડાવતી જોવા મળે છે અને અભિનેતા તેને ચૂપચાપ સાંભળતો રહે છે. અક્ષય અને ટ્વિંકલની લવ સ્ટોરી કોઈ ફિલ્મી સ્ટોરીથી ઓછી નથી. ટ્વિંકલ ખન્નાએ અક્ષય કુમાર સાથે લગ્ન કરતા પહેલા તેમનો સંપૂર્ણ તબીબી ઈતિહાસ એકત્રિત કર્યો હતો ટ્વિંકલે એક વખત ખુલાસો કર્યો હતો કે લગ્ન પહેલા તેણે અક્ષય પર ૫૬ ટેસ્ટ કરાવ્યા હતા અને અભિનેતાને આ વિશે કોઈ જાણકારી નહોતી.અક્ષય અને ટ્વિંકલ એક મેગેઝીન ફોટોશૂટ દરમિયાન મળ્યા હતા. પહેલી નજરમાં જ અક્ષય ટ્વિંકલના પ્રેમમાં પડી ગયો. ત્યારબાદ અક્ષયે તેને પ્રપોઝ કર્યુ અને બંનેએ ડેટિંગ શરૂ કરી. લોકો લગ્ન પહેલા પોતાની કુંડળી મેળ કરાવે છે પણ ટ્વિંકલે એવું કંઈ કર્યું નહીં.ટ્વિંકલ ખન્નાએ અક્ષય કુમાર સાથે લગ્ન કરતા પહેલા તેમનો સંપૂર્ણ તબીબી ઈતિહાસ એકત્રિત કર્યો હતો. અહેવાલો અનુસાર, ટ્વિંકલે અક્ષય પર ૫૬ ટેસ્ટ કરાવ્યા હતા. ટ્વિંકલે તેના પુસ્તક 'મિસિસ' ના લોન્ચ સમયે આ વાતનો ખુલાસો કર્યો હતો. તેણીએ કહ્યું કે જ્યારે મેં તેની સાથે લગ્ન કર્યા, ત્યારે મને તેની સાથે બાળકો થવાના હતા, તેથી મેં તેના પરિવારમાં કયા રોગો છે તે જોવા માટે એક આનુવંશિક યાદી બનાવી.ટ્વિંકલે ખુલાસો કર્યો હતો કે તેણે બીજી યાદી બનાવી છે. જેમાં તેમણે લગ્ન કરવાના ફાયદા અને ગેરફાયદા શું છે તે લખ્યું હતું. લગ્ન કરવાના ફાયદા અને ગેરફાયદા શું હતા? અક્ષય સાથે લગ્ન કરતા પહેલા ટ્વિંકલે પોતાનો આખો મેડિકલ હિસ્ટ્રી કાઢી લીધો હતો. જ્યારે ટ્વિંકલે અક્ષયને તેના પરિવાર વિશે પૂછ્યું, ત્યારે તેને લાગ્યું કે તે ચિંતિત છે પણ ખરેખર તે તેની પાસેથી માહિતી મેળવવાનો પ્રયાસ કરી રહી હતી.



### 'સિતાર જમીન પર' ફિલ્મ ૨૦ જૂને સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે

# મોટા પડદા પર 'શ્રી કૃષ્ણ'ની ભૂમિકા ભજવવાની આમિર ખાનની ઈચ્છા

બોલિવૂડના મિસ્ટર પરફેક્શનિસ્ટ આમિર ખાન ટૂંક સમયમાં ફિલ્મ 'સિતાર જમીન પર'માં જોવા મળશે.



બોલિવૂડના મિસ્ટર પરફેક્શનિસ્ટ આમિર ખાન ટૂંક સમયમાં ફિલ્મ 'સિતાર જમીન પર'માં જોવા મળશે. આ ફિલ્મ ૨૦ જૂને સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. પરંતુ આમિર માટે આ સિવાય બીજો એક પ્રોજેક્ટ છે. એ ફિલ્મ 'મહાભારત' છે. છેલ્લા કેટલાક મહિનાઓથી, આમિર પોતાના આ પ્રોજેક્ટને લઈને હેડલાઈન્સમાં છે. તાજેતરમાં, એક ખાનગી વેબસાઈટને આપેલા ઈન્ટરવ્યુમાં, આમિરે આ પ્રોજેક્ટ વિશે ખુલીને વાત કરી.'મહાભારત' ફિલ્મ બનાવવા અંગે આમિરે કહ્યું કે આ તેમનો ડ્રીમ પ્રોજેક્ટ છે. ભલે તે આ ફિલ્મમાં કોઈ પણ પાત્ર ભજવી શકે છે, પરંતુ જો તેને ભગવાન શ્રી કૃષ્ણની ભૂમિકા ભજવવાની તક મળશે તો તે તેને જવા દેશે નહીં. આમિરે કહ્યું- મારું સ્વપ્ન 'મહાભારત' બનાવવાનું છે. આ સ્વપ્ન થોડું મુશ્કેલ છે, પણ હું તેને પૂર્ણ કરવા માંગુ છું. 'મહાભારત' કોઈને નિરાશ નહીં કરે. 'સિતાર જમીન પર' પહેલા ૨૦ જૂને રિલીઝ થવી જોઈએ. આ પછી હું 'મહાભારત' પર કામ શરૂ કરીશ. હું પ્રયાસ કરી રહ્યો છું કારણ કે આ એક મોટો પ્રોજેક્ટ છે. તે સિવાય હું બીજું કંઈ કહી શકતો નથી.'મહાભારત'માં આમિર ખાનની ભૂમિકા ભજવવા વિશે વાત કરતાં અભિનેતાએ કહ્યું કે જો મને ભગવાન કૃષ્ણની ભૂમિકા મળશે, તો હું તે કરીશ કારણ કે તે ખૂબ જ પ્રેરણાદાયક છે. મને પણ આ ભૂમિકા ખૂબ ગમે છે. થોડા સમય પહેલા આમિરે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે ફિલ્મ 'મહાભારત' ઘણા ભાગોમાં રિલીઝ થશે. પરંતુ તેના બધા ભાગો એકસાથે શૂટ કરવામાં આવશે. આ માટે, તે એક જ સમયે એક નહીં પરંતુ અનેક ડિરેક્ટરોને નોકરી પર રાખશે. તે આ પ્રોજેક્ટનું નિર્માણ પોતે કરશે. આ પછી હું તેમાં ભૂમિકા ભજવવા વિશે વિચારીશ



ફિલ્મની રિલીઝ પહેલા સામંથા રૂથએ ઇન્સ્ટાગ્રામ પર ઘણા ફોટા શેર કર્યા છે

# સામંથા પ્રભુએ ડિરેક્ટર રાજ સાથે વ્યવસાયિક સંબંધો કન્ફર્મ કર્યા

સામંથા રૂથ પ્રભુ હવે નિર્માતા પણ બની ગઈ છે. નિર્માતા તરીકે તેમની પહેલી ફિલ્મ, શુભમ, ૯ મેના રોજ રિલીઝ થવાની છે. સામંથા રૂથ પ્રભુ ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે. ફિલ્મની રિલીઝ પહેલા સામંથા રૂથ પ્રભુએ ઈન્સ્ટાગ્રામ પર ઘણા ફોટા શેર કર્યા છે. કેટલાક ફોટા ક્રૂ સાથેના છે. એક ફોટામાં, દિગ્દર્શક રાજ નિદિમોરુ દેખાય છે.સામંથા અને રાજે ધ ફેમિલી મેન અને સિટાડેલ હની બનીમાં સાથે કામ કર્યું છે. તે પિકલબોલ ટીમ ચેન્નાઈ સુપર ચેમ્પ્સમાં ભાગીદાર હતો. ઘણા સમયથી તેમના સંબંધો વિશે અહેવાલો આવી રહ્યા છે. હવે સામંથાની પોસ્ટ પછી, ચાહકો અનુમાન લગાવી રહ્યા છે કે કદાચ અભિનેત્રીએ રાજ ઈન્સ્ટા સાથેના તેના સંબંધોને સત્તાવાર બનાવી દીધા છે. જોકે, અભિનેત્રી કે દિગ્દર્શકે આ અંગે કોઈ પ્રતિક્રિયા આપી નથી.હવે સામન્થાએ ફોટાના કેપ્શનમાં લખ્યું - તે ઘણો લાંબો રસ્તો હતો, પણ આપણે અહીં સુધી પહોંચી ગયા છીએ. નવી શરૂઆત. શુભમ ૯ મેના રોજ રિલીઝ થઈ રહી છે.રાજના લગ્ન શ્યામલી ડે સાથે થયા છે. બંનેને એક દીકરી પણ છે. સામંથાના લગ્ન અભિનેતા નાગા ચૈતન્ય સાથે થયા હતા. લગ્નના ૪ વર્ષ પછી ૨૦૨૧ માં બંને અલગ થઈ ગયા. નાગા ચૈતન્ય સાથેના છૂટાછેડા પછી સામન્થા ખૂબ જ ભાંગી પડી હતી. આ પછી, સામન્થાએ પોતાને સંભાળી લીધી અને હવે બંને પોતપોતાના જીવનમાં આગળ વધી ગયા છે. નાગા ચૈતન્યએ અભિનેત્રી શોભિતા ધુલીપાલા સાથે લગ્ન કર્યા છે. બંનેના લગ્નની ખૂબ ચર્ચા થઈ હતી. જ્યારે સમન્થા તેના વ્યાવસાયિક જીવન પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.



અભિનેત્રી સામંથા રૂથ પ્રભુ હવે નિર્માતા પણ બની ગઈ છે

### નિર્માતાઓએ આ ઘટના પર પોતાનું મૌન તોડ્યું

# જુનિયર કલાકારનું મોત થયું ત્યારે કોઈ શુટિંગ હતું જ નહી

### ઋષભ શેટ્ટીની ફિલ્મ 'કાંતારા ૨' ના શૂટિંગ દરમિયાન, ફિલ્મના જુનિયર કલાકાર એમએફ કપિલનું અવસાન થયું



ઋષભ શેટ્ટીની ફિલ્મ 'કાંતારા ૨' ના શૂટિંગ દરમિયાન, ફિલ્મના જુનિયર કલાકાર એમએફ કપિલનું અવસાન થયું. શૂટિંગ દરમિયાન તેનું નજીકની નદીમાં ડૂબી જવાથી મૃત્યુ થયું, જેના કારણે હોબાળો મચી ગયો. જ્યારે પ્રોડક્શન ટીમે તેને અકસ્માત ગણાવ્યો, ત્યારે ઓલ ઈન્ડિયા સિને વર્કર્સ એસોસિએશનએ કડક કાર્યવાહીની માંગ કરી. દરમિયાન, નિર્માતાઓએ આ ઘટના પર પોતાનું મૌન તોડ્યું છે.'કાંતારા ૨' એટલે કે 'કાંતારાઃ ચેપ્ટર ૧' ના નિર્માતાઓએ એક નિવેદન બહાર પાડીને કહ્યું છે કે ૩૩ વર્ષીય એમએફ કપિલનું મૃત્યુ તેમની ફિલ્મના સેટ પર થયું ન હતું. તેમણે વધુમાં કહ્યું કે જે દિવસે આ અકસ્માત થયો તે દિવસે કોઈ ગોળીબાર થયો ન હતો. નિર્માતાઓનું આ નિવેદન હોમ્બલે ફિલ્મ્સ દ્વારા તેમના ટ્વિટર હેન્ડલ એટલે કે ઠ પર શેર કરવામાં આવ્યું હતું. તેમાં લખ્યું હતું કે, 'જુનિયર કલાકાર એમએફ કપિલના અકાળ અવસાનથી અમને ખૂબ જ દુઃખ થયું છે.' આ મુશ્કેલ સમયમાં અમે તેમના પરિવાર અને તેમના પ્રિયજનો પ્રત્યે હૃદયપૂર્વક સંવેદના વ્યક્ત કરીએ છીએ. તાજેતરની ચર્ચાઓને ધ્યાનમાં રાખીને, અમે આદરપૂર્વક સ્પષ્ટતા કરવા માંગીએ છીએ કે આ ઘટના 'કાંતારા'ના સેટ પર બની ન હતી. તે દિવસે કોઈ શૂટિંગ નહોતું. અને આ દુર્ભાગ્યપૂર્ણ ઘટના કોઈ અન્ય ઘટના દરમિયાન બની હશે, જેનો ફિલ્મ સાથે કોઈ સંબંધ નથી.અહેવાલો અનુસાર, એમએફ કપિલ ૬ મેના રોજ બપોરના ભોજન પછી સૌપર્ણિકા નદીમાં તરવા ગયા હતા, પરંતુ તે જોરદાર પ્રવાહમાં તણાઈ ગયા અને તેમનું મૃત્યુ થયું. સ્થાનિક વહીવટીતંત્ર અને ફાયર વિભાગે તાત્કાલિક કાર્યવાહી કરી અને બચાવ કામગીરી શરૂ કરી, પરંતુ કપિલનો મૃતદેહ સાંજે મળી આવ્યો. ઓલ ઈન્ડિયા સિને વર્કર્સ એસોસિએશનએ નિર્માતાઓ પાસેથી પરિવાર માટે ૧ કરોડ રૂપિયાના વળતરની માંગ કરીઓલ ઈન્ડિયા સિને વર્કર્સ એસોસિએશનએ કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા પાસેથી ઋષભ શેટ્ટી અને તેમના પ્રોડક્શન હાઉસ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવાની માંગ કરી હતી. આ સાથે, નિર્માતાઓ પાસેથી એવી પણ માંગ કરવામાં આવી હતી કે મૃતકના પરિવારને ૧ કરોડ રૂપિયાનું વળતર આપવામાં આવે. 'કાંતારા ૨' વિશે વાત કરીએ તો, તે ૨૦૨૨ માં રિલીઝ થયેલી 'કાંતારા' ની પ્રિકવલ છે. તે ૨ ઓક્ટોબરે રિલીઝ થશે.



### તોડશે અનેક રેકોર્ડ | 'કાંતારાઃ ચેપ્ટર ૧' ને ભારતીય સિનેમાની સૌથી મોટી ફિલ્મોમાંની એક

# ૧૨૫ કરોડનું બજેટ-૨૫ એકરમાં કાંતારા ફિલ્મનું શૂટિંગ થશે

૨૦૨૨ માં રિલીઝ થયેલી 'કાંતારા' એ આખા દેશમાં ધૂમ મચાવી દીધી હતી. ભારતમાં મૂળ ધરાવતી આ વાર્તાએ કોઈ મોટા પ્રમોશન વિના અજાયબીઓ કરી અને સૌથી મોટી હિટ સાબિત થઈ. હવે, આ જબરદસ્ત સફળતા પછી, 'કાંતારાઃ ચેપ્ટર ૧' ની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે અને દર્શકો તેની રિલીઝની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. 'કાંતારાઃ ચેપ્ટર ૧' ના પોસ્ટરે પહેલાથી જ દર્શકોનું ધ્યાન ખેંચ્યું છે અને આ ફિલ્મને ભારતીય સિનેમાના સૌથી મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સમાંનો એક માનવામાં આવે છે. દરમિયાન, ઉત્સુકતા વચ્ચે, 'કાંતારાઃ ચેપ્ટર ૧'નું અંતિમ શૂટિંગ શેડ્યૂલ શરૂ થઈ ગયું છે.'કાંતારાઃ ચેપ્ટર ૧'નું છેલ્લું શેડ્યૂલ આજથી શરૂ થયું છે. શૂટિંગ કુંડાપુરાથી લગભગ ૨૦ કિલોમીટર દૂર થઈ રહ્યું છે. આ ફિલ્મ તેના અંતિમ તબક્કામાં છે અને તેનાથી સંબંધિત વધુ અપડેટ્સ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. હોમ્બેલે ફિલ્મ્સે ૨૦૨૨ની આ બ્લોકબસ્ટર ફિલ્મના વારસાને આગળ વધારવામાં કોઈ કસર છોડી નથી.'કાંતારાઃ ચેપ્ટર ૧' ને ભારતીય સિનેમાની સૌથી મોટી ફિલ્મોમાંની એક બનાવવા માટે ઘણા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ માટે, નિર્માતાઓએ એક ભવ્ય યુદ્ધ દ્રશ્ય તૈયાર કર્યું છે, જે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોની ટીમ દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવ્યું છે. ૨૦૨૨ માં રિલીઝ થયેલી 'કાંતારા' એ આખા દેશમાં ધૂમ મચાવી દીધી હતી. ભારતમાં મૂળ ધરાવતી આ વાર્તાએ કોઈ મોટા પ્રમોશન વિના અજાયબીઓ કરી અને સૌથી મોટી હિટ સાબિત થઈ. હવે, આ જબરદસ્ત સફળતા પછી, 'કાંતારાઃ ચેપ્ટર ૧' ની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે અને દર્શકો તેની રિલીઝની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. 'કાંતારાઃ ચેપ્ટર ૧' ના પોસ્ટરે પહેલાથી જ દર્શકોનું ધ્યાન ખેંચ્યું છે અને આ ફિલ્મને ભારતીય સિનેમાના સૌથી મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સમાંનો એક માનવામાં આવે છે. દરમિયાન, ઉત્સુકતા વચ્ચે, 'કાંતારાઃ ચેપ્ટર ૧'નું અંતિમ શૂટિંગ શેડ્યૂલ શરૂ થઈ ગયું છે.'કાંતારાઃ ચેપ્ટર ૧'નું છેલ્લું શેડ્યૂલ આજથી શરૂ થયું છે. શૂટિંગ કુંડાપુરાથી લગભગ ૨૦ કિલોમીટર દૂર થઈ રહ્યું છે. આ ફિલ્મ તેના અંતિમ તબક્કામાં છે અને તેનાથી સંબંધિત વધુ અપડેટ્સ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. હોમ્બેલે ફિલ્મ્સે ૨૦૨૨ની આ બ્લોકબસ્ટર ફિલ્મના વારસાને આગળ વધારવામાં કોઈ કસર છોડી નથી.'કાંતારાઃ ચેપ્ટર ૧' ને ભારતીય સિનેમાની સૌથી મોટી ફિલ્મોમાંની એક બનાવવા માટે ઘણા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ માટે, નિર્માતાઓએ એક ભવ્ય યુદ્ધ દ્રશ્ય તૈયાર કર્યું છે, જે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોની ટીમ દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવ્યું છે. આ સિક્વન્સ માટે ૫૦૦ થી વધુ તાલીમ પામેલા લડવૈયાઓને રાખવામાં આવ્યા છે, જેમણે અત્યાર સુધીના સૌથી અલગ અને વિસ્ફોટક એક્શન સીન બનાવ્યા છે.



# ઝાલોદ તાલુકાના ચાકલીયા પોલીસ સ્ટેશન વિસ્તાર માંથી ૩૦,૫૭,૨૪૦ રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડતી દાહોદ એલ.સી.બી પોલિસ





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) થરા, તા.૧૦ ।

દાહોદ જિલ્લા પોલિસ અધિક્ષક ડૉ.રાજદીપ સિંહ ઝાલા દ્વારા પ્રોહીની અસામાજિક પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા માટે સુચના આપેલ હતી તે અન્વયે દાહોદ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એમ.ગામેતીની સૂચના મુજબ પોલીસ ઈન્સ્પેક્ટર ડી.આર.બારૈયા, પો.ઈ એસ.જે.રાઠોડ, પો.ઈ આર.જે.ગામીત અને પો.ઈ એન.બી.પરમાર તેમજ એલ.સી.બીની ટીમ ચાકલીયા પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમા નીકળેલ હતા તે દરમિયાન બાતમી મળેલ હતી કે આઈસર કંપનીના વેક્યૂમ ટેક્ર GJ-02-AT-7031 મા ઈંગ્લીશ દારૂ ભરી મધ્યપ્રદેશ બાલવાસા બાજુથી નીકળી ચાકલીયા,લીમડી, લીમખેડા,ગોધરા થઈ વડોદરા તરફ જનાર છે. દાહોદ એલ.સી.બી બાતમીના આધારે ચાકલીયા પોલિસ સ્ટેશન વિસ્તારના આદિત્ય હોટલ સામે મધ્યપ્રદેશ થી આઈસર ટેક્ર આવી રહેલ હતું. આઈસર ટેક્ર આવતા પોલિસ દ્વારા રોકી તલાસી લેવામાં આવી હતી. પોલિસ તલાસી લેતા ચોંકી ઉઠી હતી. આ ટેક્રમા મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો જોવા મળ્યો હતો. એલસીબી પોલિસ દ્વારા ડ્રાઈવર જૈસારામ કરનારામ મેગવાલ (ચૌહાણ) ની અટકાયત કરવામાં આવી હતી. દાહોદ એલસીબી દ્વારા ટેક્રની તલાસી લેતા ટેક્રમાંથી વિદેશી દારૂની કુલ ૪૨૨ પેટી જેમાં કુલ ૧૭૩૧૬ નંગ બોટલ હતી. જેની અંદાજિત કિંમત ૩૦,૫૭,૨૪૦ તેમજ હેરાફેરીમા ઉપયોગમાં લીધેલ ટેક્ર જેની કિમત ૨૦,૦૦,૦૦૦ થઈ કુલ ૫૦,૫૭,૨૪૦ રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો મુદ્દામાલ સાથે જપ્ત કરી સફળતા મેળવી હતી.

# અરવલ્લી જીલ્લા ખાતે જીલ્લા સ્વાસ્થ્ય પરિષદ કમિટીની બેઠક યોજાઈ



। (માહિતી) અરવલ્લી, તા.૧૦ ।

માન.જીલ્લા કલેક્ટર સાહેબશ્રીના અધ્યક્ષસ્થાને જીલ્લા સ્વાસ્થ્ય પરિષદ કમિટીની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ. બેઠકમાં ખાસ કરીને માતા મરણ,બાળ મરણ, કુપોષણ, બિનચેપી રોગો અને આરોગ્ય સેવાઓમાં જનસહભાગિતા જેવા મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરી વિવિધ વિભાગો વચ્ચે વિચાર વિનિમય દ્વારા આવનારા દિવસોમાં વધુ અસરકારક રીતે સમસ્યાઓનું નિવારણ લાવવા માટે તાલુકા અને જિલ્લા કક્ષાના તમામ આરોગ્ય અધિકારીઓ અને પરિષદના સભ્યોએ બેઠકમાં સક્રિય ભાગ લીધો અને આગામી સમયમાં સહીયારા પ્રયાસો દ્વારા હાંસલ કરવાનાં લક્ષ્યો અંગે આપતુ પોતાનું માર્ગદર્શન અને અભિપ્રાય વ્યક્ત કર્યા.

બેઠક દરમિયાન આરોગ્ય સેવાઓના કાર્યાન્વયન, વિવિધ પડકારો અને તેમના સંભવિત નિવારણ અંગે વિસ્તૃત ચર્ચા તથા વિચારોના આદાન-પ્રદાન કરવામાં આવ્યા. વિવિધ હિતધારકો વચ્ચે પરિચર્ચા કરીને સમસ્યાઓની ખરાઈ અને નિવારણ માટે ટકાઉ ઉપાયોની દિશામાં મહત્વપૂર્ણ સૂચનો મેળવવામાં આવ્યા. આ સૂચનોને ધ્યાને લઈ આગામી દિવસોમાં જીલ્લા માટે એક સમન્વિત એક્શન પ્લાન તૈયાર કરવામાં આવશે.

તાલુકા અને જિલ્લા કક્ષાના આરોગ્ય અધિકારીઓ તેમજ અન્ય સંબંધિત વિભાગોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં આ બેઠક સફળતાપૂર્વક સંપન્ન થઈ.આગામી જુન માસમાં જીલ્લા કક્ષાની સ્વાસ્થ્ય પરિષદ યોજવા અને તેના એજન્ડા નક્કી કરવામાં આવેલ.

# ઝાલોદ નગરમાં બાંધકામની મંજૂરીનુ ઉલ્લંઘન કરનારની મિલ્કતને શીલ મારતી નગરપાલિકા

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૦ ।

ઝાલોદ નગરના દાહોદ રોડ પર સુંદરમ હોસ્પિટલની બાજુમાં આવેલી જમીનમાં જમીન માલિક દ્વારા બાંધકામની મંજૂરી પ્રમાણેનું બાંધકામ ન કરવામાં આવતા નગરપાલિકા દ્વારા આ મિલકતને શીલ મારી નોટિસ ચિપકાવવામા આવેલ છે.

ઝાલોદ સુંદરમ હોસ્પિટલની બાજુમાં જમીન માલિક દ્વારા મંજુરીના નિયમોનુ ઉલ્લંઘન કરી મનસ્વી રીતે કૉમન પાર્કિંગના એરીયામા દુકાનોનુ બાંધકામ કરેલ છે. આ મામલે ઝાલોદ નગર પાલિકાના ચીફ ઓફિસર દ્વારા આ મિલ્કત માલિકને નોટિસ ફટકારી નિયમ મુજબ કામગીરી કરવા સૂચન કરેલ હતું. નગરપાલિકા દ્વારા ફટકારેલી નોટિસનો ત્રણ દિવસમાં જવાબ આપવા માટેની મહેતલ મિલ્કતના માલિકને આપેલ હતી પરંતુ મિલકત માલિક દ્વારા આ અંગે કોઈ લેખિત ખુલાસો કરવામાં ન આવતા નગર પાલિકા દ્વારા આ મિલકતને શીલ મારી નોટિસ ચોંટાડી દેવામાં આવેલ છે. હવે જોવાનું રહ્યું મિલકત માલિક મંજૂરી વગરનું બાંધકામ જાતે હટાવી દેશે કે પાલિકા પોતાનું બુલડોઝર ફેરવી આ મંજૂરી વગરના કામને તોડી પાડશે. ઝાલોદ નગરપાલિકા દ્વારા કરવામાં આવેલ આ સુંદર કામગીરીની ચો તરફ પ્રસંશા થઈ રહેલ છે તેમજ અમુક ગેરકાયદેસર રીતે બાંધકામ કરનારા લોકોમાં ફફડાટ પણ વ્યાપેલ જોવા મળેલ છે. નગરજનો એવી વાતો પણ કરતા જોવા મળેલ છે કે પાલિકા નગરમાં હવે ગેરકાયદેસર રીતે થયેલ દબાણો ને લઈ ગંભીર જોવા મળી રહેલ છે હવે જોવાનું રહ્યું પાલિકા નગરના મંજૂરી વગરના દબાણો હટાવશે કે મૌન ધારણ કરીને બેસી જશે.



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

### બાળકના વાલી બાળક તોફાની હોવાથી સાથે રાખવા નથી માંગતા

# ઝાલોદ બસ સ્ટેશન પર સેવાભાવી વ્યક્તિને બાળક મળી આવતા પોલીસને સોપ્યુ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૦ ।

ઝાલોદ બસ સ્ટેશન વિસ્તારમાં તારીખ ૦૮-૦૫-૨૦૨૫ ના રોજ અંદાજીત સાંજે ૪:૩૦ વાગે નગરના સામાજિક કાર્યકર્તા મનીષ પંચાલને એક કોલ આવ્યો હતો કે એક બાળક બસ સ્ટેશન ખાતે ભૂલે પડયું છે ત્યાં પહોંચ્યા બાદ બાળક સાથે વાતચીત કરી હતી. આ બાળક અંદાજીત ૧૩ વર્ષનુ એક અજાણ્યું બાળક મળી આવેલ હતું અને તે બાળક રસ્તો ભૂલે પડી ગયેલ હોય તેવું લાગતા આ બાળકને ઝાલોદ પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવેલ હતું. ઝાલોદ પોલિસ સ્ટેશનના પી.આઈ એચ.સી.રાઠવા દ્વારા બાળક સાથે વાતચીત કરી તેના વિશે જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. બાળક સાથે વાત કરતા તેણે તેનું નામ મીત સુરજ રાઠોડ જણાવેલ હતું. આ બાળક મથુરા થી તેના ભાઈને કહ્યા વિના પોતાના ગામે જવા નીકળેલ હતો અને તે મથુરા થી દાહોદની ટ્રેનમા બેસી દાહોદ થી ઝાલોદ બસ દ્વારા આવેલ હતો.

બાળકને પૂછતાં તે રાજસ્થાના ભાચુંદા ગામ, તાલુકો અને જિલ્લો પાલીનો રહેવાસી હોવાનું માલુમ પડેલ હતું. સદર બાળકના પિતા સુરજ નીમ્બાજી રાઠોડનો સંપર્ક કરતા પહેલા તો ઉડાઉ જવાબ આપ્યો હતો કે બાળક ખૂબ તોફાન કરે છે એટલે એને રાખવા માંગતા નથી તેમજ ત્યાં કોઈ સંસ્થામાં બાળકને મૂકી દો તો ત્યાંનો તમામ ખર્ચો આપવાની વાત કરી હતી અને બાળકને લેવા આવવાની ના પાડી હતી અને કહ્યું કે બાળકને ટ્રેનમા બેસાડી દો તે આવી જશે. ઝાલોદ પોલિસ દ્વારા બાળકને લેવા માટે તેમના વાલીને આવવા કહેતા ચોવીસ કલાક થઈ ગયા હોવા છતાંય લેવા ન આવતા ઝાલોદ નગરના પી.આઈ દ્વારા કાયદાકીય રીતે કામગીરી કરી આ બાળકને હાલ બાળ કલ્યાણ સમિતિ દાહોદ ને મોકલી આપેલ છે. બાળક તોફાની હોવાથી લેવા ન આવતા હોવાનું જાણવા મળતા આવા પિતા પર નગરમાં ચો તરફ ફિટકાર વરસાવી રહેલ છે.



# અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા સતત ત્રીજા વર્ષે ‘કારકિર્દીના પંથે - ૨૦૨૫’ ડિજિટલ વિશેષાંકનું વિમોચન કરાયું

### ધો.૧૦ અને ધો.૧૨ પછી કારકિર્દીનો પંથ પસંદ કરવા માટે વિદ્યાર્થીઓને ઉપયોગી નીવડશે આ વિશેષાંક



। (માહિતી) અમદાવાદ, તા.૧૦ ।

અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી (શહેર) દ્વારા સતત ત્રીજા વર્ષે ધો.૧૦ અને ધો.૧૨ના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી વિષયક ડિજિટલ અંક તૈયાર કરવામાં આવ્યો છે.

અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી રોહિત ચૌધરી અને તેમની ટીમ દ્વારા સતત ત્રીજા વર્ષે ‘કારકિર્દીના પંથે ડિજિટલ વિશેષાંક ૨૦૨૫’ તૈયાર કરવામાં આવ્યો છે. જેનું વિમોચન કરવામાં આવ્યું છે. આજના સમયમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે સૌથી મૂંઝવતો પ્રશ્ન છે - કારકિર્દી. તાજેતરમાં ધોરણ ૧૦ અને ૧૨નાં પરિણામો આવી ગયાં છે, ત્યારે આ ડિજિટલ વિશેષાંક તમામ વિદ્યાર્થીમિત્રો અને વાલીગણને કારકિર્દી વિષયક માહિતી પ્રાપ્ત કરવામાં ઉપયોગી બની રહેશે.

આ ડિજિટલ વિશેષાંક આપેલા ચિત્રમાંના ક્યુઆર કોડને સ્કેન કરીને આસાનીથી ડાઉનલોડ કરી શકાય છે.

આ ડિજિટલ વિશેષાંકમાં ધોરણ ૧૦ અને ૧૨ પછી કારકિર્દી માટેના વિવિધ વિકલ્પોની વિસ્તૃત જાણકારી આપવામાં આવી છે.

કારકિર્દીના પંથે ડિજિટલ વિશેષાંક ૨૦૨૫’માં કારકિર્દીને લગતી વિસ્તૃત માહિતી યુવાનો માટે ખૂબ જ ઉપયોગી બની શકે છે.

# ખંભાતની સરકારી ઔધોગિક તાલીમ સંસ્થા ખાતે તા. ૧૩ મે ના રોજ રોજગાર ભરતી મેળો યોજાશે

। (માહિતી) આણંદ, તા.૧૦ ।

જિલ્લા રોજગાર કચેરી, આણંદ દ્વારા યોજવામાં આવતા “રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળા” અંતર્ગત આગામી તા.૧૩ મે ના મંગળવાર ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ખંભાત સ્થિત બેઠક રોડ ઉપર આવેલ ઔધોગિક તાલીમ સંસ્થા ખાતે રોજગાર ભરતી મેળો યોજાનાર છે.

આ ભરતી મેળામાં એસ.એસ.સી, એચ.એસ.સી,આઈ.ટી.આઈ, ડિપ્લોમા, ડિગ્રી, સ્નાતક, અનુસ્નાતકની લાયકાત ધરાવતા હોય અને જેઓની ઉંમર ૧૮ થી ૩૫ વર્ષ હોય હોય તેવા રોજગાર મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ તેઓના ઓછામાં ઓછા ૦૫ બાયોડેટા, શૈક્ષણિક લાયકાત, અનુભવના પ્રમાણપત્રોની નકલ સાથે હાજર રહેવા જણાવાયું છે.

આ ઉપરાંત અનુબંધમ પોર્ટલમાં નોંધણી કરાવી હોય અથવા તો ન કરાવેલ હોય તેવા તમામ રોજગારવાંચ્છુ ઉમેદવારો આ ભરતી મેળામાં ઈન્ટરવ્યૂ પ્રક્રિયામાં ભાગ લઈ શકશે, તેમ રોજગાર અધિકારી, આણંદ દ્વારા જણાવાયું છે.

# નદીના પટની રેતાળ જમીનમાં શાકભાજીની ખેતીઃ વાઘપુરાના ઉર્મિલાબેનનું કુદરતી ખેતીમાં સફળ પગલું

। (માહિતી) વડોદરા, તા.૧૦ ।

ડેસર તાલુકાના વાઘપુરા ગામના ઉર્મિલાબેન જગદીશભાઈ પરમાર છેલ્લા ચાર વર્ષથી મહિસાગર નદી પાસે રેતાળ જમીનમાં કુદરતી ખેતી કરી રહ્યા છે. ઉર્મિલાબેન છેલ્લા ચાર વર્ષથી કુદરતી પદ્ધતિથી ખેતી કરે છે, એ પણ એવી જમીનમાં જ્યાં પહેલાં કોઈ ખેતીની આશા ન હતી. તેમ છતાં, તેમણે પોતાના કઠોર પરિશ્રમ અને નવીન વિચારમાં વિશ્વાસ રાખીને જમીનને જીવંત બનાવી છે. ઉર્મિલાબેન નદીના પટની જમીન પર બહુવિધ પાકમાં વિવિધ શાકભાજી ઉગાડે છે અને વડોદરા સહિત નડિયાદના બજારોમાં પોતાનું ઉત્પાદન વેચીને વાર્ષિક લાખોની કમાણી કરી રહ્યા છે. જેનાથી તેઓ પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમને રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (DAY-NRLM) યોજના અને CIF (સમુદાય રોકાણ ભંડોળ)થી મળેલા સહાયની મદદથી ખેતીના સાધનો મેળવી વૈજ્ઞાનિક પદ્ધતિથી કુદરતી ખેતીની રીત અપનાવી છે. વાઘપુરા ગામ મહી નદીની નજીક આવેલું છે, અને અહીંની જમીન રેતાળ છે. છેલ્લા ચાર વર્ષથી ઉર્મિલાબેન પરમાર અહીં માટી પર પ્રક્રિયા કરીને ખેતી શરૂ કરી છે. તેઓએ જણાવે છે કે, પ્રથમ અમે જમીન ખોદીએ છીએ, પછી ગાયના છાણ વડે તેને પોષણ આપીએ છીએ. પાક માટે રાસાયણિક ખાતરો નહિ, પરંતુ કુદરતી ખેત પદ્ધતિથી ભીંડા, કારેલા, દૂધી, કાકડી જેવા પાક ઉગાડી સ્થાનિક બજારોમાં વેચીએ છીએ. નદીના પટ પર ખેતી કરવી એ સરળ નથી, પણ એમાં અનેક લાભ છે,જેમ કે પાણીનો સુલભ પ્રવાહ, રાસાયણિક રહિત પદ્ધતિઓ અને તાજું, પૌષ્ટિક ઉત્પાદન. ઉર્મિલાબેનની આ કુદરતી ખેતી માત્ર આર્થિક સમૃદ્ધિ નહીં, પણ પર્યાવરણને રક્ષણ અને આરોગ્ય માટે ફાયદાકારક માર્ગ બની છે.

### પ્રવર્તમાન સ્થિતિને ધ્યાને રાખી લોકોને સતર્ક રહેવા કલેકટરશ્રીનો અનુરોધ

# જનજાગૃતિ માટે અમદાવાદ જિલ્લામાં લોકોને નાગરિક સંરક્ષણની તાલીમ અપાશે : કલેકટર સુજીત કુમાર

। (માહિતી) અમદાવાદ, તા.૧૦ ।

હાલની પ્રવર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને અમદાવાદ કલેકટર કચેરી ખાતે કલેકટર શ્રી સુજીત કુમારના અધ્યક્ષસ્થાને અધિકારીઓની બેઠક યોજાઈ હતી, જેમાં તાલુકાના અધિકારીઓ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા. બેઠકમાં કલેકટરશ્રીએ જણાવ્યું કે, પ્રવર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખી લોકોએ બિલકુલ ગભરાવાની જરૂર નથી, પરંતુ સતર્ક રહેવું ખૂબ જરૂરી છે. લોકજાગૃતિ માટે ગ્રામ્યસ્તરેથી લઈ અમદાવાદ શહેરમાં પોલીસ, પંચાયત, મહેસુલ, શિક્ષણ, એન.સી.સી. કેડેટ્સ દ્વારા લોકોને નાગરિક સંરક્ષણની તાલીમ અપાશે. તેમણે કહ્યું કે, અમદાવાદ જિલ્લામાં હાલમાં કોઈ આવી પરિસ્થિતિ છે નહીં, પરંતુ ભવિષ્યમાં સંભવિત યુદ્ધની સ્થિતિ સર્જાય તો લોકોએ શું કરવું? અને શું ન કરવું ? એ અંગે જાગૃત કરવા માટે નાગરિક સંરક્ષણની તાલીમ આપવાનું આયોજન કરાયું છે. આ તાલીમ માટે એન.સી.સી. કેડેટ્સ, એન.એસ.એસ. અને સિવિલ ડિફેન્સના વોલેન્ટીયર્સની યાદી તૈયાર કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે, રાજ્ય સરકાર દ્વારા દરેક અધિકારીઓ અને કર્મચારીઓને ફરજના સ્થળ પર હાજર રહેવા આદેશ કરવામાં આવ્યા છે ત્યારે તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ એલર્ટ મોડ પર રહી ત્વરિત રિસ્પોન્સ કરવાનો રહેશે. ગ્રામ્ય કક્ષાએ પબ્લિક એડ્રેસ સિસ્ટમ કાર્યરત કરવા તથા સ્થાનિક પોલીસ સાથે સતત સંપર્કમાં રહેવા ગ્રામજનો અને સેવાભાવી સંસ્થાઓને તેમણે અનુરોધ કર્યો હતો. હાલની તણાવપૂર્ણ સ્થિતિમાં નાગરિક સંરક્ષણની સજ્જતા, સુરક્ષિત સ્થાનો- સેઈફ હાઉસની ઓળખ તેમજ પાણી, ખોરાક અને અન્ય સંસાધનોની પર્યાપ્ત ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવા પણ સૂચનાઓ આપી હતી.

# દેશભરમાં પેટ્રોલ-ડીઝલ અને LGPનો પર્યાપ્ત ભંડાર છે, કોઈપણ પ્રકારની ગભરાહટમાં ખરીદી કરી સ્ટોક કરવાની જરૂર નથી

। નવી દિલ્હી, તા.૧૦ ।

પહલગામમાં આતંકી હુમલા બાદ ભારત સરકાર દ્વારા પાકિસ્તાન માટે લીધેલા કડક પગલાં બાદ ગુરુવારે બન્ને દેશો વચ્ચે તણાવ વધતાં, ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડે (IOCL) દેશવાસીઓને આશ્વાસન આપ્યું છે કે, દેશભરમાં પેટ્રોલ-ડીઝલ અને LGPનો પર્યાપ્ત ભંડાર છે, જે માટે કોઈપણ પ્રકારની ગભરાહટમાં ખરીદી કરી સ્ટોક કરવાની જરૂર નથી. ઈન્ડિયન ઓઈલની સપ્લાઈ લાઈન સરળતાથી કામ કરી રહી છે અને તમામ આઉટલેટ્સ પર ઈંધણ અને LGPની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં આવી છે. કંપનીએ શુક્રવારે, ૯ મે સવારે ૫:૧૫ વાગ્યે સત્તાવાર એક્સ એકાઉન્ટ પર આ વિશે જાણકારી આપી હતી. આ બાબતે ઈન્ડિયન ઓઈલે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કરીને લખ્યું કે, ‘#IndianOil પાસે દેશભરમાં ઈંધણનો પર્યાપ્ત જથ્થો છે અને અમારી સપ્લાઈ લાઈન સરળતાથી કામ કરી રહી છે. ગભરાહટમાં ખરીદી કરવાની જરૂર નથી. ઈંધણ અને ૅ અમારા તમામ આઉટલેટ્સ પર સરળતાથી ઉપલબ્ધ છે. અમારી શ્રેષ્ઠ સેવા માટે શાંત રહો અને અનાવશ્યક ભીડથી બચો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે તમે ભરપૂર મહેનત કરીને સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે કશુંક સારૂં કરશે. આજે તમને તમારા જીવનમાં સાચા પ્રેમની કમી સાલશે.ચિંતા ન કરો સમય સાથે બધું જ બદલાઈ જાય છે અને તેમાં તમારૂં રૉમેન્ટિક જીવન પણ અપવાદ નથી.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે પ્રત્યેનો ગંભીર અભિગમ ટાળો. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. દૂરના કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર આખા પરિવાર માટે ખુશીની ક્ષણો લાવશે. આજે તમે તમારા પ્રિયપાત્ર સામ તમારી લાગણીઓ વ્યક્ત નહીં કરી શકો. તમારાં જમા પાસાં તથા ભાવિ યોજનાઓનું પુનરાવલોકન કરવાનો સમય.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમને વધુ સારા બનાવતા તમારી સુધારણાને લગતા પ્રૉજેક્ટ્સમાં શક્તિ લગાડો. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. રોજેરોજ પ્રેમમાં પડતા રહેવાના તમારા સ્વભાવને બદલો.

**કર્ક (ડ,હ) :**

આજે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. તમારું કોઈ મિત્ર આજે તમારા થી મોટી રકમ ઉધાર માંગી શકે છે, જો તમે તેને આ રકમ આપો છો તો તમે નાણાકીય સંકટ માં આવી શકો છો. તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે.

**સિંહ (મ,ટ) :**

આજે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. આ રાશિ ના વેપારીઓ ને આજે પોતાના ઘર ના તે સભ્યો થી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે પણ પાછા નથી આપતા? અંગત જીવન ઉપરાંત તમારી જાતને કોઈક સખાવતી કાર્ય સાથે સાંકળો. એ તમને માનસિક શાંતિ આપશે પણ, આવું અંગત જીવનના ભોગે ન કરતા.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમને વધુ સારા બનાવતા તમારી સુધારણાને લગતા પ્રૉજેક્ટ્સમાં શક્તિ લગાડો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. અણધાર્યા શુભ સમાચાર તમારો ઉત્સાહ વધારશે. તમારા પરિવારના સભ્યો સાથે તમે આ સમાચાર વહેંચશો ત્યારે તેઓ પણ ખુશખુશાલ થઈ જશે.

**તુલા (ર,ત) :**

આજે તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે.તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે વ્યસ્ત સમયપત્રક છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સત્ય હકીકત છે એ બાબત અનુભવજો. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. મિત્રો સાથે સાંજ આનંદદાયક રહેશે. તમારા મિત્રો સાથે તમે વિતાવેલા સારા સમયને યાદ કરી.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમે તમારા હકારાત્મક અભિગમ તથા આત્મવિશ્વાસ દ્વારા તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરો એવી શક્યતા છે. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે.

**મકર (ખ,જ) :**

આજે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.

**કુંભ (ગ,શ,સ) :**

આજે તમે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. ઘર ના કોઈપણ સભ્ય ના વર્તન ને કારણે તમે પરેશાન થઈ શકો છો. તમારે તેમની સાથે વાત કરવા ની જરૂર છે. તમારા પ્રિયપાત્ર સાથે બહાર જતા હો ત્યારે દેખાવ અને વર્તનમાં તમે જેવા છો એવા જ રહો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારૂં કોઈ ઝડપી પગલું લાંબા સમયથી તોળાતી સમસ્યાને ઉકેલશે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. તમારૂં ખુશમિજાજ વર્તન પારિવારિક જીવનને પ્રબુદ્ધ બનાવશે. આવું ઈમાનદાર સ્મિત ધરાવનારનો સામનો બહુ ઓછા લોકો કરી શકે છે. પ્રેમ તથા રૉમાન્સ તમને ખુશખુશાલ મૂડમાં રાખશે.

## IMFએ $1 અબજની લોન મંજૂર કરી હોવાનો પાકિસ્તાનનો દાવો

। ઇસ્લામબાદ, તા.૧૦ ।

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)ના એક્ઝિક્યુટિવ બોર્ડે શુક્રવારે પાકિસ્તાન માટેના $7 અબજના બેઈલઆઉટ પેકેજની સમીક્ષા કરી હતી અને એક અબજ ડોલરનો હપ્તો છૂટો કર્યો હતો, એમ પાકિસ્તાન સરકારે શુક્રવારે જણાવ્યું હતું.શરીફની ઓફિસે જણાવ્યું હતું કે પાકિસ્તાન માટે એક અબજ ડોલરના હપ્તાને મંજૂરી બદલ વડાપ્રધાન શરીફ સંતોષ વ્યક્ત કરે છે. જોકે આઈએમએફે તાકીદે કોઈ ટીપ્પણી કરી નહોતી. IMFનું બોર્ડ $7 અબજના પ્રોગ્રામની સમીક્ષા અને બે વર્ષથી વધુ સમયગાળા માટે ૧.૩ બિલિયન ડોલર નવી લોન એમ બંને પર ચર્ચા કરવાનું હતું. પહેલગામમાં આતંકી હુમલા પછી ભારતે IMFને પાકિસ્તાનને આપેલી લોનની સમીક્ષા કરવાનું અને નવો હપ્તો છૂટો ન કરવાનો અનુરોધ કર્યો હતો. લોનની દરખાસ્તનો ભારતે જોરદાર વિરોધ કર્યો હતો અને મતદાન કરવાથી દૂર રહ્યું હતું. ભારતે જણાવ્યું હતું કે લોનના નાણાનો સીમા પારના ત્રાસવાદને પ્રોત્સાહન આપવા માટે દુરુપયોગ થઈ શકે છે.

## વેપાર મુદ્દે અમેરિકા સાથે ડીલની તૈયારીમાં ભારત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

ભારતે અમેરિકા સાથે પોતાનો ટેરિફ તફાવત ઘટાડી ૪ ટકા સુધી કરવાની ઓફર મૂકી છે. હાલ ભારત અને અમેરિકા વચ્ચે ટેરિફ તફાવત આશરે ૧૩ ટકા છે. સુત્રોના અહેવાલો અનુસાર, ભારત અને અમેરિકા વચ્ચે ટૂંકસમયમાં જ આ મામલે ડીલ થઈ શકે છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ બાદ ભારત સતત દ્વિપક્ષીય વેપાર સંબંધોમાં સુધારો કરવા અમેરિકા સાથે ચર્ચા કરી રહ્યું છે. ભારત ૯૦ ટકા અમેરિકી ગુડ્સને પ્રેફરેન્શિયલ એક્સેસ આપવા તૈયાર છે. મીડિયા રિપોર્ટ અનુસાર, ભારતના વરિષ્ઠ અધિકારીઓની એક ટીમ અમેરિકા સાથે પ્રસ્તાવિત દ્વિપક્ષીય વેપાર કરાર પર ચર્ચા કરવા આ મહિને વોશિંગ્ટન જશે.

પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન
લિફ્ટ્સ ની જોગવાઈ
નં. DRM/EL/BVP/2025-26/02 તારીખ: ૦૯/૦૫/૨૦૨૫; ડિવિઝનલ રેલવે મેનેજર (EL) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર આવકારે છે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે: અનુ. નં. (1) ઈ-ટેન્ડર નં. BVP-EL-P-04-2025-26; કામનું નામ: ભાવનગર ડિવિઝન:- સ્ટેશનો (અમૃત સ્ટેશન) ખાતે ૨૦ નંગ લિફ્ટ્સ ની જોગવાઈ. ટેન્ડર મૂલ્ય: ₹ ૩૯૯૧૬૨૧૬; ઈએમડી: ₹ ૩૪૯૬૦૦; બિડીંગ પ્રારંભની તારીખ: તા. ૧૯/૦૫/૨૦૨૫; બિડીંગ બંધ થવાની તારીખ: તા. ૦૨/૦૬/૨૦૨૫; વધુ વિગતો માટે કૃપા કરીને www.ireps.gov.in પર લૉગ ઇન કરો. BVP - 023
અમને લાઇક કરો: facebook.com/WesternRly

### સંગ્રહ કરનાર સામે કાર્યવાહી કરાશે

# લોકો ચીજવસ્તુઓનો સંગ્રહ ના કરે, દેશમાં પુરતો ભંડાર છે: ખાદ્યમંત્રી

## દેશમાં જરુરી ચીજવસ્તુઓની કોઈ કમી નથી અને કોઈએ પણ આવી અફવાઓ પર ધ્યાન આપવું જોઈએ નહીં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

કેન્દ્રીય ખાદ્ય મંત્રી પ્રહલાદ જોશીએ પાકિસ્તાન સાથે વધી રહેલા તણાવની વચ્ચે ગુરુવારે લોકોને જરુરી ચીજવસ્તુઓનો સંગ્રહ કરવા સંબંધિત અફવાઓ પર ધ્યાન નહીં આપવા વિનંતી કરી છે.

આ સાથે ખાદ્યમંત્રીએ કહ્યું કે, દેશની પાસે તમામ જરુરી ચીજવસ્તુઓના પુરતાથી વધુ ભંડાર છે. કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટ કરીને કહ્યું કે, દેશના કેટલાક ભાગોમાં અફવા ફેલાવવામાં આવી રહી છે, જેનાથી પ્રભાવિત થઈને લોકો જરુરી ખાદ્ય પદાર્થો અને રોજિંદી જરુરિયાતવાળી અન્ય ચીજવસ્તુઓ એકત્ર કરવામાં લાગી ગયા છે. ખાદ્યમંત્રીએ સંગ્રહની જરુરિયાતને લઈને સ્પષ્ટ શબ્દોમાં



કહ્યું કે, આપણી પાસે દેશભરમાં દરેક ચીજનો પુરતો ભંડાર છે. આપણા ભંડાર જરુરિયાતથી અનેક ઘણા વધુ છે અને દેશના કોઈ પણ ભાગમાં લોકોએ બજાર તરફ ભાગવાનું કોઈ કારણ નથી.

દેશમાં જરુરી ચીજવસ્તુઓની કોઈ કમી નથી અને કોઈએ પણ આવી અફવાઓ પર ધ્યાન આપવું જોઈએ નહીં.ભારત અને પાકિસ્તાનની વચ્ચેના તણાવને જોતા, કેટલાક રાજ્યોએ શાળાઓ બંધ કરવા, સરહદી જિલ્લાઓમાં બ્લેકઆઉટ અને પોલીસ તથા વહીવટીતંત્રના અધિકારીઓની રજાઓ રદ કરવાની જાહેરાત કરી છે.

ભારત-પાકિસ્તાન સરહદ પર તાજેતરના તણાવ અને ડ્રોન હુમલાઓ પછી દેશના કેટલાક ભાગોમાં ઈંધણ (પેટ્રોલ-ડીઝલ-ગેસ વગેરે)ને લઈને ગભરાટ જોવા મળી છે. આ બાબતને લઈને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન અને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ જેવી પ્રમુખ ઓઈલ કંપનીઓએ લોકોને ભરોસો આપ્યો છે કે દેશમાં પેટ્રોલ, ડીઝલ, સીએનજી અને એલપીજીનો પુરતો ભંડાર છે. ગભરાઈને ખરીદી કરવાની કોઈ જરુરિયાત નથી. આ બંને ઓઈલ કંપનીઓએ લોકોને શાંતિ જાળવી રાખવા, બિનજરુરી ભીડથી દૂર રહેવા વિનંતી કરી છે અને કહ્યું કે તમામ ફ્યુલ સ્ટેશન(પેટ્રોલ પંપ) અને એલપીજી ડિસ્ટ્રીબ્યુટર સામાન્ય રીતથી કાર્ય કરી રહ્યા છે. આપણા દેશમાં પેટ્રોલ, ડીઝલ, સીએનજી અને એલપીજીની કોઈ કમી નથી.ખાદ્યમંત્રી પ્રહલાદ જોશીએ કહ્યું કે આપણી પાસે પુરતા ખાદ્ય ભંડાર છે, જે આવશ્યક માપદંડો કરતા વધુ છે. એવા મેસેજો પર ધ્યાન આપો નહીં. જરુરી વસ્તુઓના વ્યાપારમાં સામેલ વેપારીઓ, જથ્થાબંધ વિક્રેતાઓ, સ્થાનિક વિક્રેતા અને વ્યાવસાયિક સંસ્થાઓને કાયદા નિયમન એજન્સીઓની સાથે સહયોગ કરવા માટે સૂચના આપવામાં આવે છે. સંગ્રહ કે ભંડારણમાં સામેલ કોઈ પણ વ્યક્તિ પર કાયદાની કલમ હેઠળ કેસ ચલાવવામાં આવશે.

## ન્યાયાધીશ વર્માનો રાજીનામાનો ઇન્કાર, મહાભિયોગની શક્યતા



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

કેશ કાંડમાં સમિતિના રિપોર્ટના આધારે સીજેઆઈ સંજીવ ખન્નાએ ન્યાયાધીશ વર્માને રાજીનામુ આપવા અથવા તો સ્વૈચ્છિક નિવૃત્તિનું સૂચન કર્યુ હતું, પરંતુ ન્યાયાધીશ વર્માએ બંને વાત ફગાવી દઈને હોદ્દા પર રહેવાનો નિર્ણય લીધો. તેના લીધે આ બાબત વધુ ગંભીર બની ગઈ. સુપ્રીમની સમિતિએ રોકડ જપ્તીના કેસમાં જસ્ટિસ વર્મા પર આરોપ લગાવ્યો છે. આના પગલે સીજેઆઈ સંજીવ ખન્નાએ દિલ્હી સ્થિત સરકારી મકાનમાંથી રોકડ મળવાના કેસમાં રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનને મહત્ત્વનો પત્ર લખ્યો છે. પત્રની સાથે દિલ્હી હાઈકોર્ટે તત્કાલીન અને અલ્હાબાદ હાઈકોર્ટના વર્તમાન જજ યશવંત વર્મા સામે આરોપની તપાસ કરનારી ત્રણ સભ્યોની તપાસ સમિતિનો રિપોર્ટ તથા ન્યાયાધીશ વર્માનો જવાબ બંને જોડવામાં આવ્યા છે. આ પત્રને ઈન-હાઉસ પ્રોસીજર હેઠળ મોકલવામાં આવ્યો છે.આ અંગે માનવામાં આવે છે કે ચીફ જસ્ટિસે અલ્હાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ યશવંત વર્મા સામે મહાભિયોગ લાવવાની ભલામણ કેન્દ્રને કરી છે. ન્યાયાધીશને રાજીનામુ આપવાની સલાહ આપવામાં આવી હતી અને તેનું પાલન ન કરવામાં ન આવે તો મુખ્ય ન્યાયાધીશ રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનને મહાભિયોગ ચલાવવા પત્ર લખે છે.હવે સંસદ ન્યાયાધીશ વર્મા પરના મહાભિયોગ અંગે નિર્ણય લેશે. હવે જો કેન્દ્ર સરકાર ઈચ્છે તો ન્યાયાધીશ વર્મા સામે મહાભિયોગની પ્રક્રિયા શરૂ કરી શકે છે. આ એક બંધારણીય પ્રક્રિયા છે અને તેના માટે સંસદના બંને ગૃહોમાં બે તૃતિયાંશ બહુમતીની જરૂર પડે છે.સૂત્રોએ જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટે નીમેલી પેનલે પોતાના રિપોર્ટમાં ન્યાયાધીશ વર્માને ત્યાંથી રોકડ મળી આવી હોવાના વાતને સમર્થન આપ્યું છે. ત્રણ સભ્યોની પેનલમાં પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ શીલ નાગૂ, હિમાચલ પ્રદેશ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ જી એસ સંધાવાલિયા અને કર્ણાટક હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ અનુ શિવરામન સામલ હતા.

# રોહિત બાદ વિરાટ કોહલીની પણ ટેસ્ટ ક્રિકેટમાંથી સંન્યાસ લઈ લેવાની ઈચ્છા

## ૩૮ વર્ષીય રોહિત શર્માએ ગયા વર્ષે વેસ્ટ ઈન્ડિઝમાં ટીર૦ વર્લ્ડ કપ જીત્યા બાદ ટીર૦ ફોર્મેટમાંથી નિવૃત્તિ લીધી હતી

। (એજન્સી) મુંબઈ, તા.૧૦ ।

ભારતીય ટીમ આવતા મહિને ૫ મેચની ટેસ્ટ સીરિઝ માટે ઈંગ્લેન્ડના પ્રવાસે જવાનું છે. આ પ્રવાસ પહેલા કેપ્ટન રોહિત શર્માના અચાનક ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. આ દરમિયાન વિરાટ કોહલી અંગે એક ચોંકાવનારો અહેવાલ સામે આવ્યા છે.

અહેવાલો અનુસાર, વિરાટ કોહલીએ પણ ઈંગ્લેન્ડ પ્રવાસ પહેલા ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની ઈચ્છા કરી છે. તેમણે આ અંગે BCCIને પણ જાણ કરી દીધી છે. જો કે, બીસીસીઆઈના અધિકારીઓએ તેમને આ નિર્ણય પર પુનર્વિચાર કરવા અપીલ કરી છે. સૂત્રોના જણાવ્યાનુસાર, વિરાટ કોહલીએ પોતાનું મન બનાવી લીધું છે અને બીસીસીઆઈને જાણ કરી દીધી છે કે તે ટેસ્ટ ક્રિકેટમાંથી સંન્યાસ લઈ રહ્યા છે. પરંતુ



બીસીસીઆઈએ તેને ઈંગ્લેન્ડમાં ટેસ્ટ સીરિઝના કારણે પુનર્વિચાર કરવા અપીલ કરી છે. તેમણે હજુ સુધી અપીલનો જવાબ આપ્યો નથી.' વિરાટ કોહલી પહેલા હિટમેન રોહિત શર્માએ બુધવારે (સાતમી મે) ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. સાતમી મેના રોજ તેણે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી શેર કરી અને લાલ બોલ ક્રિકેટને અલવિદા કહ્યું છે. જોકે, તે વન-ડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં મેચ રમવાનું ચાલુ રાખશે. ૩૮ વર્ષીય રોહિત શર્માએ ગયા વર્ષે વેસ્ટ ઈન્ડિઝમાં ટી૨૦ વર્લ્ડ કપ જીત્યા બાદ ટી૨૦ ફોર્મેટમાંથી નિવૃત્તિ લીધી હતી.ઉલ્લેખનીય છે કે, રોહિતની જેમ, કોહલીએ પણ ૨૦૨૪ માં T20 વર્લ્ડ કપ જીત્યા પછી ક્રિકેટના સૌથી ટૂંકા ફોર્મેટને અલવિદા કહ્યું. આવી સ્થિતિમાં, ક્રિકેટ ચાહકો RKOO (રોહિત અને કોહલી)ની જોડીને ODIમાં રમતા જોશે. તે બંને હાલમાં IPL ક્રિકેટમાં રમતા જોવા મળ્યા હતા. જે ભારત-પાકિસ્તાન તણાવને કારણે હાલ પૂરતું મુલતવી રાખવામાં આવ્યું હતું.

### ચીની શસ્ત્રોથી છેતરાયું પાકિસ્તાન

# ચીનમાં બનેલી વસ્તુઓ ભારત સામે સાબિત થઈ બિનઅસરકારક

## ચીન પાસેથી પાકિસ્તાને આવી ૨૪૦ મિસાઇલો ખરીદી હતી, જે સંપૂર્ણપણે બિનઅસરકારક સાબિત થઇ હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચેનો તણાવ હવે ચરમસીમાએ છે. ભારતીય સેના પાકિસ્તાનના હુમલાઓનો સતત જવાબ આપી રહી છે.

"ઓપરેશન સિંદૂર" પછી પાકિસ્તાન ભારતીય લશ્કરી ઠેકાણાઓ પર મિસાઈલ હુમલા કરી રહ્યું છે. પરંતુ આપણી મિસાઈલ સંરક્ષણ પ્રણાલી તેની યોજનાઓને નિષ્ફળ બનાવી રહી છે. આવી સ્થિતિમાં પાકિસ્તાને કરેલા ચીની સામાનનો ઉપયોગ સંપૂર્ણપણે બિનઅસરકારક સાબિત થયો છે. પાકિસ્તાને બુધવાર અને ગુરુવારે ભારત પર મિસાઈલો અને ડ્રોનથી હુમલો કર્યો. પાકિસ્તાને ભારત પર PL-15E ફાયર કર્યું. જે હવામાં નાશ કરાયુ હતુ. આ મિસાઈલ પંજાબના હોશિયાર પુરના એક ગામમાં પડેલી મળી આવી હતી. ચીન પાસેથી પાકિસ્તાને આવી ૨૪૦ મિસાઈલો ખરીદી હતી. જે સંપૂર્ણપણે બિનઅસરકારક સાબિત થઈ હતી. પાકિસ્તાને પણ CH-4 ડ્રોનથી ભારત પર હુમલો કર્યો હતો. પાકિસ્તાને આ ડ્રોન ચીન પાસેથી ખરીદ્યું હતું. પાકિસ્તાન પાસે આવા ૧૫ ડ્રોન છે. જોકે, તેના ઉપયોગની હજુ સુધી પુષ્ટિ થઈ નથી. આ ઉપરાંત, પાકિસ્તાન પાસે ચીન પાસેથી મળેલી હવાઈ સંરક્ષણ પ્રણાલી HQ-9P છે. ભારતે ગુરુવારે સવારે ડ્રોનથી હુમલો કરીને લાહોરમાં તૈનાત આ સંરક્ષણ પ્રણાલીનો નાશ કર્યો.

### MEAનો મોટો ખુલાસો

# હથિયાર વગરના ડ્રોન મોકલવા પાછળ પાકિસ્તાનનું હેતુ મોટું ષડયંત્ર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

વિદેશ મંત્રાલયે શુક્રવારે જણાવ્યું કે, પાકિસ્તાન કાલે રાતે ૮ મેના રોજ ભારતના સુરક્ષા ઠેકાણાની જાણકારી માટે મિસાઈલ અને ડ્રોન છોડ્યા હતા. આ હુમલામાં પાકિસ્તાને સંભવતઃ તુર્કી ડ્રોનનો ઉપયોગ કર્યો હતો. શુક્રવાર પ્રેસ કોન્ફરન્સમાં વિદેશ મંત્રાલયે આ જાણકારી આપી હતી. વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, ૮ મેના રોજ ભારતીય શહેરો પર થયેલા હુમલામાં પાકિસ્તાન સેનાએ સંભવતઃ તુર્કી નિર્મિત ડ્રોનનો ઉપયોગ કર્યો. ડ્રોનના ભંગારની પ્રાથમિક તપાસથી માલુમ પડે છે કે, ડ્રોન તુર્કીના 'Assisguard Songar' મોડલના હતા, જેને સામાન્ય રીતે જાણકારી ભેગી કરવા અને હુમલો કરવા માટે ઉપયોગમાં લેવાય છે. વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહે જણાવ્યું કે, ૮ અને ૯ મે દરમિયાન રાતે પાકિસ્તાનની સેનાએ સંપૂર્ણ પશ્ચિમ સરહદી વિસ્તારમાં ભારતીય હવાઈ વિસ્તારમાં ઘણીવાર ઉલ્લંઘન કર્યું, જેનો હેતુ સૈન્ય માળખાને નુકસાન પહોંચાડવાનો હતો. તેણે એ પણ કહ્યું કે, પાકિસ્તાની સેનાએ નિયંત્રણ રેખા (LoC) પર ભારે કેલિબર હથિયારોથી ફાયરિંગ પણ કર્યું. તેની સાથે જ સીમા પર મોટી સંખ્યામાં ડ્રોન ઘૂષણખોરીનો પ્રયત્ન કરવામાં આવ્યો તેણે આંતરરાષ્ટ્રીય સીમા પર નિયંત્રણ રેખા પર લેહથી લઈને સિર ક્રીક સુધી ૩૬ સ્થળે આશરે ૩૦૦ થી ૪૦૦ ડ્રોન સાથે ઘૂષણખોરી કરવાનો પ્રયત્ન કર્યો. આ હુમલાનો હેતુ ભારતીય એર ડિફેન્સ સિસ્ટમની ક્ષમતાની તપાસ કરવી અને ગુપ્ત જાણકારી ભેગી કરવાનો હતો. પાકિસ્તાન તરફથી ડ્રોન મોકલવાનો હેતુ લોકોમાં ભય ફેલવવાનો હોઈ શકે છે. સાથે જ ભારતીય સૈન્ય ઠેકાણાઓ વિશે જાણકારી ભેગી કરવાનો હોઈ શકે છે. તેમાંથી મોટા ભાગના ડ્રોન હથિયારોથી સજ્જ હતા. તેઓએ જણાવ્યું કે, સ્થિતિ એ સમયે વધુ ગંભીર થઈ ગઈ જ્યારે પાકિસ્તાનનું એક સશસ્ત્ર UAV (ડ્રોન) બઠિંડાના સૈન્ય સ્ટેશનને ટાર્ગેટ કરવાનો પ્રયત્ન કરી રહ્યું હતું.

## વિશેષ

### ૧૦૮એમ્બ્યુલન્સનું સૈન્ય થયું સશક્ત

# આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશ પટેલની સૂચનાને પગલે રાજ્યની ૫૪૨ એમ્બ્યુલન્સનું સંચાલન ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા કરવાનો નિર્દેશ જાહેર કરાયો

## હવે ૧૦૮ એમ્બ્યુલન્સની સેવાહેઠળ રાજ્યમાં કુલ ૧૪૯૯ એમ્બ્યુલન્સ આકસ્મિક પરિસ્થિતિમાં પ્રજાજનોની પડખે રહેશે

। (માહિતી) અમદાવાદ ।

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા રાજ્યના પ્રજાજનો માટેની આકસ્મિક મેડિકલ સેવાઓ વધું સુદ્રઢ બનાવવા મહત્વપૂર્ણ નિર્ણય કરાયો છે.

આરોગ્ય મંત્રીશ્રીની સૂચનાને પગલે રાજ્યના સામુહિક આરોગ્ય કેન્દ્રથી લઈ મેડિકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટ્લ હસ્તકની સામાન્ય એમ્બ્યુલન્સ પૈકીની ૫૪૨ જેટલી એમ્બ્યુલન્સને ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા દ્વારા સંચાલન કરવાનો નિર્દેશ જાહેર કરાયો છે.

દર્દીઓને એક હોસ્પિટલથી બીજી હોસ્પિટલ (ઈન્ટર-ફેસિલીટી ટ્રાન્સફર-IFT) ખાતે રેફરલ કરવા તેમજ નજીકના ઈમરજન્સી કેસમાં મદદ કરવા માટે આ તમામ નવીન ૫૪૨ એમ્બ્યુલન્સનો ૧૦૮ સેવા દ્વારા સંચાલન થશે.

જેમાં રાજ્યના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ૧૧૮, સામુહિક આરોગ્ય કેન્દ્રની ૩૧૦, સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલની ૫૯, ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલની ૩૧ અને મેડિકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટલની ૨૧ મળીને કુલ ૫૪૨ જેટલી નવીન એમ્બ્યુલન્સ હવે ૧૦૮ સેન્ટર દ્વારા કાર્યાન્વિત થશે.

અત્રે નોંધનીય બાબત એ છે કે, રાજ્યમાં ૧૦૮ એમ્બ્યુલન્સની સેવા હેઠળ કુલ 800 ALS/BLS એમ્બ્યુલન્સ અને ૩૮ આઈ.સી.યુ. ઓન વ્હીલ્સ ઓન રોડ કાર્યરત છે. આ વર્ષમાં નવીન ૧૧૯ જેટલી ૧૦૮ એમ્બુલન્સનો ઉમેરો થતા કુલ ૯૫૭ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ પ્રજાજનોની સેવામાં સમર્પિત થશે.

વધુમાં આ ૫૪૨ એમ્બ્યુલન્સનું પીઠબળ પણ ૧૦૮ને મળતા હવે રાજ્યમાં કુલ ૧૪૯૯ જેટલી એમ્બ્યુલન્સ પ્રજાજનોની સેવામાં આકસ્મિક પરિસ્થિતિમાં સેવારત થશે.

રાજ્યમાં ૫૪૨ એમ્બ્યુલન્સને લોકોની સારવાર માટે મુકવાથી ફાયદા:

રાજ્યમાં ૧૦૮સેવા દ્વારા છેલ્લા બે વર્ષમાં ૨૮,૬૯,૧૧૫ જેટલા લોકોને મેડીકલ સેવાઓ પુરી પાડેલ છે. જેમાં હવે રાજ્યમાં ૫૪૨ એમ્બ્યુલન્સોનો ઉમેરો થતાં કુલ ૧૪૯૯ એમ્બ્યુલન્સ મેડિકલ ઈમરજન્સીને વધુ સુદ્રઢ બનાવવા કાર્યક્ષમ સાબિત થશે.

ઈમરજન્સી કેસ આંતર-સુવિધા ટ્રાન્સફરના હાલના રોજીંદા ૩૫૦ થી ૪૦૦ જેટલા કેસોનું કાર્યભારણ રહે છે. હાલમાં રિસ્પોન્સ ટાઈમ રૂરલ એરીયામાં ૨૧.૦૪મિનીટ અને અર્બન માં ૧૧.૨૬



મિનીટ છે. જેમાં ૫૪૨ એમ્બ્યુલન્સના કાફલો ઉમેરાતા ગુજરાત રાજ્યના હાલના સરેરાશ ૧૬.૫ મિનીટના રિસ્પોન્સ ટાઈમને ઘટાડી સરેરાશ ૧૦.૦૦ મિનિટ જેટલો રિસ્પોન્સ ટાઈમ સિદ્ધ કરવાનો લક્ષ્યાંક છે. સ્માર્ટ રેફરલ સિસ્ટમ (SRS) થકી ઈન્ટીગ્રેશન કરી તમામ ગંભીર દર્દીઓના પરિવહન/આંતરપરિવહનનું યોગ્ય ટ્રેકિંગ થઈ શકશે અને યોગ્ય સમયે યોગ્ય દર્દીને યોગ્ય હોસ્પિટલ ખાતે પહોંચાડવાની સક્ષમ વ્યવસ્થા સુનિશ્ચિત થશે.

૫૪૨ એમ્બ્યુલન્સોની સેવાઓ હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ હતી જેને ૧૦૮ મારફત સેવામાં મુકવાથી વાહન સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ કરી મહત્તમ ઉપયોગ કરી શકાશે, જેનાથી સામાન્ય/ગંભીર ઈમરજન્સી તેમજ હોસ્પિટલથી અન્ય હોસ્પિટલ ખાતે દર્દીની રેફરલ સુવિધા બંને પ્રકારની જરૂરિયાતો માટે એમ્બ્યુલન્સ-વાહનો સહેલાઈથી લોકોને ઉપલબ્ધ થશે.

૫૪૨ એમ્બ્યુલન્સોમાં પ્રિહોસ્પિટલ કેર માટે એક સમાન SOPs પ્રોટોકોલ મુજબ એકસમાન દવાઓ, વપરાશની વસ્તુઓ, તાલીમબધ્ધ કર્મચારીઓ અને મેડિકલ સાધનો સાથેની એક સમાન વ્યવસ્થા તમામ એમ્બ્યુલન્સોમાં ગંભીર દર્દીને હોસ્પિટલ ખાતેથી આંતર-સુવિધા ટ્રાન્સફર તેમજ ઘટના સ્થળેથી હોસ્પિટલ પરિવહન દરમિયાન સાતત્યપૂર્ણ અને ઉચ્ચ-ગુણવત્તાવાળી સંભાળ સુનિશ્ચિત કરશે.

દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારોમાં ઈમરજન્સી સેવા માટે એમ્બ્યુલન્સની ઉપલબ્ધતા વધવા પામશે અને ગ્રામીણ વિસ્તારમાં પણ ઝડપથી લોકોને એમ્બ્યુલન્સ ઉપલબ્ધ થશે. રીયલ-ટાઈમ ડેટા અને સંયુક્ત, સંકલિત વ્યાપક કામગીરી વિશ્લેષણ ભવિષ્યના સંસાધન ફાળવણી અને સિસ્ટમ સુધારણા માટે નિર્ણય લેવામાં સક્ષમ બનાવશે. અને તમામ એમ્બ્યુલન્સોને રીઅલ-ટાઈમ લોકેશન મુવમેન્ટ મોનિટરિંગ માટે GPS ટ્રેકિંગ ઉપકરણોથી સજ્જ કરેલ હોવાથી કાર્યક્ષમતામાં સુધારો થશે.

હાલમાં ૧૦૮ સિસ્ટમનું સેન્ટ્રલાઈઝ કંટ્રોલ તથા સી.એમ ડેશબોર્ડ સાથે જોડાણ થયેલ છે જેથી ડિઝાસ્ટર કે અપેડેમિક જેવી ઘટનાઓમાં રાજ્ય કક્ષાએથી વધુ અસરકારક રીતે સંકલન સાથે અમલીકરણ કરી શકાય છે.

રાજ્યમાં દર્દીઓની સારવાર માટે ઉપયોગમાં લેવાતી એમ્બ્યુલન્સ સેવાઓમાં હવેથી તમામ પ્રકારની માહિતી એક જ સંસ્થા 108 EMRI GHS પાસેથી કયા પ્રકારના દર્દીઓને રીફર કરેલ તે અંગેની જાણકારી મળી રહેશે. રાજ્યમાં હાલની ૧૦૮ ઈમરજન્સી સેવાના પ્રોટોકોલ, તાલીમબધ્ધ, મેનપાવર, ઓપરેશનલ સંચાલનની કાર્યપ્રણાલી સાથે કુલ ૫૪૨ એમ્બ્યુલન્સને ૧૦૮ સેવા હેઠળની આ વ્યવસ્થાને ઓપરેશનલ કરવા રાજ્ય સરકારશ્રી દ્વારા વાર્ષિક ૧૦૪.૭૭ કરોડના બજેટનું આયોજન પણ કરવામાં આવેલ છે.

# કાશ્મીરથી ગુજરાત સુધી હુમલા ચાલુ એરપોર્ટ-એરબેઝને ટાર્ગેટ બનાવાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

ભારતીય સૈન્યએ એક જ દિવસમાં પાકિસ્તાનના સંખ્યાબંધ શહેરોમાં હાહાકાર મચાવ્યા પછી પણ પાકિસ્તાન સખણું રહેતું નથી. શુક્રવારે કાશ્મીરથી માંડીને ગુજરાત સુધી દેશના ૨૬ સ્થળે પાકિસ્તાને કરેલા ડ્રોન હુમલાને ભારતીય સેનાએ નિષ્ફળ બનાવ્યા હતા. શ્રીનગર એરપોર્ટ પર ડ્રોન હુમલાનો પ્રયાસ થયો હતો, પરંતુ ભારતની એર ડિફેન્સ સીસ્ટમે મોટાભાગના હુમલા નિષ્ફળ બનાવ્યા છે. તકેદારીના ભાગરૂપે ગુજરાતના ભૂજ ઉપરાંત પંજાબ, રાજસ્થાન અને જમ્મુ-કાશ્મીરના સરહદી વિસ્તારોમાં અંધારપટનો અમલ થઈ રહ્યો છે. ગુજરાતમાં ભૂજ, કુંવરબેટ અને લખીનાળા ખાતે પાકિસ્તાને ડ્રોન હુમલાકર્યા હતા. પાકિસ્તાને શ્રીનગર એરપોર્ટ પર ડ્રોન અને મિસાઈલથી હુમલાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. દક્ષિણ કાશ્મીરના અવંતીપુરા ખાતે મોટા ધડાકાના અવાજ સંભળાયા હતા. જમ્મુ શહેર અને ઉધમપુરમાં મોટા ધડાકા સંભળાયા હતા. પાકિસ્તાનના હુમલાથી જમ્મુ ઉપરાંત શ્રીનગરમાં ગભરાટ ફેલાયો હતો. શ્રીનગરની મસ્જિદોમાંથી લાઉડસ્પીકર પર અંધારપટના ચુસ્ત અમલ માટે અને મોબાઈલ ટોર્ચનો સુદ્ધાં ઉપયોગ નહીં કરવા માટે સૂચનાઓ અપાતી હતી. પંજાબના પઠાણકોટ, ફિરોઝપુર, અમૃતસર અને હોશિયારપુર જિલ્લામાં મોટા ધડાકાના અવાજો સંભળાયા હતા. જેથી હવાઈ હુમલાની સાઈરનો રણકી હતી અને ત્યારબાદ અંધારપટ લાગુ કરી દેવાયું છે. પાકિસ્તાને પોખરણમાં મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા હતા. સરહદ પર નાપાક હરકતો ચાલુ રહેતા રાજસ્થાનના સરહદી વિસ્તારો અને ગુજરાતના ભૂજ-કચ્છમાં અંધારપટ છે.ઈઝરાયેલ પર હુમલા દરમિયાન આતંકી સંગઠન હમાસ દ્વારા જે પ્રકારના હુમલા થતા હતા તેની નકલ પાકિસ્તાની સૈન્યે કરી છે. આ પ્રકારના હુમલામાં ડ્રોનની સાથે સંખ્યાબંધ દેશી બનાવટની મિસાઈલો અને દારૂગોળો ભરી દેવામાં આવે છે. ચારેય બાજુ મિસાઈલ પ્રહાર કરી એર ડિફેન્સ સિસ્ટમને થાપ આપવાનો પ્રયાસ થાય છે. ભારત દ્વારા પાકિસ્તાની ડ્રોનના કાટમાળનો અભ્યાસ શરૂ કરાયા છે, જેમાં આ ડ્રોન તુર્કીએના એસિસગાર્ડ સોનગર હોવાનું જાણવા મળ્યું છે. પાકિસ્તાને અંકુશ રેખા નજીકના તમામ વિસ્તારોમાં ડ્રોન હુમલા સઘન બનાવ્યા છે અને તેના કારણે ભારતમાં પણ કેટલાક મોત થયા છે. પાકિસ્તાને ભારત પર હુમલા કરતી વખતે સિવિલ એરસ્પેસ ચાલુ રાખી હતી અને સિવિલિયન ફ્લાઈટ્સને જોખમમાં મૂકી હતી. કુરેશીએ પાકિસ્તાનની નાલાયકીનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, પાકિસ્તાને ભારત પર ડ્રોન અને મિસાઈલ હુમલા કરતી વખતે સિવિલિયનનો ઢાલ તરીકે ઉપયોગ કર્યો હતો અને સિવિલ પ્લેનની આડમાં તૂર્કીએના ડ્રોન પાકિસ્તાન પહોંચાડી દેવાયા હતા. ભારતે સિવિલ એર ટ્રાફિક સદંતર બંધ કરી દીધો છે પરંતુ પાકિસ્તાને બદઈરાદાથી કરાચી અને લાહોરના રૂટ ચાલુ રાખ્યા છે.પાકિસ્તાન સાથે વધી રહેલા તણાવ વચ્ચે શુક્રવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સૈન્યના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ, નેશનલ સિક્યુરિટી એડવાઈઝર અજિત દોવાલ સૈન્યની ત્રણેય પાંખના વડા અને ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાન મોદી અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ શનિવારે પણ સૈન્યના ઉચ્ચ અધિકારીઓ સાથે એક બેઠક યોજી ભાવિ રણનીતિ અંગે ચર્ચા કરશે.

### ન્યૂઝ બ્રિફ

## બનાસકાંઠામાં વ્યકિતને મજૂર તરીકે રાખો તો પોલીસ-સ્ટેશન ખાતે તેની માહિતી આપવી જરૂરી

। (એજન્સી) બનાસકાંઠા, તા.૧૦ ।

જાહેર શાંતિ અને સલામતીના ભાગરૂપે બનાસકાંઠા જિલ્લા મેજિસ્ટ્રેટ મિહિર પટેલ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં કોઈ વ્યકિત દ્વારા કોઈપણ ઈસમને મજૂર તરીકે રાખવામાં આવે ત્યારે આવા ઈસમો અંગેની માહિતી તથા ફોટોગ્રાફ સાથે જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તેમ જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે. જેમાં જે તે માલિકે મજૂરનું નામ અને સરનામું, તેની સાથેના માણસની વિગત, જેને ત્યાં મજૂર કામ કરતા હોય તેમનું નામ અને સરનામું, બાહેંધરી, અગાઉ જ્યાં કામ કરતા હોય ત્યાંના માલિકનું નામ અને સરનામું, વતન અંગે માહિતી વગેરે માહિતી નજીકના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. આ જાહેરનામુ આગામી ૩૦ જૂન ૨૦૨૫ સુધી લાગુ રહેશે.

## ધોરાજીમાં ખેડૂતોને માવઠાએ રડાવ્યા, કેરીના પાકને થયું મોટું નુકસાન

। (એજન્સી) રાજકોટ, તા.૧૦ ।

રાજકોટ જિલ્લાનાં ધોરાજીમાં કમોસમી વરસાદ અને ભારે વાવાઝોડું ફૂંકાયું હતું. જેના કારણે સતત ૨થી ૩ વર્ષથી આવેલી કુદરતી આફતોના કારણે ખેડૂતોને ભારે નુકશાન ભોગવવાનો વારો આવ્યો છે. ધોરાજીમાં કમોસમી વરસાદ, ભારે પવન અને વાવાઝોડાના કારણે ૬૦% કેરીઓનો પાક ખરી ગયો છે ત્યારે ખરેલી કરી માર્કેટીંગ યાર્ડ કે વેપારીઓ? લેતાં નથી. આ ખરેલી કેરી ફક્ત અથાણાંમાં ઉપયોગ કરી શકાય હાલ કેરીનાં પાકને નુક્સાન થતાં ખેડૂતો મુંઝવણમાં મૂકાઈ ગયા છે છેલ્લા બે ત્રણ વર્ષથી કુદરતી આફતને કારણે ખેડૂતોને કેરીનાં પાકમાં નુકસાની વેઠવાનો વારો આવ્યો છે.

## જીરાના સતત ઘટતા ભાવને કારણે ખેડૂતોની વેચવાલી ઘટી

। (એજન્સી) ઊંઝા, તા.૧૦ ।

જીરાના સતત ઘટતા ભાવને કારણે ખેડૂતોની વેચવાલી પણ ઘટી છે. આ સપ્તાહ દરમિયાન ઊંઝા ગંજબજારમાં ૧૦ હજાર કરતા પણ ઓછી બોરીની આવક નોંધાઈ છે.સમગ્ર ગુજરાતની મળીને પણ દૈનિક ધોરણે ૨૦ હજાર બોરીની આવક થઈ રહી છે. છેલ્લા એક સપ્તાહથી જીરામાં સતત ઘટાડા સાથે વેપાર થઈ રહ્યો છે. એપ્રિલ મહિનાના પ્રથમ સપ્તાહમાં જીરાના વાયદામાં સુધારા સાથે રૂ.૨૫ હજારની સપાટીએ વેપાર થતો હતો. જ્યારે અત્યારે જીરાનો વાયદો ઘટીને રૂ.૨૧,૫૦૦ની સપાટીએ આવી ગયો છે. એક મહિના પહેલાં હાજર બજારમાં રૂ.૫ હજારની સપાટીની આસપાસ વેપાર થતો હતો. જ્યારે હાલ રૂ. ૪,૪૦૦ની આસપાસ જીરાના ભાવ ખેડૂતોને મળી રહ્યા છે. સૌથી મોટી ચિંતાની બાબત એ છે કે, જીરાની આવકો ઘટી હોવા છતાં મંદીનો માહોલ યથાવત રહ્યો છે.

### નિકોલમાં ગટરનાં પાણી નદીની જેમ વહ્યાં

## વરસાદ બંધ, છતાં પૂર્વમાં અનેક જગ્યાએ ગટરનાં પાણીની રેલમછેલ

### છઠ્ઠી મેનાં રોજ શહેરમા મીની વાવાઝોડુ ફૂંકાયુ હતુ અને રાત્રિનાં સમયે ભારે વરસાદ ખાબક્યો હતો



। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

શહેરમાં મીની વાવાઝોડા સાથે બે દિવસ સુધી વરસેલાં કમોસમી વરસાદનાં પાણી મોટાભાગનાં વિસ્તારોમાંથી તો ઉતરી ગયાં પરંતુ પૂર્વ પટ્ટામાં અમુક જગ્યાએ વરસાદી પાણી અને ગટરનાં પાણી મિક્સ થઇ નદીની જેમ વહી રહ્યાં હોવાની ફરિયાદોએ મ્યુનિ.સત્તાધીશોને નીચાજોણુ કરાવ્યું છે.પ્રાપ્ત માહિતી અનુસાર, છઠ્ઠી મેનાં રોજ શહેરમા મીની વાવાઝોડુ ફૂંકાયુ હતુ અને રાત્રિનાં સમયે ભારે વરસાદ ખાબક્યો હતો. ત્યારબાદ સાતમી મેનાં રોજ પણ બપોર સુધી હળવો ભારે વરસાદ ચાલુ રહ્યો હતો. તેમાં સૈજપુર ગરનાળામાં દર વર્ષે ભારે વરસાદ પડે એટલે પાણી ભરાઇ જતાં હોય છે તેવી જ રીતે કમોસમી વરસાદમાં પણ પાણી ભરાઇ ગયાં હતા. જે ૯મીએ સવાર સુધી ઉતર્યા નહિ હોવાની ફરિયાદ મ્યુનિ.સત્તાધીશોનાં કાન સુધી પહોંચ્યા બાદ ઇજનેર ખાતાએ દોડધામ કરીને હેવીડ્યુટી પંપો મંગાવી સૈજપુર ગરનાળામાં ભરાયેલાં વરસાદી પાણીનો ગટરમાં નિકાલ કરાવ્યો ત્યારબાદ વાહનવ્યવહાર શરૂ થઇ શક્યો હતો.તેવી જ રીતે પૂર્વમાં નિકોલનાં ગોપાલચોક અને અન્ય જગ્યાઓએ ગટરનાં પાણી રોડ ઉપર બેક મારતાં હોવાની સમસ્યાનો ઉકેલ લાવી દીધો હોવાનો દાવાનો છેદ કમોસમી વરસાદ સમયે ઉડી ગયો હતો.નિકોલનાં ગોપાલચોક, નિકોલ ગામ રોડ, ઠક્કરનગર, બદ્રીનારાયણ સોસાયટી ચાર રસ્તા અને કલ્યાણ ચોક સહિત અમુક જગ્યાએ વરસાદી પાણીનો નિકાલ થયો કે નહિ તે નાગરિકો સમજી શક્યા જ નહિ અને આ તમામ જગ્યાએ ઘૂંટણસમા પાણી ભરાયેલાં રહેવા પામ્યા છે. આ બાબતે સ્થાનિક અધિકારીએ સ્વીકાર્યુ હતું કે, નિકોલમાં ફરી ગટરનાં પાણી બેક મારવાનાં કારણે રોડ ઉપર નદી વહેતી થઈ હોય તેવા દ્રશ્યો સર્જાયા છે.

### પોલીસ પર જીવલેણ હુમલાની કલમ હેઠળ આરોપીની ધરપકડ કરી

## પોલીસે પકડેલા યુવકે કોન્સ્ટેબલના નાક પર બચકું ભરીને કાપી નાખ્યું

### માતાએ રૂપિયા આપવાની ના પાડતા મારામારી કરીને ઘરમાં ટીવી સહિતની ચીજવસ્તુની તોડફોડ કરી ગળામાં કાચ મારતા માતા લોહી લુહાણ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

નરોડામાં સંયુક્ત પરિવારમાં રહેતા શ્રમજીવી પરિવારના દીકરાએ માતા પાસે રૂપિયાની માગણી કરી પરંતુ રૂપિયા આપવાનો માતાએ ઈનકાર કરતા દીકરાએ ઘરમાં તોડફોડ કરીને માતાના ગળે કાચ મારી દીધો હતો. બાદમાં માતાએ પોલીસને જાણ કરતા નરોડા પોલીસ ઘટના સ્થળે પહોંચી ત્યારે દીકરાએ પોલીસથી બચવા આત્મહત્યા કરવાનું તરકટ રચીને પોતાના હાથ પર બ્લેડના ઘા માર્યા હતા. પોલીસે મહામુસીબતે આરોપીને પોલીસ વાહનમાં બેસાડ્યો ત્યારે આરોપીએ હેડકોન્સ્ટેબલના નાકે બચકું ભરીને નાક કાપી લીધું હતું. આ મામલે નરોડા પોલીસે આરોપી અનિલ ઉર્ફે ગેપો ગોહિલની ધરપકડ કરી છે.મૂળ રાજસ્થાનના વતની અને હાલ નરોડામાં એક મહિલા તેના પતિ અને ચાર બાળકો સાથે રહે છે.

મહિલા અને તેનો પતિ છૂટક મજૂરી કામ કરે છે. મોટા દીકરાએ માતા પાસે ઉછીના રૂપિયા માગ્યા હતા પરંતુ માતાએ ઈનકાર કરતા બંને વચ્ચે તકરાર થઈ અને દીકરાએ માતાને કાચના ટુકડા વડે ગળામાં ઘા માયો હતો. માતાએ પોલીસને જાણ કરતા નરોડા પોલીસ ઘટના સ્થળે આવતા પોલીસથી બચવા આરોપી અનિલ ઉર્ફે ગેપો ગોહિલે નાટક કરવાનું શરૂ કર્યુ અને પોતાની જાતને બ્લેડના ઘા મારીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. બાદમાં પોલીસે શાંતિથી સમજવાનો પ્રયાસ કર્યો પરંતુ આરોપી નહીં માનતા પોલીસે સ્થાનિકોની મદદ લઈને અનિલને પોલીસ ગાડીમાં બેસાડીને પોલીસ સ્ટેશન લઈને જતા હતા. આ દરમિયાન અનિલે નરોડા પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા વિજય પટણીના નાકે બચકું ભરીને ખેંચી લેતા પોલીસકર્મીનું નાક કપાઈને જમીન પર પડી ગયું હતું. આ મામલાની ગંભીરતાને જોતા અન્ય પોલીસકર્મીને બોલાવીને ઘાયલ પોલીસકર્મીને તાત્કલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બીજી તરફ આરોપી અનિલને નરોડા પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો. બાદમાં આરોપી અનિલ વિરુદ્ધ માતા અને પોલીસકર્મી પર જીવલેણ હુમલો કરવાની કલમ હેઠળ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી પોલીસે હાથ ધરી છે.

## સગર્ભા બનેલી શિક્ષિકાએ ગર્ભપાત કરવા પરવાનગી માંગી

### ગર્ભના જૈવિક પિતા ભોગ બનનાર સગીર વિદ્યાર્થી છે કે કેમ તે અંગે ડીએનએનો રિપોર્ટ કઢાવવાની તજવીજ પોલીસે હાથ ધરી છે

। (એજન્સી) સુરત, તા.૧૦ ।

ગર્ભપાત અધિનિયમ એક્ટની કલમ-૩ મુજબ શિક્ષિકાએ પાંચ મહીનાના ગર્ભ હોઈ ટર્મિનેટ કરવા કોર્ટમાં અરજી થતા સોમવારે સુનાવણીનો નિર્દેશ૧૩ વર્ષના સગીર વિદ્યાર્થીને ભગાડી જઈને સગીર સાથે શરીર સંબંધ બાંધીને સગર્ભા બનેલી તથા પોક્સો એક્ટના ભંગના ગુનામાં જેલવાસ ભોગવતી પુણાની ૨૩ વર્ષીય આરોપી શિક્ષિકાએ પાંચ માસના ગર્ભને ટર્મિનેટ કરવા માટે કોર્ટની પરવાનગી માંગી છે.જેથી કોર્ટે તપાસ અધિકારીને નોટીસ ઈસ્યુ કરી વધુ સુનાવણી આગામી સોમવારે હાથ ધરવા નિર્દેશ આપ્યો છે.સુરતના પર્વત પાટીયા વિસ્તારમાં રહેતા તથા કરિયાણાના દુકાનદારના ૧૩ વર્ષના પુત્રને વાલીપણાના કબજામાંથી ભગાડી જઈને અલગ અલગ સ્થળોએ લઈ જઈને શરીર સંબંધ બાંધનાર ૨૩ વર્ષીય આરોપી શિક્ષિકાની પોક્સો એક્ટના ભંગ બદલ ધરપકડ કરી જેલકસ્ટડીમાં મોકલી આપવામાં આવી છે.આરોપી શિક્ષિકાના રિમાન્ડ દરમિયાન ઘટસ્ફોટ થવા પામ્યો હતો કે આરોપી સગીર વિદ્યાર્થીની સાથે બાંધેલા શરીર સંબંધના પગલે પાંચ મહીનાનો ગર્ભ રહી ગયો છે.જો કે ગર્ભના જૈવિક પિતા ભોગ બનનાર સગીર વિદ્યાર્થી છે કે કેમ તે અંગે ડીએનએનો રિપોર્ટ કઢાવવાની તજવીજ પોલીસે હાથ ધરી છે.જે દરમિયાન જેલવાસ ભોગવતા આરોપી શિક્ષિકાએ વાજીદ શેખ મારફતે પોતાના પાંચ માસના ગર્ભને ટર્મિનેટ કરવા માટે ગર્ભપાત અધિનિયમની કલમ-૩ મુજબ કોર્ટની પરવાનગી માંગતી અરજી દાખલ કરી છે.જેમાં જણાવ્યું હતું કે તો ગર્ભપાત કરવામાં ન આવે તો અરજદાર તથા આવનાર બાળક માટે સ્વાસ્થ્ય માટે જોખમરૃપ સાબિત થાય તેમ છે. વધુમાં બાળક જન્મ લેશે તો તેનું ભરણ પોષણ કોણ કરશે? ફરિયાદ મુજબ બાળકના પિતાની વય ૧૩વર્ષની અ છે એટલે જન્મ લેવાવાળા બાળકની સ્વીકાર્યતા નથી. તબીબી રિપોર્ટ મુજબ આરોપીની શરીરમાં લોહીની કમી હોવાના લીધે બાળક કુપોષિત અને એબનોર્મલ હોવાની સંભાવના છે.આરોપીનો ગર્ભ પોલીસના કહેવા મુજબ ૨૦ અઠવાડીયાનો નથી. પરંતુ પાંચ માસનો ગર્ભ છે.જેથી તબીબી રિપોર્ટ મુજબ ગર્ભપાત કરાવવો જરૃરી હોઈ કોર્ટની પરવાનગી માંગી છે.અલબત્ત કોર્ટે તપાસ અધિકારીને નોટીસ ઈસ્યુ કરીને વધુ સુનાવણી સોમવાર સુધી મુલત્વી રાખી છે.

## પશ્ચિમ રેલવેની રાજકોટ-ભુજ અને ગાંધીધામ-જોધપુર એક્સપ્રેસ રદ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ મંડળથી રવાના થતી કેટલીક ટ્રેનો રદ કરવાની જાહેરાત કરવામાં આવી છે. હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આગામી દિવસોમાં રેલવે સ્ટેશન પર પણ સલામતીના વિશેષ પગલાં લેવામાં આવી રહ્યા છે. પશ્ચિમ રેલવેની આગામી ૧૦મીના રોજ દોડનારી ટ્રેનનં.૦૯૪૪૬-૦૯૪૪૫ ભુજ-રાજકોટ-ભુજ વિશેષ ટ્રેન રદ કરવામાં આવી છે. તા.૯મીના રોજ અમદાવાદ-ભુજ વચ્ચેની નમો રેપિડ રેલ ટ્રેનનં. ૯૪૮૦૧ પણ રદ કરવામાં આવી છે. ૧૦મીના રોજ ટ્રેનનં. ૨૨૪૮૪ ગાંધીધામ-જોધપુર એક્સપ્રેસ પણ રદ કરવામાં આવી છે. મુસાફરોના ધસારા અને માંગણીને ધ્યાનમાં રાખીને મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસમાં વધારાનો કોચ જોડવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ચંદીગઢ એરપોર્ટ બંધ કરવાના કારણે ફસાયેલા મુસાફરોને પરત જવા માટે રેલવે દ્વારા ખાસ ટ્રેનો દોડાવવાની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત આગામી દિવસોમાં ભારત-પાકિસ્તાન વચ્ચેની કોઈપણ પ્રકારની પરિસ્થિતિ ઉભી થાય તેને પહોંચી વળવા માટે રેલવે તમામ રીતે તૈયાર હોવાની જાહેરાત કરવામાં આવી છે.

## પોલીસ ભરતી માટેનું કેલેન્ડર દર વર્ષે બહાર પાડવા હાઇકોર્ટનું સરકારને સૂચન

### પોલીસમાં સીધી ભરતી સમયસર નહીં થાય તો પ્રમોશનલ ભરતીમાં પણ યોગ્ય ઉમેદવાર નહીં મળે હાઇકોર્ટની ટકોર

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

રાજ્યમાં પોલીસ વિભાગમાં ખાલી જગ્યાઓ ભરવાના મુદ્દે ચાલી રહેલાં કેસમાં હાઈકોર્ટની ચીફ જસ્ટિસની ખંડપીઠે રાજ્ય સરકારને સૂચન કર્યું છે કે દર વર્ષે પોલીસ ભરતી માટેનું કેલેન્ડર બહાર પાડવામાં આવે. કોર્ટે એવી ટકોર પણ કરી છે કે જો પોલીસ બેડામાં સીધી ભરતી સમયસર નહીં થાય તો પ્રમોશનલ ભરતીમાં પણ યોગ્ય ઉમેદવાર નહીં મળે અને વિલંબ થઇ શકે છે. હાઈકોર્ટમાં સરકારી વકીલે શુક્રવારે કોર્ટને જણાવ્યું હતું કે પોલીસ બેડામાં પ્રથમ તબક્કામાં ૧૧,૩૭૩ જગ્યાઓ ઉપર ભરતી પ્રક્રિયા ચાલી રહી છે. જેમાં PSI ની ફિઝિકલ ટેસ્ટનું પરિણામ ૧૭ ફેબ્રુઆરીએ જાહેર કરવામાં આવ્યું હતું. કોન્સ્ટેબલની ભરતીમાં ફિઝિકલ ટેસ્ટનું ૧૨ માર્ચે પરિણામ ઘોષિત થયું છે. જેની લેખિત પરીક્ષા છે, ૧૫ જૂને છે. PSI ની પરીક્ષામાં ૩૦મી એપ્રિલના રોજ પરિણામ જાહેર થયું હતું. હવે તેની ભરતી સબ્જેક્ટિવ પરીક્ષાના લેવલ ઉપર છે. છેલ્લા વર્ષમાં સપ્ટેમ્બરમાં ૪૮૦૦ જગ્યા પ્રમોશનલ પોસ્ટ ખાલી હતી. જે ગત ડિસેમ્બર મહિનામાં ૩૭૦૦ જગ્યાઓ ખાલી હતી. જાન્યુઆરી મહિનામાં ૭૦૦ જગ્યાઓ ખાલી હતી. છેલ્લા ત્રણ મહિનામાં ૨૩૭૦ પોલીસ કર્મીઓનું પ્રમોશન થયું છે. જ્યારે ૧૯૨૧ જગ્યાઓ ખાલી છે. જેથી હાઈકોર્ટે કહ્યું હતું કે જો સીધી ભરતી સમયસર થાય નહીં, તો પ્રમોશન માટે પણ યોગ્ય ઉમેદવાર મળી નહીં અને પ્રમોશનની ભરતીમાં પણ મોડું થઇ શકે છે. સરકારી વકીલે કહ્યું હતું કે રાજ્યમાં પાંચ પોલીસ ટ્રેનિંગ સેન્ટર છે અને બે નવા બની રહ્યા છે. તેની ૨૫૦૦ ની કેપેસિટી છે. જેમાં વધુ ૫૦૦ ની ક્ષમતાનો ઉમેરો થશે. નિર્માણાધિન પોલીસ ટ્રેનિંગ સેન્ટરના ફોટા કોર્ટ સમક્ષ મૂકવામાં આવ્યા હતાં હાઈકોર્ટે સરકારને પોલીસ બેડામાં સીધી ભરતીનું દર વર્ષે રેગ્યુલર કેલેન્ડર બહાર પાડવા સૂચન કર્યું હતું. હાઈકોર્ટે સરકારને પ્રગતિ અહેવાલ રજૂ કરવા સાથે વધુ સુનવણી વેકેશન બાદ ૨૫મી જુલાઈએ રાખી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ હાઈકોર્ટને જણાવવમાં આવ્યું હતું કે રાજ્યમાં પોલીસ બેડામાં ૨૫,૬૬૦ જેટલી ખાલી જગ્યાઓ ઉપર સીધી કરવામાં આવશે. જે પૈકી પહેલા તબક્કામાં ૧૧૦૦૦ કરતાં વધુ પોસ્ટ માટે ભરતી બહાર પાડવામાં આવેલી છે. તેમાં અત્યારે શારીરિક કસોટી પૂર્ણ થઈ ચૂકી છે. આ જગાયો માટે ૧૦ લાખ ઉમેદવાર નોંધાયા હતા. ૨૫,૬૬૦ પૈકી બાકીની ખાલી જગ્યાઓ ૧૪,૨૮૩ ઉપર બીજા તબક્કાની ભરતીની જાહેરાત ઓગસ્ટ અથવા સપ્ટેમ્બરમાં બહાર પડાશે.



